# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No.: 52 ❖ Issue : 06 ❖ Pages : 40 ❖ Mumbai ❖ June - 2024 ❖ Price : Rs.8/-



# સ્મરણાંજલી

જન્મ:
તા. ૨૬-૦૨-૧૯૫૨



અરિહંત શરણ :
તા. ૧૮-૬-૨૦૧૭

## સ્વ. શ્રીમતી રશ્મિબેન લલિતભાઈ રામાણી

દરિયાદિલી જેના શ્વાસોશ્વાસમાં હતી
પરોપકાર જેના પગલામાં હતો
કરૂણાં જેમના હૃદયમાં હતી
કોઈના સુખે સુખી અને કોઈના દુ:ખે દુ:ખી
એવો જેમનો જીવનમંત્ર હતો...
હે પરમકૃપાળુ પરમાત્મા આવા સરળ, પ્રેમાળ, મિલનસાર
આત્માને સાચી શાંતિ આપજો...

### પ્રેમાળ પરિવાર

લલિતભાઈ મુળજીભાઈ રામાણી
નિકુંજ-સોનલ, આશિષ-કિંજલ, કાજલ-મેહુલ
દર્શિત, હેતાંશ - હેનીલ,સાન્વી - વિરાલી, રાજવી
(મુળવતન લાખાપાદર)

### પિયર પરિવાર

સ્વ.શ્રી પોપટલાલ દુર્લભજી દોશી પરિવાર
(જૂનાગઢવાળા)

**નિવાસ સ્થાન :**
૩૧/એ, ધનલક્ષ્મી સોસાયટી, શ્રી સદન એપાર્ટમેન્ટ, ગોપાલ ટાવર સામે,
મણીનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮. ફોન : ૦૭૯-૨૫૪૬૫૨૨૦, ૯૮૨૫૨૫૪૯૦૦

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ**

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
**સમય :** બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
**E-Mail:**svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦**



**સમાજની કારોબારી સમિતિ**

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા ---------------------- પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરદાસ સાવડીયા--------------- ત.ભૂ.પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા ---------------------- ઉપપ્રમુખ
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા -------------- માનદ્મંત્રી
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી ----------- માનદ્મંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા ----------------- ખજાનચી
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર ------------મુખપત્ર તંત્રી
શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા ---------------------- સભ્ય
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી -------------------- સભ્ય
શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી ---------------------- સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા ------------------ સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા ---------------------- સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા --------------------- સભ્ય
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા ----------------------- સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા ----------------------- સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા-------------------- કો-ઓપ્ટ
શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા------------------- કો-ઓપ્ટ



**Bank Details**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker : Bank of Baroda, M.J. Market, Mumbai-400003.**
**S.B. A/C No. 03870100000044**
**IFSC : BARB0BULLIO (fifth digit will be numerical zero),**
**MICR : 400012047**

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Viren Vasa & Associates
Chartered Accountant, Mumbai

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-

મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪


# ગુરુનો મહિમા અપરંપાર

- મહેન્દ્ર પુનાતર

**ગુરુ વિના જ્ઞાન નહિ, ગુરુ વિના ધ્યાન નહિ**
**ગુરુ દયાથી દુઃખ ટળે, ગુરુ કૃપાએ મોક્ષ મળે.**

ગુરુનો આવો અપરંપાર મહિમા છે પરંતુ સાચા ગુરુ મળવા મુશ્કેલ છે. ભારતીય પરંપરા અને જૈન ધર્મમાં ગુરુની જે મૌલિક ધારણા છે એવા ગુરુ મળવા એ અહોભાગ્ય છે. સારા ગુરુ મેળવવા માટે સારા શિષ્ય બનવું પડે તો જ ગુરુ સાથેનું સાનિધ્ય પ્રાપ્ત કરી શકાય. આપણે સૌ ખુશનસીબ છીએ કે આપણને જ્ઞાની, દ્રષ્ટા અને ચિંતનશીલ આચાર્ય મહારાજો, ગુરુઓ મળ્યા છે જેઓ આપણને ધર્મની સાચી સમજણ આપીને આપણા જીવનને ધન્ય બનાવી રહ્યા છે.

ગુરુના સાનિધ્યને માણવા માટે આપણે આપણા અસ્તિત્વને મિટાવી દેવું પડે. રાગ, દ્વેષ, અહંકાર હોય, હું બધું જાણું છું, જ્ઞાની છું એવું અભિમાન હોય, સત્તાનો સંપત્તિનો મદ હોય તો સાચા ગુરુને ઓળખી શકાય નહી. ગુરુ પાસે તો આ બધો ભાર ઉતારીને જવું પડે. આ બધો બોજો લઇને ગુરુ પાસે જઇએ તો આ બોજો આપણને કચડી નાખે અને સાચું જ્ઞાન પ્રાપ્ત થાય નહીં. એક જન્મ મા-બાપ આપે છે એ શરીર નો જન્મ છે એક જન્મ ગુરુ આપે તે આત્માનો જન્મ છે. સાચા ગુરુ આપણા જીવનને બદલી નાખે છે અને ઉંડા અંધારે થી પરમસત્ય તરફ લઇ જાય છે.

હાલના સમયમાં સારાને શોધવાનું મુશ્કેલ છે. ખરાબ એની મેળે આવી જાય છે. શુભને પ્રાપ્ત કરવા માટે મહેનત કરવી પડે, પરિશ્રમ કરવો પડે, સાચો રસ્તો શોધવો પડે અને આત્મ નિરીક્ષણ કરવું પડે. ટી.વી., નૈતિક મૂલ્યોનું અધઃપતન કરતી ચેનલો, અસત્યને વરેલો પ્રચાર માધ્યમો, તકલાદી શિક્ષણ પશ્ચિમનો સંસ્કૃતિનો રંગ, આધુનિક જીવન શૈલી, સુખ સગવડના અઢળક સાધનો વચ્ચે અશાંતિ અને અજંપો, પારિવારિક અશાંતિ, વેર ઝેર, અહંકાર લોભ, લાલસા એ આપણા જીવનને વિકૃત કરી નાખ્યું છે. આમાંથી બચવાનો એક માર્ગ એ જૈન ધર્મનો બોધ. ધર્મને જો સાચા અર્થમાં જીવનમાં ઉતારીએ આ વાવાઝોડામાંથી બચી શકીએ.

**''સુખ ભી મુઝે પ્યારે હે, દુઃખ ભી પ્યારે હે**
**છોડું મૈં કિસે પ્રભુ, દોનો હી તુમ્હારે હે**
**સુખ મૈં તેરા શુક્ર કરું, દુઃખ મૈં ફરિયાદ કરું**
**જિસ હાલ મૈં તું રખે મુઝે, મૈં તુમ્હે યાદ કરું''**

## તંત્રી સ્થાને થી....



**શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર**
**મો. ૭૦૨૧૨૦૧૨૮૦**
**૯૩૨૩૧૪૧૫૯૫**

# "સંઘર્ષ"

...જિંદગી એટલે સતત સંઘર્ષ કરીને દોડતા રહેવાની પ્રક્રિયા. બચપણથી માંડીને મોટા થવા સુધી કે વૃદ્ધત્વ આવે ત્યાં સુધી જિંદગીમાં સતત સંઘર્ષ કરતા રહેવું પડે છે. સંઘર્ષ વગરની જિંદગી નમક વગરની રસોઈ જેવી હોય છે. જો બધું જ તૈયાર મળી રહે કે તે મેળવવા કોઈ સંઘર્ષ ના કર્યો હોય તો તેની કોઈ કિંમત નથી રહેતી. મહેનત કરીને ખૂબ જ કષ્ટ વેઠીને મેળવેલું ખૂબ જ સંતોષ પમાડે છે.

...જિંદગીમાં સતત વિઘ્નો આવતા રહેવાના છે. એક પછી એક તે દૂર કરતા રહેવાનું હોય છે અને નવા વિઘ્નો માટે તૈયાર રહેવાનું હોય છે. વિઘ્નો જીવનના છેલ્લા શ્વાસ સુધી આવવાના છે. મૃત્યુ પર્યંત સંઘર્ષો સામે યુદ્ધ કરતા રહેવાનું છે. ઘણીવાર આપણે માનીએ છીએ કે જિંદગી સામે લડતા લડતા થાકી ગયા છીએ, પરંતુ જિંદગીમાં લડત લડીને જ આપણે વધારે મજબૂત બન્યા હોઈએ છીએ. જો લડવાનું જ ન હોય તો આપણામાં રહેલી આંતરિક શક્તિનો કોઈ ઉપયોગ થતો નથી. આપણે કેટલા મજબૂત છીએ તે આપણને સંઘર્ષના દિવસોનો સામનો કરતી વખતે થાય છે.

...આપણે ક્યારેય નબળા હોતા જ નથી પરંતુ આપણને ઘણીવાર આરણી પોતાની શક્તિ - પોતાની તાકાત પર જ ભરોસો હોતો નથી. જો આપણે ડર્યા વગર આવી રહેલી કે આવનારી તકલીફોનો હિંમતથી સામનો કરીએ તો જરૂર સફળતા પામીએ.

...જિંદગીમાં જે તે ક્ષેત્રે સફળ થયેલા મહાનુભવોની જિંદગીમાં ડોકિયું કરીએ તો ખબર પડે કે તેઓએ ટોચ પર પહોંચવા માટે કેટલી તકલીફો વેઠી છે. એક સમય એવો પણ આવી ગયો હોય છે કે તેઓએ નાસીપાસ થઈને જે તે કાર્ય છોડી દેવાની તૈયારી કરી હોય. પરંતુ તેઓની હિંમત અને મહેનત દ્વારા તેઓ ટોચ પર પહોંચ્યા હોય છે. ટોચ પર પહોંચ્યા પછી પણ તેઓનો સંઘર્ષ અટકતો નથી, ટોચ પર પહોંચ્યા પછી પણ ત્યાં ટકી રહેવું વધારે મુશ્કેલી ભર્યું કાર્ય હોય છે. ટોચ પર ટકી રહેવા માટે પણ સતત મહેનત અને લગનથી કાર્ય કરવું પડે છે.

...સામાન્ય માનવીના જીવનમાં પણ સંઘર્ષ કોઈ નવી વાત નથી. બાળકોને મોટા કરવા, ભણાવવા અને પરણાવીને થાળે પાડવા વીગેરે કાર્યમાં નાની મોટી સમસ્યાઓ આવવાની જ છે. અને તેનો સામનો કરવામાં આંતરિક શક્તિઓ બહાર આવે છે અને તકલીફોનો સામનો કરવો સરળ બની રહે છે. નિવૃત્તિ કાળમાં પણ સતત કાર્યશીલ રહેવું જોઈએ નહીંતર અકાળે વૃદ્ધ બનતા વાર નથી લાગતી.

...આપણે માનતા હોઈએ છીએ કે અસ્તિત્વ ટકાવી રાખવા મહેનત કરવી પડે છે. ખાધે પીધે સુખી થઈએ, બે પૈસા મૂડી બની જાય એટલે સંતોષ માનીને બેસી રહેવાની જરૂર નથી. જો ત્યાં જ અટકી જઈશું તો ટોચ પર પહોંચવા માટેની આપણી આંતરીક શક્તિનો વ્યય થશે. થોડા પગથિયાં ચડી અટકી જવું તે જીવનનો હેતુ નથી જીવનમાં નવા નવા શિખરો સર કરતાં જવાના હોય છે. જીવનને ખડતલ બનાવીને ટોચ પર જવા સતત આરોહણ કરતાં રહેવું તેનું નામ જ જિંદગી છે.

જીવન-ધર્મ શ્રેણી

# જીવનની બાર ધારાઓ

નિવૃત પત્રકાર-કોલમિસ્ટ અને આપણા મુખપત્રના ભૂતપૂર્વ તંત્રી શ્રી મહેન્દ્રભાઈ પુનાતર ના લોકપ્રિય બનેલા પુસ્તક 'જીવનની બાર ધારાઓમાં બાર ભાવના અંગે સરળ ભાષામાં દ્રષ્ટાંતો સાથે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. આ ઉપરાંત મૈત્રી ભાવના, પ્રમોદ ભાવના, કરૂણા ભાવના, મધ્યસ્થ ભાવના અંગે સચોટ ખ્યાલ આપવામાં આવ્યો છે. જિજ્ઞાસુ વાંચકો માટે આ રસપ્રદ ખજાનો છે. શ્રી મહેન્દ્રભાઈએ આ અંગેના લેખો ક્રમવાર પ્રસિદ્ધ કરવા મુખપત્રને પરવાનગી આપી છે. એ માટે અમે તેમના આભારી છે.

મુંબઈ સમાચારની 'જિનદર્શન કોલમમાં' આ લેખો પ્રગટ થયેલા છે. વાચકોનો આ અંગેનો પ્રતિભાવ આવકારદાયક બનશે.

- તંત્રી : રાજેન્દ્ર પુનાતર — - પ્રકાશક : જયેશ શરદચંદ્ર વસા

## 'અનિત્ય ભાવના'

# આ જગત અનિત્ય, અહીં કશું કાયમી નથી

- મહેન્દ્ર પુનાતર

**સંસારની પ્રત્યેક વસ્તુ વિનાશી છે. એક ને એક દિવસ તેનો નાશ થવાનો છે. જગત પરિવર્તનશીલ છે. બધુ ચક્રની જેમ ઉપર નીચે થયા કરે છે. કોઇ કાયમના માટે આ ધરતી પર રહી શક્યું નથી. આજે આપણું જે કાંઇ છે તે કાલે બીજાનું થવાનું છે. આ બધા પ્રત્યે મોહ અને આસક્તિ રાખવાનું વ્યર્થ છે.**

જૈન ધર્મમાં બાર ભાવનાનું સવિશેષ મહત્ત્વ છે. ભાવ વિના ભક્તિ નહીં. અંતરમાં ભાવ ઉભો ન થાય તો જે પણ કાંઇ કરીએ તેનો અર્થ સરે નહીં. જીવન અને ધર્મને સમજવાની આ કલા છે. આ ભાવનાઓને વૈરાગ્યની જનની ગણવામાં આવી છે. તે જીવનમાં જેમ જેમ દૃઢ થતી જાય તેમ તેમ જન્મથી મૃત્યુ સુધીની યાત્રાનો ખરો અર્થ સમજાય છે અને જીવનની નશ્વરતાનો ખ્યાલ આવતો જાય છે. આ અંગેની સાચી સમજથી જીવનમાં પરિવર્તન ઊભું થાય છે. જ્યાં સુધી મોહ અને અસક્તિ છે ત્યાં સુધી દુન્વયી ચીજો પ્રત્યે આકર્ષણ ઊભું થતું રહેવાનું છે. આ ભાવનાઓના ચિંતનથી જીવન શુદ્ધ બને છે અને મોક્ષમાર્ગ તરફ જવાનો માર્ગ ખુલ્લો થાય છે. આ બાર ભાવનાઓ છે (૧) અનિત્ય (૨) અશરણ (૩) સંસાર (૪) એકત્વ (૫) અન્યત્વ (૬) અશુચિ (૭) આસ્ત્રવ (૮) સવંર (૯) નિર્જરા (૧૦) લોક (૧૧) બોધિદુર્લભ અને (૧૨) ધર્મ ભાવના.

આપણે અહીં સર્વપ્રથમ **અનિત્ય** ભાવનાનો વિચાર કરીશું. અનિત્ય એટલે શું ? અનિત્ય એટલે જે ટકી શકે એવું નથી. જે કાયમી નથી. સંસારની પ્રત્યેક વસ્તુ વિનાશી છે. એક ને એક દિન તેનો નાશ થવાનો છે. અહીં કશું કાયમી નથી. જગત પરિવર્તનશીલ છે. બધુ ચક્રની જેમ ઉપર નીચે થયા કરે છે. અહીં અનેક રાજા, મહારાજાઓ, સમ્રાટો, સેનાપતિઓ આવ્યા અને ગયા. અનેક સંસ્કૃતિનો, સલ્તનતો, રિયાસતો અને રજવાડાઓ આવ્યા અને કાળની ગર્તામાં વિલીન થઇ ગયા. કોઇ કાયમના માટે આ ધરતી પર રહી શક્યું નહીં. કોઇ કાયમના માટે ધન, દોલત સત્તા અને ઐશ્વર્ય ટકાવી શક્યું નહી.

આજે આપણું જે કાંઇ છે તે કાલે બીજાનું થવાનું છે આ જીવનનું સત્ય છે. જે વસ્તુ હાથમાં રહેવાની નથી તો પછી તેનો મોહ શા માટે ? શરીર અને શરીર સાથે સંબંધ ધરાવતી બધી ચીજો અને વસ્તુઓ નાશ પામવાની છે. તેના પ્રત્યે આસક્તિ રાખવાથી છેવટે દુઃખ ઊભું થવાનું છે. જે ચીજ પ્રત્યે જેટલો મોહ ઊભો થશે તેટલું દુઃખ તેના ચાલ્યા જવાથી થશે. આ અંગેની પક્કડ પરેશાન કરશે. શરીર પણ ક્ષણભંગુર છે તે જીર્ણ થશે અને અંતે નાશ પામશે. પરંતુ આ સીધી સાદી વાત માણસના સમજવામાં આવતી નથી. પોતે કાયમના માટે આ પૃથ્વી પર રહેવાનો હોય એવી જંજાળ ઊભી કરે છે. સંચય કરતો રહે છે ગમે તેટલું મળે સંતોષ થતો નથી. કશું છૂટતું નથી. જીવન જેમ વિતતું જાય છે તેમ પરિગ્રહ વધતો જાય છે. ગમે તેટલું ભેગું કરીશું તૃપ્તિ થવાની નથી. ઇચ્છાઓ અનંત છે. એક પરિપૂર્ણ થાય ત્યાં બીજી ઇચ્છાનો જન્મ થાય છે. ધન-દોલતમાં આળોટતા માણસોને પણ ઘણું બધું ખૂટે છે. જીવન પૂર્ણતાના આરે આવે ત્યારે અપેક્ષાઓ વધતી જાય છે. માણસ બહુ દૂરનું વિચારે છે એટલે જે નજીકનું છે તે નજરમાં આવતું નથી અને ભોગવી શકાતું નથી. ભવિષ્યની ચિંતામાં હાથમાં રહેલું ઘણું બધું ગુમાવી દેવાય છે.

જીવનમાં જે કાંઇ મળ્યું છે તેનો આનંદ માણવો જોઇએ અને આ અંગે સંતોષ થવો જોઇએ. જીવનમાં જે કાંઇ આવે તેનો સહર્ષ સ્વીકાર એ સુખ-દુઃખમાં સંતુલન ઊભું કરે છે. અનિત્ય ભાવનાનો બોધ એ છે કે ધન આવે, સંપત્તિ આવે, સત્તા આવે ત્યારે કોઇપણ જાતનું અભિમાન રાખવું નહીં અને સમજવું કે આ બધું કાયમી નથી. એટલે તેનાથી જેટલું બીજાનું સારું થઇ શકે એટલું કરવું જોઇએ. આ જીવનની સાર્થકતા છે. જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. મૃત્યુ આવવાનું છે પણ કયારે આવવાનું છે તેની ખબર નથી. ગમે તેવો મહારથી હોય, ગમે તેટલું ધન અને વૈભવ હોય પણ મૃત્યુ સામે કોઇનું કશું ચાલતું નથી. કશું સાથે આવવાનું નથી. કબીરે જેમ કહ્યું છે તેમ...

**જગત હૈ રેનકા સપના, સમજ મન કોઇ નહીં અપના**

**કઠીન હૈ લોભકી ધારા, લહે સબ જાત સંસારા**

**ઘડા જયું નીરકા ફૂટા, પતા જયું ડાલસે તૂટા**

**એસી નર જાન જિંદગાની, સમજ મન ચેત અભિમાની**

આ જગત સ્વપ્ન જેવું છે. આંખો ખુલે અને સ્વપ્ન અદૃશ્ય થાય તેમ જીવન સંકેલાઇ જવાનું છે. ઘડો ફૂટે અને પાણી ઢોળાઇ જાય, પાન સુકાઇ જાય અને ડાળી પરથી ખરી પડે પછી તેને મૂળ જગ્યાએ પાછું મૂકી શકાતું નથી. જિંદગી આવી છે. કાચના વાસણ જેવી. કોઇ ભરોસો નથી. આપણે વારાફરતી એકબીજાથી વિખૂટા પડવાના છીએ. આ બધા રાગ, દ્વેષ, પ્રપંચો, મારા-તારાના ઝઘડાઓનો કોઇ અર્થ નથી. માણસે મૃત્યુને નજર સમક્ષ રાખીને જીવનની પળેપળનો સદ્‌ઉપયોગ કરવો જોઇએ અને કોઇ પણ જાતનો અહંકાર મનમાં ન આવે તેનો ખ્યાલ કરવો જોઇએ.

મૃત્યુ સમયે મૃત્યુની પીડા હોતી નથી, પણ જિંદગીમાં જે કરવા જેવું હતું તે થઇ શક્યું નહીં. ઘણું બાકી રહી ગયું. તેની પીડા હોય છે. જેટલી મમત હશે એટલી પીડા વધુ થશે. સંસારમાં રહેવા છતાં અને બધું માણવા છતાં આ બધી વસ્તુઓથી જે નિર્લેપ રહી શકે છે તે સાચો સાધક છે. સંસારે આપણને બાંધ્યા નથી આપણે ખુદ બંધાઇ ગયા છીએ. મોહ-માયાનું આવરણ આમાંથી છટકવા દેતું નથી.

આપણને આવો મનુષ્યભવ મળ્યો છે તેનો સદ્‌ઉપયોગ થવો જોઇએ. જેને તતનું, મનનું અને ધનનું સુખ હોય તેમણે સત્કાર્યો માટે સમયની રાહ જોવાની જરૂર નથી. શરીર સશક્ત અને નિરોગી હોય, ઉત્સાહ અને ઉમંગ હોય, બળ અને સામર્થ્ય હોય ત્યાં સુધીમાં જીવનનો આનંદ માણી લેવો જોઇએ અને સત્કર્મોનું ભાથું બાંધી લેવું જોઇએ. દોષોને, કષાયોને, ખામીઓને, ઊણપોને દૂર કરતા રહેવું જોઇએ. દયા, પ્રેમ, ક્ષમા અને કરૂણા એ જીવનના મંત્રો છે. મૈત્રી, ભાતૃભાવ, સહિષ્ણુતા, સહકાર જીવનને નવું બળ આપે છે. જીવનમાં ચેતના અને જાગૃતિ જરૂરી છે. મહાવીર ભગવાને હરપળે સાવધ રહેવા અને એક પળ પણ વ્યર્થ ન જવા દેવા બોધ આપ્યો છે.

જિંદગી ટૂંકી છે અને સમય ઓછો છે ત્યારે પ્રેમ અને આનંદને બદલે વેરઝેર, રાગ-દ્વેષ, ઇર્ષા, અદેખાઇ અને અસંતોષ રાખવામાં કોઇ ડહાપણ નથી. પ્રભુએ જે કાંઇ પણ આપ્યું છે તેમાં બની શકે તેટલું બીજાનું ભલું કરવું એ સાચો ધર્મ છે. સુખ-દુઃખ બધાને આવે છે. જીવેષણા છે ત્યાં સુધી આ બધી આપાધાપી ચાલુ રહેવાની છે. લાંબી જિંદગી મળ્યા પછી પણ, કેટલાક ભોગવી શકતા નથી, કશું સાર્થક કરી શકતા નથી, જયારે કેટલાક સ્વામી વિવેકાનંદ અને શ્રીમદ રાજચંદ્ર જેવા પ્રજ્ઞ પુરુષોએ પોતાની ટૂકી જિંદગીમાં જે કાંઇ

**- અનુસંધાન પાના નં-૨૯**

# સુખને એક અવસર તો આપો

**સંકલન : કીરીટ અમૃતલાલ ભીમાણી**

જીવનમાં સૌંદર્યની ક્ષણો હોય છે. જેની ગણતરી કરવા કરતાં, સાવ સાદી અને સમધારણ રીતે જીવવું, સારપ રાખવી, બધું સતત મળવું જોઇએ એમ ઇચ્છવું, અદેખાઇ ન રાખવી, વાંકદેખા ન થવું. રાવ-ફરિયાદમાં રાચવું નહીં, પરંતું બીજાને મદદ કરવી, મદદ એવી રીતે કરવી કે તમારા બન્ને હાથ એક બીજાથી અજાણ રહે, માત્ર તમને પોતાને ખબર હોવી જોઇએ. બીજાઓ માટે જાતને ઘસી નાખવી. થાકી જવાય ત્યારે પોરો ખાઇ લેવો હળીમળીને સાથે ખાવું પીવું... અને આ બધું જ તમારે કરવાનું, કરવું પડે છે એટલા માટે નહીં કે એ મહત્ત્વનું છે એટલા માટે પણ નહીં, પરંતુ તમને એનો અર્થ સમજાયો છે. તમે માણસ છો એટલા માટે કોઇના સાથી સંગાથી છો. તમે જીવો છો એટલા માટે. તમારી જીંદગી હસવા, પ્રેમ કરવા અને સારા માણસ તરીકે જીવવા માટે છે. અને આ ''જીવન પ્રણાલી'' જગતમાં સૌથી મહત્ત્વની વસ્તુ છે માત્ર એક જ શબ્દમાં ''હું માનવી... માનવ થાઉ તો ઘણું...''

ઘણી વખત સલાહ આપવી સહેલી છે, માગ્યા વગર આપવી ગમે, વગર પૈસે મળે, તે જ સલાહ, પરંતુ જીવનમાં સલાહ આપતી વખતે બીજા તરફ આંગળી ચીંધતી વખતે એ વાતનો ખ્યાલ નથી રહેતો, માત્ર એક આંગળી સીવાય... બીજી ચાર, આપણી પોતાની જ સામે ચીંધાયેલી છે ?

તમે સામે ઊભા છો;

મુજ હૃદયની આરસી જેવા; તમોને કયાં ? હું તો મુજને જ વંદન કરી લઉં છું.

અને જગતમાં, હું નથી... (શયદા) વખત આવ્યે વર્તનમાં પરિવર્તન કરી લઉં છું.

'પરિવર્તન' એ જ જગતનો નિયમ છે. દરેકની જીંદગીમાં એક તબક્કો એવો આવતો હોય છે, જયારે એને વિચારવાની ફરજ પડે છે કે જે કરવું હતું એમાંથી પોતે કેટલું કરી શકયા ? અને જે કરવું જોઇએ, તે માટે હવે કેટલો સમય બાકી રહ્યો ?

હે માનવી, તને એ વાતની પ્રતીતિ કયારે થશે કે સફળતાની માત્ર પોતાની જ શોધમાં પોતાના તમામ સંબંધોને પણ અભાનપણે અન્યાય કર્યો છે. એ તો સંબંધ તૂટયા પછી જ ખ્યાલ આવે. માટે હે પામર માનવી અંત... પાણી પહેલા પાળ બાંધી લે.

મારું સઘળું છે - માની જીવનને સ્વીકારીશ મારું કાંઇ જ નથી માની.

''મૃત્યુ'' માટે તૈયાર રહીશ...

''આપણે શું છીએ,'' ને આપણું શું છે ? એ આપણે જ સમજવાનું છે બીજા કોઇને કહેવા માટે નથી. જીવનનો સાચો આનંદ, સતત પ્રસન્નતા પૂર્વક કાર્યરત રહેવામાં સમાયેલો છે. શ્રદ્ધા, સબુરી અને વિશ્વાસથી આગળ વધ પ્રગતિનો પંથ જરૂર સાંપડશે.

બાકી તો આ 'દંભી' દુનિયામાં ''દંભ'' એટલે નિખાલસતા પૂર્વક જૂઠું બોલવાની કળા... જીવનમાં જયારે કોઇક ગંભીર કટોકટી સર્જાય, ત્યારે મન મક્કમ રાખીને કોઇક તપ-આરાધના અથવા કોઇક કુટેવ છોડી દેવાની પ્રતિજ્ઞા જરૂર કરીએ, ત્યારે એનું ઇચ્છિત પરિણામ મળે કે નહીં, આત્મવિશ્વાસ જરૂર વધતો હોય છે.

***કોઇ ઇચ્છાનું મને વળગણ ન હો..***
***એ જ ઇચ્છા છે, હવે એ પણ ન હો...***
***બે-ચાર પ્રસંગો છે, જે હું કહેતો ફરૂં છું.***
***કયાં છે હવે મને મારી સંપૂર્ણ કથા યાદ...***

ગલીમાં પડી છે એક અનામી લાશ આ લાશ આમ તો માણસની હતી, પણ આ માણસ શહેરમાં, જીવનમાં એકલા જ હતો. આમ તો પોતાનાઓ વડે એ કયારનો જીવતો દફનાવી દેવાયો હતો. ઝળહળતા સૂરજની આસપાસ વાદળાઓ વીંટળાવા માંડે છે. અવર્ણનીય ઉદાસી તમારા પર ઘેરાઇ જાય છે. તમને બધું જ ઉદાસ લાગે છે. એક નહીં જેવી બાબતને કારણે તમે ખળભળી ઉઠો છો. ફરીયાદ કરો છો. ઇર્ષ્યાથી પીડાવ છો. અને નારાજ થાવ છો. આ દશા કયાંય બદલાશે નહીં. અને ફરીવાર તમને આનું કારણ સમજાતું નથી. કદાચ તમે થાકી ગયા છો. વાસ્તવમાં કારણ એ છે કે માણસ પણ આમ તો 'પ્રકૃતિ' નો અંશ છે એ વસંત અને પાનખરની આવન જાવનનો હિસ્સો છે. ગ્રીષ્મ અને શરદની હૂંફ અને શીતળતાનો ભાગ છે. માણસનું મન પણ ભરતી અને ઓટ અનુભવે છે. કારણ એ પણ છે કે આપણી હયાતી સતત ચાલતી 'જીવન અને મરણ'ની ઘટમાળ છે. જો આ સત્ય સમજાઇ જાય તો હિમ્મત અને વિશ્વાસથી જરૂર આગળ વધી શકાય. દરેક રાત પછી એક નવી સવાર ઉગે છે. આ વસ્તુ સ્વીકારી શકાય તો, ચડતી અને પડતીના ઊતાર-ચઢાવ વચ્ચે આનંદથી જીવી શકાય. તમે સૌ પ્રથમ તો માનવ છો. જીવવા માટે સરજાયા છો. તમારી જીંદગી હસવા-પ્રેમ કરવા અને સારા માણસ તરીકે જીવવા માટે છે. અને આ જીવન પ્રણાલી જગતમાં સૌથી મહત્ત્વની વસ્તુ છે.

વિપત્તીમાં મારી રક્ષા કરો, એ મારી પ્રાર્થના નથી, પણ વિપત્તીમાં... હું ભય ન પામું એ મારી પ્રાર્થના છે... (શ્રી ટાગોર)

Let…me…Be…ME…

આમ તો આ વેદના ઇશ્વરનો સંદેશો ઝીલતા એરિયલ જેવી છે.

એ પીડા ઓછી નહીં કરી શકે પણ એ તમારી અણસમજણ અને અર્થહીનતા હરી લેશે. ફરી એકવાર માનવી હોવાનો અહેશાશ થશે. અને કદાચ તમો સ્પષ્ટપણે જોશો અને અનુભવશો, તમારી આંસુની તરતી આંખોથી.

આમ જોવા જઇએ તો વિકટ પરિસ્થિતી એક વરદાન છે. તમને ફરી એકવાર સત્ય સમક્ષ મૂકે છે. આ હકીકત તમારી નિર્બળતાને છતી કરે છે. તમારું પાણી મપાઇ જાય છે. તમે કેટલા નગણ્ય છો, કેટલા દરિદ્ર છો, કેટલા તકલાદી છો. એનું તમને પોતાને ભાન કરાવે છે. આજ લગી તમારા પર ચડી બેઠેલું હતું એ સુખ, સુખ ન હતું એની પ્રતીતી થાય છે અને તમે મુક્તિ અનુભવો છો.

મારી નાની-મોટી નિર્બળતા જોઇ હું હતાશ નહિં બનું અને બીજાઓ કરતાં ચડિયાતી શક્તિ જોઇ ગર્વ નહીં કરું... પણ મારી નિર્બળતા દૂર કરવા પ્રયત્ન જરૂર કરીશ. અને તે શક્તિને પચાવી જવાની શક્તિ મેળવવા... જરૂર પ્રયત્ન કરીશ.

જગત મને જે કંઇ આપે તે કૃતજ્ઞ ભાવે ગ્રહણ કરીશ અને સાંજ ઢળતા મારી જાતને પૂછીશ... આજે તે કોઇને આનંદનો કણ આપ્યો છે કે નહીં?

God has given you life to live happily & not to complain…

કોઇનો ન્યાય તોળવા બેસો ત્યારે બોલવામાં ધ્યાન રાખશો કે શબ્દો એ મહા શક્તિશાળી શસ્ત્રો છે. જેને કારણે અનેક મહાભારત સર્જાય છે. એક કઠોર શબ્દ, એક ધારદાર વાક્બાણ, કોઇના દિલને લાંબા સમય સુધી કોતર્યા કરશે અને મૂકી જશે એક કાયમી જખમ. જિદગી બહુ જ ટુંકી છે અને આપણી દુનિયા કુરુક્ષેત્ર બનાવવા માટે બહુ નાનકડી છે.માટે જે કાંઇ કહેવું છે એના વિશે હું પુરેપુરુ જાણું નહીં ત્યાં સુધી હે ઇશ્વર! મારી વાણીના તીરને મ્યાન કરવામાં મદદ કર. ‘ઓમ’ શાંતિ... શાંતિ.

સુખના દિવસોમાં નમ્ર ભાવે તમારું મુખ હું ઓળખી શકું, દુઃખની રાતે સમગ્ર ધરા જયારે પગતળેથી ખસી જાય ત્યારે તમે તો છો જ... એ વાતમાં કદી સંદેહ ન થાય એવું કરજો... (ટાગોર)

જેમની સાથે હું ખેલતો. કુદતો, હસતો હોઉં, જેઓ મારા સહપ્રવાસી છે. જેમની સાથે હું રોજબરોજ કામ કરતો હોઉં, જેની સાથે હું એક છત નીચે જીવતો હોઉં, જેઓ મારી સારસંભાળના હકદાર છે, એવા થોડાક લોકો જે મારી ખુબ નજીક છે, એમને મારી જાત પૂર્ણપણે અને સાચી નિસબતથી સોંપી દેવી જોઇએ. જો ખરેખર એ બધાને હું ચાહતો હોઉં તો, આવી નિખાલસ ઋણાનુબંધ છે કે જે મને મારી સંકુચિત અને સુરક્ષિત દુનિયામાંથી બહાર કાઢે છે. મારી શાંતિ અને ચેન જોખમાતાં હોય તો પણ આ વાતને મારે અત્યારે ને અબઘડી અમલમાં મૂકવી રહી. આ અંગત નિસબત એ સાચા પ્રેમનું ફળ છે. આને લીધે યાતના ભોગવવી પણ પડે. પણ છેવટે એ ઉત્તમ સોગાદ બની રહે છે. એ જીવન આપે છે. પ્રતિકૂળ ક્ષણે પણ ગૌરવભરી કૃતજ્ઞતાની અપાર લાગણીનો અનુભવ કરાવે છે. અજાણ્યા સ્વર્ગનો ખટમીઠો અનુભવ પણ આપે છે.

હે બધું ઉપાસના સમયે હવે, હું શાંતિ નહીં માંગુ હું કેવળ પ્રેમ માગીશ.

પ્રેમ શાંતિ રૂપે આવશે.

અશાંતિ રૂપે પણ આવશે, તે ગમે તે વેશે આવે, તેના મુખ તરફ જોઇને હું કહી શકું કે તને હું ઓળખું છું બંધુ તને ઓળખું છું, એવી શક્તિ મને મળો... (ટાગોર)

જિંદગીમાં જિંદગીનું રહસ્ય સમજાયું નહીં, શું કમાયો જીંદગીમાં? કાંઇ દેખાયું નહીં.. સાથે ઘણા બેસી ગયા, બેસીને ઉઠી ગયા, શું લઇ ગયા - શું દઇ ગયા, એ કાંઇ સમજાયું નહીં.

કે દર્દની આહો... ભરી... કિન્તુ રહાયું ના જરી.

પથ્થર સમો જીવી રહ્યો, પણ દર્દ ભૂલાયું નહીં આ મૃત્યુ તો આવી ગયું... રે દર્દ છોડાયું નહીં આત્મા તણું આ શું થયું, એ કાંઇ સમજાયું નહીં...

સમય એ ધરથી કબર વચ્ચે સડસડાટ જતો રાજમાર્ગ નથી. પણ સૂર્યમંડળમાં સ્થાન શોધવાનો એક અવકાશ છે.

અય દોસ્ત, સુખી થવા માટે તારા સમયનો સદ્‌ઉપયોગ કર. તું પોતે જ જીવતો જાગતો ચમત્કાર છે. તારા સમોવડીયું કોઇ નથી. કલમ હાથમાં લે તું અનન્ય છો. તારું સ્થાન કોઇ લઇ શકે તેમ નથી, એ વાતને તેં કદીએ જાણી છે ખરી? તને કેમ કોઇ અચંબો નથી થતો? તું કે તારા પર ખુશખુશાલ થતો નથી? અને બીજાઓ વિશે પણ તું કેમ આવી રીતે ઓવારી જતો નથી? ‘દોસ્તો’ શું જોઇને મારી કબર પર ફૂલો લઇને આવ્યા છો?

‘દોસ્ત’ તો એમાં હતી, કે કબર પર કબર ચણી જતે...

આ બહુ સહજ છે. આશા એ જુદી વાત છે. હકીકત જુદી જ છે. શા માટે તારા સમયને પૈસા પાછળની નકામી હાયવોયમાં અને બધું મેળવી લેવામાં બરબાદ કરે છે? આવતી કાલ, પછીની કાલ અને આવનારી કાલની ચિંતાઓનાં પોટલાઓ માથે લઇને શા માટે ફરે છે. અત્યંત શાંતિથી તું તારા સમયનો સદ્‌ઉપયોગ કર અને સુખી થા.

મારી આજુબાજુ ભયંકર હત્યાકાંડ ખેલાઇ રહ્યો હોય ત્યારે પણ એક ઊઘડતા ફૂલને જોવાનું હું ચૂકીશ નહીં... એવો નિર્ણય કરીને નવા દિવસમાં ડગલું માંડ.

આવું કેમ બને કે? કેટલાક માણસે સૂર્યના પ્રકાશમાં સોગીયું મોઢું લઇને બેઠા હોય છે. જયારે કેટલાક વરસાદનાં ગીતો ગૂંજયા

કરતા હોય છે.

મને કાંઇ કહો તો ખરા કે મઘમઘતાં ફૂલો કયાં લાગે છે. કે આ બધા ફૂલો આપણી સ્વાર્થી વાસનાઓમાં વિલીન થઇ ગયા છે. તમારી પાસે ધબકતું હૃદય છે અને કોઇકને તમારી જરૂર છે, તો બીજું કાંઇ નહીં તો ફૂલો તો લઇ આવો. મોટા ભાગના માણસો પાસે જીવવા જેવું કેમ કાંઇ નથી હોતું. કારણ કે તમને કોઇ સાથે સાચી દોસ્તી નથી કે પોતાને ચાહે એવા કોઇથી પરિચય નથી. કે તેઓને લાગણી અને સહાનુભૂતિ કયાંય રતિભાર પણ મળ્યાં નથી. કે કયારેય એક પણ ફૂલ તેઓના માટે ખીલ્યું નથી. અને આમ છતાં ફૂલો પુષ્પો ચમત્કાર સર્જે છે. જો કે મોંઘા અને માંડ મળતા ફૂલો હોવા જરૂરી નથી. સાવ સાદા ફૂલો સ્મિત માયાળુ શબ્દ અને ભલી લાગણી પણ આપશો. ફૂલ નહીં તો ફૂલની પાંખડી, હૈયાની હૂંફથી આપશો તો સુંદર ઘટના સર્જાય છે અને પૃથ્વી પર નાનકડા સ્વર્ગને સાકાર કરતી નિર્મળ અને મધુર કથા.

આ પૃથ્વી પરનો મારો સમય અસ્હયપણે મર્યાદિત છે. હું આ બાબતમાં સાવ અસાહય છું. મારી જિંદગી રેતી પર લખાયેલ નામ જેવી છે. એક નાની અમથી હવાની લહેરવી ને એ ભૂંસાઇ જશે. આપણે શું કરવું જોઇએ ? તમે જે કાંઇ કરો તેની બૂમરાણ મચાવી નહીં, તમારી જીંદગીને ખુલ્લા આકાશમાં પોરો ખાવા દો. અને એ રીતે ક્ષણોને સરકવા દો. બાકી તમારી પાસે રાખો સંયમ પોતાની બાદબાકી અને સમર્પણ - ''ક્ષમા વિરસ્ય ભૂષણમ'' મને મારી ઓળખની દઇ દે પ્રતિતી જવું કેમ વીંટી વગર આંગળીમાં ?

કદી પહાડ ઝીલયો હતો. એક એની હજી આજ કેવી અસર આંગળીમાં ?

આંખની બહાર આવતું જ નથી

સ્વપ્ન પણ સાવ કુપમંડુક છે.

ચડું છું જે પગથિયા, એક ક્ષણમાં ગુમ થઇ જતાં પૂરી થાતી ન કેમે, એવી આ નિસરણી છે.

પકડો કલમને કોઇ પળે એમ પણ બને આ હાથ, આખે આખો બળે એમ પણ બને..

**(મનોજ ખંડેરીયા)**

જયારે તમે થાકી ગયા હોય, બધું જ તમારી વિરુદ્ધ જતું હોય, કયાં જવું એની સૂઝ નડતી ન હોય, અંદરથી તમે છિન્નભિન્ન થયાનું અનુભવતા હો, કંટાળી ગયા હોય ત્યારે સુખમાં વિતાવેલા દિવસોને યાદ કરો, જયારે તમે દરેક સાથે બાળકની જેમ મૈત્રીભાવે જીવ્યા હોય, કોઇકની હૂંફથી તમે હર્યા ભર્યા હતા, એ કદાચ આજે તમારા જીવનમાં ન પણ હોય, આથી જ વીતેલા દિવસોની સ્મૃતિઓ યાદ કરો. આ રૂપાળા દિવસોને કદી ભૂલશો નહીં જો ભૂલી જશો તો પાછા કયારેય નહીં આવે. આનંદમય વિચારોથી મનને પ્રફુલ્લીત કરો હૃદયને ક્ષમા, સ્નેહ અને સરળતાથી ભરી દો.

ઘરમાં હાસ્યની છોળો ઉડાડો અને જુઓ ધીરે ધીરે બધું જ પાછું સુખરૂપ થઇ જશે.

ઇશ્વર એ પ્રેમ છે, એ મને ચાહે છે એ મને ધારણ કરે છે.

હું મૃત્યુ પામીશ પણ એના પ્રેમમાં જીવી જઇશ જે કદાપી મરશે નહી.

જિંદગીને ચૂમશો તો એ જુદી લાગશે, સહ્ય લાગશે કોઇ ભ્રમણામાં રહેશો નહીં, સુખ એ સતત ભજવાનો ખેલ નથી. હું ફરીથી પ્રેમે કરવા માંડું છું. સાવ સામાન્ય વસ્તુઓને...

બાકી તો આ જીવનમાં વીતાવેલી પળો યાદગાર પળો, ને માત્ર માણી શકો તો માણો અને જો બની શકો તો 'માસ્તર' બનો મા(ના) સ્તરમાં તમારું જીવન વીતાવવાની તમન્ના કેળવો, પ્રયાસ કરો, બધું જ સહજ છે.

**Don't Expect other's to make you happy as the spring of happiness lies within you.**

- સો.વિ. - ડિસેમ્બર-જાન્યઆરી ૧૯૯૪ ના અંકમાંથી

---

**સપ્ત ફેરા માંડવા નીચે ફર્યા !!**
**એમ આ સંસારમાં પગલાં ભર્યા.**

**સાત દિ' માં પોત પ્રકાશ્યું ભલા !**
**રંગ પાનેતર તણા નીચે ખર્યા.**

**જે 'લડી'તી આંખ, એ પાછી લડી;**
**ને નજરમાંથી નર્યા તણખા ઝર્યા.**

**વાતનું થાતું વતેસર એટલે;**
**મૌનના પ્યાલા પછી હોઠે ધર્યા !**

**બાળ નાનાં કોઇ છાનાં રાખશે;**
**વાર એના એટલે નક્કી કર્યા !!!**

**જે વચન દીધાં હતાં ખોબો ભરી;**
**આજ કૈકેયી સરીખાં સાંભર્યા...**

**તાજના સાક્ષી તમાશો જોઇને;**
**ગણપતિ પણ ગોખમાં ઊંડા સર્યા !**

---

ધર્મ એટલે મંદિર કે ચર્ચમાં જવું એ નથી; ધર્મ એટલે કપાળમાં તિલક તાણવું કે આબોટિયું પહેરવું એ નથી. ભલે તમે મેઘધનુષ્યના સાત રંગોથી કપાળ ચીતરો, પરન્તુ જો હૃદય ઉઘડ્યું નહીં હોય, જો ઇશ્વરનો સાક્ષાત્કાર થયો નહીં હો તો એ બધું વ્યર્થ છે. જો હૃદય રંગાયું તો બહારના બીજા કોઇ રંગની આવશ્યકતા નથી, ધર્મનો એ જ સાચો સાક્ષાત્કાર છે.

**- સ્વામી વિવેકાનંદ**

## ૩૮ મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



રાણપુર (સોરઠ) નિવાસી

# સ્વ. તનસુખલાલ કાલિદાસ દોશી

**જન્મ: તા. ૨૨-૧૨-૧૯૨૨ સ્વર્ગવાસ: તા. ૨૬-૦૬-૧૯૮૬**

તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા, સુગંધ જેની ચૌ-તરફ મુકતા ગયા
સુખને છલકાવ્યું નહિ, દુ:ખને દેખાડ્યું નહિ, જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહિ.
અમારી સુખ-દુ:ખની પ્રત્યેક પળોમાં આપની પ્રેરણા અને આશીર્વાદ અમોને મળતા રહ્યા.
જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ, આખમાં અમી, દરિયા જેવું દિલ,
મીઠી વાણી, સ્નેહની સરવાણી, સરળ અને મિલનસાર સ્વભાવ,
વ્યવહારિક સુઝ અને બીજાને ઉપયોગી થવાની ભાવનાવાળા,
હસતો રાખી ચહેરો, કાયમી લીધી વિદાય અને મૃત્યુને પણ કર્યું અમર.
તમે આવ્યા અમારા જીવનમાં, ફૂલછડી બનીને, ધૂપસળી બની સર્વત્ર મહેંકી ઉઠ્યા,
યાદ તમારી આવતા, આખલડી છલકાય છે. જોઈ તસવીર તમારી, આંસુ ઉભરાય છે.

**-: પ્રેમાળ પરિવાર :-**

**પુત્ર તથા પુત્રવધૂ :** મનહર-મનોરમા, બિપીન-ભારતી, સતીશ-સુધા
**પુત્રી-જમાઈ :** ચંદ્રિકા-વિનોદરાય, યસુમતિ-નરેન્દ્રકુમાર, હર્ષા-અજયકુમાર
**પૌત્ર-પૌત્રવધુ :** બ્રિજેશ-મોસમી, શ્રેયષ, અમિત તથા ભાવિન
**પૌત્રી :** નિધિ, અવધી, રિયા તથા પરિતા
**દોહિત્ર-દોહિત્રી :** પ્રતિક, પ્રજ્ઞેશ, અક્ષય, દિપાલી, ફાલ્ગુની, કૃપાલી, સિદ્ધિ તથા નિરાલી
**પ્રપૌત્રી :** આયુષી, મહેક તથા આરુષી

Kayami-June

# ધરતીનો છેડો ઘર

- સ્મિતા રિતેષકુમાર મહેતા

ઇશ્વરના પુરસ્કાર સ્વરૂપ કલા જેની આંગળીએ વણાયેલી હતી એવા ચિત્રકારે ખૂબજ ખ્યાતી પ્રાપ્ત કરી હતી. એકવાર તેને વિચાર આવ્યો કે મારે આ દુનિયાનું સર્વશ્રેષ્ઠ ચિત્ર બનાવવું છે.

એકવાર તે કયાંક જઇ રહ્યો હોય છે. ત્યારે તેને સાધુ મહાત્મા મળે છે. ચિત્રકાર તેને પૂછે છે. ''સ્વામીજી, આ દુનિયાની સર્વશ્રેષ્ઠ વસ્તુ કઇ ? '' સ્વામીજી કહે છે ''શ્રદ્ધા, કેવલ શ્રદ્ધા.'' ચિત્રકાર વિચારમાં લાગી જાય છે. શ્રદ્ધાને ચિત્રમાં બતાવવી કેવી રીતે. થોડો આગળ ચાલે છે. ત્યાં તેને ગેલમસ્તી કરતું એક નવપરણીત યુગલ મળે છે. ચિત્રકાર તેને પૂછે છે - ''આ દુનિયાની સર્વશ્રેષ્ઠ વસ્તુ કઇ ?'' યુગલ એક સાથે જ જવાબ આપે છે ''પ્રેમ, બસ પ્રેમ જ'' ચિત્રકાર પોતે મહેસુસ કરે છે પ્રેમ જેવી બીજી કોઇ ચીજ નથી. પરંતુ એને ચિત્રમાં



ઉપસાવવી કેવી રીતે. તે આગળ ચાલે છે ત્યાં એક ઓટા પર ડોશીમાં માળા ફેરવી રહ્યા હોય છે. ચિત્રકાર તેમને પણ પૂછે છે. જવાબમાં ડોશીમાં કહે છે. શાંતિ, ઓમ શાંતિ, ચિત્રકારે વિચાર્યું શ્રદ્ધા, પ્રેમ, શાંતિ આ દુનિયાની શ્રેષ્ઠ વસ્તુ છે મારે આને ચિત્રમાં પ્રતિબિંબિત કરવી છે આમ વિચારતો તે ઘેર પહોંચે છે. ત્યાં શેરીમાં રમતા એના બાળકો પપ્પા - પપ્પા કહીને એને વળગી પડે છે. ત્યારે ચિત્રકારે થાય છે કે આ બાળકોને મારી પ્રત્યે કેટલી શ્રદ્ધા છે. જેવો તે ઘરમાં પ્રવેશે છે તેની પત્ની તેને મધુર સ્મિત આપી આવકારે છે. ચિત્રકાર અનુભવે છે મારી પત્ની મને કેટલો પ્રેમ કરે છે. અને જયારે તે ઘરમાં નિરાંતે બેસે છે પત્ની પાણીનો ગ્લાસ આપે છે ત્યારે ચિત્રકાર સરીતા શાંતીનો અનુભવ કરે છે. અને બરાબર એ જ વખતે તેના મગજને ઝટકો લાગે છે કે દુનિયામાં સર્વશ્રેષ્ઠ વસ્તુ એ તો ઘર જ છે. જેમા શ્રદ્ધા, પ્રેમ અને શાંતીનો સમન્વય છે.

આપણામાં કહેવત છે. ને કે 'ધરતીનો છેડો ઘર' 'સવારનો ભુલ્યો સાંજે પાછો આવે' ક્યારેક વિચાર આવે કે જો ઘર ન હોત તો આપણું જીવન કેવું હોત. ઘરમાંથી જ બાળક, સંસ્કાર લાગણી હૂંફથી છલોછલ થઇ વિકાસ પામે છે. અને એ વિકસિત બાળક જરૂરથી અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. કારણ કે એક સંપૂર્ણ વિકસિત બાળક મોટો થઇને સમાજને કંઇક આપે છે. સમાજ દ્વારા દેશને, દેશ દ્વારા વિશ્વને. આમ વિશ્વનો પાયો એ ઘર છે.

છડી પોકારતા આગમન કરતા સૂર્યની સાથે, પંખીઓના કલરવથી ગુંજતા વાતાવરણની સાથે એક એક વ્યક્તિ પોતાના કામમાં ગુંથાઇ જાય છે. અને જયારે એ જ સૂર્ય ચુપચાપ લપાઇ જાય છે. ત્યારે સવારથી વિખુટા પડેલા એ પંખીડાઓનું સાંજે મિલન કરાવે એ ઘર.

ઘર એ તો વિશ્વનો વિસામો છે, દુનિયાનું શ્રેષ્ઠ શાંતીમય સ્થળ. જયાં શ્રદ્ધાની સરવાણી ફુટે છે. જયાં ઉદારદિલે પ્રેમને પીરસવામાં આવે છે. જયાં લાગણીઓ લહેરાઇ રહી છે, જયાંનું વાતાવરણ હંમેશા હુંફાળુ ભાસે છે. અને ઋણ સ્વીકાર છે એ જગતના નાથનો જેણે અણમોલ મનુષ્ય જન્મની સાથે અજોડ અને નંદનવન સમુ ઘર પણ અર્પ્યું.

સો.વિ. - ડિસેમ્બર-જાન્યુઆરી ૧૯૯૪ ના અંકમાંથી

# રાહત દરે અનાજ વિતરણ યોજના

## જૂન માસના અનાજ વિતરણના

## કાયમી દાતા પરિવાર



શેઠ શ્રી મણીલાલ પાનાચંદ વસા

શ્રીમતી પ્રભાકુંવર
મણીલાલ વસા
પરિવારના સૌજન્યથી



શ્રીમતી પ્રભાકુંવર મણીલાલ વસા



શેઠ શ્રી નંદલાલ ઝવેરચંદ વોરા

શેઠ શ્રી નંદલાલ
ઝવેરચંદ વોરા
પરિવારના સૌજન્યથી



શ્રીમતી અચરતબેન નંદલાલ વોરા

## જુલાઈ માસના અનાજ વિતરણના

## કાયમી દાતા પરિવાર



શેઠ શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા

શેઠ શ્રી માણેકલાલ
ઝવેરચંદ વસા
પરિવારના સૌજન્યથી



શ્રીમતી નર્મદાબેન માણેકલાલ વસા

# પ્રથમ નિયમ

## - મધુભાઈ ભીમાણી

મને તમને કે સહુ કોઇને અસુખ, દુઃખ, ગમગીની કે વેદના - કાંઇ જ જોઇતું નથી. કમ-સે-કમ, આ બધી લાગણીઓને ઘૂંટવી પડે તેવું કાંઇ ન બને તેવી મનોમન વાંછના હોય છે. પણ આપણે અનુભવથી જાણીએ છીએ કે જીવનમાં  સુખ સાથે દુઃખ છે જ છે તેનો સ્વીકાર એ જ જીંદગી.

કહી તો દીધું - છે તેનો સ્વીકાર એ જ જીંદગી, પરંતુ એ રીતે વર્તવું કે જીવવું દુષ્કર છે. મનમાં પેટાતા પાણીપતથી આપણે અજાણ્યાં નથી. દૃષ્ટિ માટે નિમાયેલ આંખમાં આવતાં આંસુઓ હર્ષ-શોકના હોય છે - દિલમાં પ્રગટેલા કોઇ દાવાનળની સાક્ષી રૂપે પણ વ્હેતા હોય છે.

તો પછી સંસારમાં આવા દ્વંદ્વ શું કામ? આંખ, નાક, કાન, હોઠ, જીભ, સૌ બાહ્ય સ્વરૂપે શરીરને મદદરૂપ થવા સર્જાયેલાં છે ને તે રીતે મદદરૂપ થાય છે પણ ખરા. ખરી મોકાણ આંતિરક-માનસિક જીવનની છે. બહારથી અકબંધ લાગતું મકાન કયારેક કડડભૂસ થઇ જતું હોય છે - ખબર છે ને? તેમ માણસનું ય સમજવું. ટકોરબંધ જીવન જીવતો માનવી અંદરથી હલબલી ગયો હોય, ક્ષીણ થઇ ગયો હોય ત્યારે વેદનાની એ મૂર્તિને સમજવી આસાન નથી. કવિ રવિન્દ્ર પારેખના શબ્દોમાં -

''કે પડ્યું ના હો, કશું તૂટ્યુ ન હો, ફૂટયુ ન હો- બહારથી અકબંધ હો એવીય હોનારત મળે,''

કવિ ચિંતનના ઉપવનના જૂના માળી ગણાય. નાનકડી વાતને અર્થગંભીર શબ્દો દ્વારા વર્ણવીને ઊંડાણની કિંમત અંકિત કરી આપતા કવિ તો કિમીયાગર છે. પણ શબ્દ એટલે? કવિ પૂછે છે - ''શબ્દને ઊંચકી શકો તો ઊંચકો, ઊંચકાય છે?''

પ્રેમ, સમભાવ, મૈત્રી, ક્ષમા, સહનશીલતા, બોલો કેટલાં શબ્દો હજીય લખું? આ શબ્દોને આપણે ખભે ઊંચકીને ખૂબ ફર્યા. બીજાને એના અર્થો સમજવા પ્રેર્યા પણ જોયું કે અનુભવ્યું એવું કે તે લાગણીઓથી વિમુક્ત થવાનું વલણ વધારે ને વધારે નીજ જીવનમાં કાળક્રમે અપનાવ્યું - કદાચ અપનાવવું પડ્યું. પણ શું કામ? શા માટે?

એટલે જ કવિ મર્મમાં કહે છે કે શબ્દોને ઊંચકવા સહેલા નથી કારણકે તેને ઉકેલવા એ એક અઘરું કર્મ છે. નહિતર, મા-બાપ, ભાઇ-ભાભી, પતિ-પત્ની, અડોશ-પડોશના સંબંધોમાં નર્યો આનંદ-આનંદ જ ન હોત? ઝઘડવું, મારવું, તોડવું કોઇને ગમતું નથી અને છતાંય જીવનમાં વિચ્છેદના કેટકેટલા પ્રસંગો બન્યે જ જાય છે? આ નથી જાણતાં, આપણે?

તેથી જ કહેવાયું હશે કે જીંદગી સુખ, અલ્પ, દુઃખપ્રધાન થકી ભરેલી. જીવનના દુઃખપ્રધાન અનુભવોથી માણસ રીઢો થતો જાય છે. આદમના જન્મથી, પૃથ્વીના જન્મથી આ ચાલતું જ આવ્યું છે. એમા નવું શું કહ્યું? કાંઇ જ નહીં. એમ તો જીવન-મરણના ચક્રાવમાં નવું શું છે? ઉગતા ફૂલમાં નવું નહીં પણ તેનામાં રહેલી સુવાસ અગત્યની છે. સંદર્ભ બદલવાની વાત થઇ. પણ તે પરિવર્તન માટે સજ્જતા કેટલી? સજ્જતા એ બેડો પાર થવાનું પ્રથમ પગથીયું ગણાય છે, અને એ ખરેખરું કહેવાયું છે

એટલે જ કવિશ્રી જયંત પાઠકની પેલી જાણીતી પંક્તિમાં એમ કહેવાયું છે કે ''વેદનાનું એક બીજું નામ પાડ્યું જીંદગી'' એ કેટલું સાર્થક છે? વેદનાનું બીજું નામ જીંદગી એમ કહીએ ત્યારે દુઃખી દુઃખી થઇ જવાની જરૂર નથી. કિરતાર તરફ ફરિયાદોય લંબાવવાની નથી. શંકરના ગળે રહેતા વિષનો અર્થ હવે સમજાય છે. સમજવા આડે આંખ આડા કાન નહિ કરવાના, શરત માત્ર એટલી.

મને તો લાગે છે સંબંધોમાં સ્વર્ગ નહિ તો કમ સે કમ સમાધાન કરી સુખ મેળવવું એ કાંઇ ધારીએ છીએ તેવું કષ્ટદાયક નથી. ધરતી પર કંઇક માનવ-સ્વરૂપે એ કામ મીરા રૂપે, (ભક્તિ) ગાંધીરૂપે, (કર્તવ્યપરાયણતા) મધર ટેરેસારૂપે (માનવ પ્રતિનો આદર) કે ભગવાન મહાવીર રૂપે (કરૂણા) કરતા જ હોય છે. સદ્‌ભાવવાળા એટલા સારા કામ થતા રહે છે કે તેથી તો આપણું અસ્તિત્વ હજી મૂરઝાયું નથી. નહિતર માત્ર સ્વાર્થી, પ્રપંચી કે દ્વેષધારી માનવજાત તરીકેનું આપણું આયુષ્ય કેટલું?

કાન સરવા રાખીને જરા સાંભળો, સુરેશ દલાલ શું કહે છે તે -

તમે અમથું જુઓ તો અમે દઇ દઇએ સ્મિત
તમે સૂર એક માગો તો દઇ દઇએ ગીત.

સૂર વ્હાવતા પહેલા છેદાવું પડે છે. છેદાવાની પીડા નહીં? વેદના નહીં? ગીત જો દેવું હોય તો છેદાવું તો પડે જ! વેદનાની વરમાળા ગળે વીંટવી જ પડે! તાલબદ્ધ રીતે જીવનસંગીત મ્હાલવા માટે આ પ્રથમ અને અનિવાર્ય નિયમ છે, ભઇ, નિયમનું ઉલ્લંઘન સામાન્ય રમતોમાય થઇ શકતું નથી ત્યારે આ તો સમગ્ર જીવનની સુખશાંતિનો સવાલ છે ત્યારે નિયમોનું પાલન સ્વસ્થ ચિત્તે સ્વીકારીએ તો કેમ?

# ભાવભીની શ્રદ્ધાંજલી



## સ્વ. નૌતમલાલ જમનાદાસ સંઘવી

જન્મ: તા.૩૦-૧૦-૧૯૪૩    સ્વર્ગવાસ : તા. ૨૫-૦૬-૨૦૦૩

મૂળવતન : જુનાગઢ - હાલ : મલાડ

**પિતા એવા હોય છે જેમનો હોવાનો અહેસાસ ક્યારેય થતો નથી**
**પણ ના હોવાનો અહેસાસ બહુ થાય છે**
**દ્રષ્ટિમાં હજુએ રમે છે તમારો હસતો ચહેરો**
**આપનો માયાળુ સ્વભાવ, આપના જીવનની સાદાઇ**
**સેવા અને સર્મપણની સુગંધ, સદાય મહેકતી રહેશે.**

લી.યશવંતીબેન નૌતમલાલ સંઘવી

પુત્રી : પ્રીતિ ચેતનભાઈ વસા    પુત્રી : શિલ્પા જીજ્ઞેશભાઈ શાહ

પુત્રી : દિપ્તી ગિરીશભાઈ દોશી    પુત્રી : C.A. જીજ્ઞા ધર્મેષભાઈ શાહ

દોહિત્ર : આકાશ, વૃષભ, સૌમ્ય    દોહિત્રી : શિવાની, ગ્રિષ્મા, હિતિકા, માહી

સસરાપક્ષ : પાનાચંદ કસળચંદ મહેતા

માતુશ્રી જયાબેન જમનાદાસ કાનજી સંઘવી પરિવારના

જય જીનેન્દ્ર

Kayami-June

# સ્નેહ વગર જીવન સુનુ

**- સુષ્મા એન.શેઠ (સુરત)**

પ્રેમ અને સ્નેહ એ જીવનની સંજીવની છે તેના વગર જીવન અધુરૂ છે. જેને જીવનમાં પ્રેમ અને સ્નેહ મળતો નથી તેનું જીવન નિરસ અને દુઃખમય બની જાય છે. કુટુંબીજનો અને સ્નેહીઓ પ્રેમ અને સ્નેહના સંબંધોથી જકાડાયેલા છીએ. જો પરસ્પર સ્નેહ ન હોય તો સંબંધો લાંબો સમય સુધી ટકી શકે નહી. સ્નેહની કોઇ કિમંત આંકી શકાય નહી.

પ્રેમ અને સ્નેહના શબ્દો સરળ છે પરંતુ તેનો અર્થ ગહન છે. તેની અનુભૂતિ અલૌકિક છે, પ્રમે અને સ્નેહનો જેમને અનુભવ થયો હોય તે જ તેની કિંમત સમજી શકે. પ્રેમ અને સ્નેહની દિખાવટ થઇ શકતી નથી તે તો અંતરની અનુભૂતિ છે. જેઓ પ્રેમની દિખાવટ કરે છે તે સાચો પ્રેમ હોતો નથી. પ્રેમ અને સ્નેહને કોઇ આવરણની જરૂર પડતી નથી. માત્ર આંખો અને ભાવ દ્વારા પણ પ્રેમ અને સ્નેહ વ્યક્ત થઇ શકે છે.



સ્નેહ અને પ્રેમ એક પક્ષીય હોઇ શકે નહિ. સ્નેહ મેળવવા માટે સ્નેહ આપવો જોઇએ. આમાં જેટલું આપી શકો તેટલું પામી શકો. પ્રેમમાં કોઇ અપેક્ષા ન હોય એમાં કોઇ સ્વાર્થ ન હોય. પ્રેમ અને સ્નેહ ના સંબંધો પવિત્ર છે તેનાથી સમાજ, કુટુંબ અને જીવન ટકી રહ્યું છે.

સ્નેહ, પ્રેમ, પ્રિત, લાગણી, પ્યાર કેટકેટલા નામો છે તેના કોઇ પણ નામની બોલો જેમાં રોમાંચ અને આનંદની અનુભૂતિ થાય તેનું નામ પ્રેમ. શબ્દો તેને વર્ણવી શકે નહિ, કલમ તેને વ્યક્ત ન કરી શકે. અઢી અક્ષરના આ પ્રેમમાં આખી દુનિયા સમાઇ જાય છે. પ્રેમ અને સ્નેહને અનુભવવા માટે નિર્મળ હૃદય જોઇએ. અને સાફ દિલ જોઇએ. સ્નેહ એ તો પવિત્ર ઝરણું છે તેમાં ડૂબકી મારો એટલે આનંદનો મહાસાગર.

સંબંધો બે જાતના હોય છે. એક સ્વાર્થના અને બીજા પ્રેમના. સ્વાર્થના સંબંધો લાંબો સમય ટકતા નથી. સમયની કસોટીમાં તે પાર ઊતરી શકતા નથી. સ્નેહના સંબંધો લાંબો સમય ટકી રહે છે કારણકે તેમાં સ્વાર્થની કોઇ ભાવના હોતી નથી. આમાં લેવાની કે કશું પામવાની નહિં પરંતુ આપવાની ભાવના હોય છે. દરેક માણસના હૈયામાં પ્રેમ અને સ્નેહની લાગણીઓ પડી હોય છે. કેટલાક લોકોમાં જે જલ્દીથી ઊભરીને બહાર આવતી નથી. ગમે તેવા કઠોર માણસના હૃદયમાં પણ ક્યાંક સ્નેહનું ઝરણું વહેતું હોય છે.

પ્રેમ અને સ્નેહનો જાદુ અનોખો છે, તેમા હુંફ છે, સલામતી છે. સ્વાપર્ણ છે, નાનુ બાળક રડતું હોય પરંતુ માં તેને સ્નેહથી ખોળામાં લે ત્યારે બાળક રડતું બંધ થઇ જાય છે. આમાં છે માતાનો સ્નેહ બાળકને માતાના સ્નેહની હુંફ મળે છે. માણસ માત્ર પ્રેમને ઝંખે છે પ્રેમ અને સ્નેહ વગર માણસ જીવી શકે નહિ. પ્રેમમાં વિખુટા પડવાનું મોટું દુઃખ છે અને મિલનનું મોટું સુખ છે. તરસાવે છે, તડપાવે છે અને તૃપ્ત પણ કરે છે.

પ્રેમ અને સ્નેહ મેળવવા માટે સામે એટલો જ પ્રેમ અને સ્નેહ આપવો પડે, તેમાં ઓતપ્રોત બનવું પડે. પ્રેમમાં પણ ત્યાગની ભાવના જોઇએ. પ્રેમ અને સ્નેહ પૈસાથી ખરીદી શકાતા નથી. પૈસાથી જેમણે પ્રેમ ખરીદવાનો પ્રયાસ કર્યો છે તેમને પ્રેમ કદાપિ મળ્યો નથી અને તેમનું જીવન દુઃખમય હતાશા અને નિરાશામાં ડૂબી ગયું છે. પ્રેમ એ તો લાગણી અને ભાવના છે આનંદ છે, ખુશી છે.

પ્રેમ અને સ્નેહના સંબંધો જયારે છલકાય છે ત્યારે મન આનંદથી વિભોર બની જાય છે અને આંખોમાંથી સ્નેહની સરિતા વહી પડે છે અને હૈયું હિલોળા લેતું હોય છે. પ્રેમમાં ઉંચ-નીચ ગરીબ-તવંગર, નાના-મોટાના કોઇ ભેદ હોતા નથી. તેને કોઇ સીમા હોતી નથી. સકળ વિશ્વ તેને માટે નાનું પડે છે. આ અદ્ભૂત આનંદ એનું નામ પ્રેમ.

- સો.વિ. - દિપોત્સવી અંક ૧૯૯૩ ના અંકમાંથી

# પૂ. બાને કોટિ કોટિ વંદન







# પૂજ્ય મુક્તાબેન વ્રજલાલ બેચરદાસ મહેતા

**જન્મ:** તા. ૨૭-૭-૧૯૨૨

**સ્વર્ગવાસ:** સંવત ૨૦૬૧ના વૈશાખ વદી ૧૩ને તા. ૫-૬-૨૦૦૫.

જગતની દરેક સમૃદ્ધિ મળે, પણ કલ્પવૃક્ષ સમી તમારી છાયા ક્યાંય મળશે નહીં, આશિષ મળ્યા તમારા,
રહી આજ સુધી છત્રછાયા આપની, હશે કોઈ ગત ભવના પુણ્ય અમારા,
જન્મોજન્મ મળે તમારો વાત્સલ્યભાવ એવી અમારી અંતઃકરણની અભ્યર્થના...!
આપે મમતાભર્યા પ્રેમથી અમારું પાલન-પોષણ કરી, સાચા ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરી,
અમારા વ્યક્તિત્વને તમે વિકસાવ્યું છે. આપનો કુટુંબ પ્રત્યેનો સદ્‌ભાવ તેમજ સદ્‌ગુણોને સંભારી આપે
સૂચવેલા શાશ્વત મૂલ્યો અને ઉચ્ચ સંસ્કારોનો વારસો અમે સાચવી શકીએ તેવી પ્રેરણા પરમાત્મા અર્પે
તેવી અહર્નિશા પ્રાર્થના... !

## લિ. વ્રજલાલ બેચરદાસ મહેતા પરિવાર

**પુત્ર-પુત્રવધુ:** જયંત-શોભના, ઈન્દુમતી હરકિશન મહેતા,
**પુત્રી:** હેમલતા શશીકાન્ત પારેખ **પૌત્ર:** દિવ્યેશ પૌત્રવધુ: દીપ્તી
**પૌત્રી:** ભાવના નિમેષકુમાર શેઠ **પૌત્રીઓ:** એકતા ચિરાગ વેજાણી, તૃપ્તિ, હેતલ
**પ્રપૌત્ર** : પૂજન, ધ્રુવ, ધૈર્ય, **પ્રપૌત્રી** : જીયા, રીયા

**જયંત વી. મહેતા**
૬૦૧/૬૦૨, સાઈ દર્શન, એ-વીંગ, મનુભાઈ પી. વૈદ્ય માર્ગ, તિલક રોડ,
દિનેશ ભુવન દેરાસરની સામે, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ ૪૦૦૦૭૭
મોબાઈલ: ૯૮૨૦૦૨૫૬૭૪, ૯૮૧૯૯૭૧૨૧૩, ૯૮૨૦૩૫૨૮૨૯, ૯૮૨૦૯૨૫૬૭૪ / ૯૯૩૦૪૪૪૬૯૬

Kayami-June

# જી, હા... આ શહેર છે.

- અનિલ જી. મહેતા

માનવ કિડિયારા અહીં ઉભરાય છે. મધપુડામાં બણબણતી માખીઓની જેમ માનવજંતુઓ અહીંતહીં ભટક્યા કરે છે. સુખની શોધમાં નિકળેલા અહીંના માનવીને પૈંડા ઉગવાના બાકી છે. ને ચીમની ફૂટવાની બાકી છે. અહીં સવાર કુકડાના ''કુકડે કુક'' થી નથી પડતી પણ માલ-ફેક્ટરીની સાયરન વાગવાથી પડે છે. સંધ્યાના રંગો અહીં મીલોના ધુમાડામાં ઓગળી જાય છે.



તમામ મોટા શહેરમાં પથરાયેલી ડામરની સડકો અહીંના માનવીના દિલ સુધી પણ પહોંચી ગઇ છે. જ્યાં લાગણીનું બીજ ઊગી શકતું નથી. મોસમનો પહેલો વરસાદ પડે ને માટીમાંથી ભીની સુગંધ ઉઠવાને બદલે અહીંયા ગટરો ઉભરાય છે. કોયલનો મીઠો ટહુકો વાહનોના ઘોંઘાટમાં ખોવાઇ ગયો છે. ડીસ-એન્ટીનાઓનું જંગલ અહીં ફુટી નિકળ્યું છે. ને પંખીઓ પણ તેના ઉપર બેસવા ટેવાવા લાગ્યા છે. ક્યુમાં ઊભા રહેવાની શિસ્ત અહીં બગીચાના વૃક્ષો પણ શીખી ગયા છે.

ગગનચુંબી ઇમારતોમાં અહીં ગાડીઓને માટે ગેરેજ છે. પણ માનવીઓ માથે ફુટપાથનો ખુણો પણ નથી. અહીંની સ્ત્રીઓ પોતાના બાળકો આયાને સોંપીને કૂતરાઓને રમાડે છે. અહીં એરકન્ડીશન રૂમની ડનલોપની ગાદીમાં પણ ઉંઘ નથી આવતી (નથી મળતી) ગોળીરૂપે વેચાતી લેવી પડે છે. શો કેસમાં ગોઠવેલા ફુલોમાંથી અહીં સુગંધ આવતી નથી. પણ કયારેક ગામડામાંથી ચોખ્ખું ઘી અહીં આવી જાય તો દુર્ગંધવાળુ લાગે એટલી હદે નકલીની ટેવ અહીંના લોકોને પડતી જાય છે.

અહીંના સિનેમા-નાટકો, ઉભરાય છે. ત્રણ-સાડાત્રણ કલાક સુધી વિલાસ અને ક્રૂરતા જેવી બિભત્સ વૃત્તિઓ અહીં મનોરંજનનો આંચળો ઓઢી લે છે. હોટલો અને રેસ્ટોરન્ટો ખાણીપીણીની મજા માણનારા લોકોની ભરપૂર છે. ને હોસ્પિટલોમાં રોગોની સજા સહેતા દર્દીઓની કતાર છે. દોડ્યા કરતા વાહનોનો પાર નથી ને અકસ્માતનો સુમાર નથી.

SORRY અને THANKYOU જેવા સબ્દોમાં અહીં



સભ્યતા સમાઇ જાય છે. ઘડિયાળની સાથે માનવી પણ દોડ્યા કરે છે. અહીં સ્મિતની પાછળ પણ કપટ હોય છે. ને અપ-ટુ-ડેટ કપડાની પાછળ દંભ છુપાતો ફરે છે.

- સો.વિ. - દિપોત્સવી અંક ૧૯૯૩ ના અંકમાંથી

# ૨૮ મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રીમતી વિલાસબેન વિનોદભાઈ શાહ

જન્મઃ તા. ૧૧-૭-૧૯૫૦ ❖ સ્વર્ગવાસ : તા. ૧૦-૬-૧૯૯૬

**વર્ષ ૨૮ વીતી ગયાં પણ જાણે કાલની વાત છે. દ્રષ્ટિમાં હજુય રમે છે તમારો હસમુખ ચહેરો અને માયાળુ સ્વભાવ, આપના જીવનમાં નીતરતી સદાય સેવા અને કુટુંબ ઉપયોગી સમર્પણની સુગંધ સમગ્ર કુટુંબને સદાય મહેંકતી રાખશે.**

**''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયાં<br>સુગંધ જેની ચૌ-તરફ મૂકતાં ગયાં.''**

આપના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ આપે તેમ જ આપના આશિર્વાદ હંમેશ અમારી સાથે રહે તેવી અમારી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના...!!!

**લિ.**

**સ્વ.વિનોદભાઈ શામજી શાહ**

**પુત્ર-પુત્રવધુ :** જિગર - ઉર્વી

**દીકરી-જમાઈ :** ચૈતાલી - પરીન શાહ

**પ્રપૌત્ર :** નીવાન

**દોહિત્ર :** વિધાન અને વિહાન

**શાહ શામજી સુંદરજી પરિવાર (વંથલી-સોરઠ) હાલ ગોરેગામ, દહાણુ રોડ,<br>મહેતા ચુનીલાલ વીરચંદ પરિવાર (મેવાસા) હાલ જામનગર, કલકત્તા**

Kayami-June

# મોહક મહકત મુંબઈ

- કેવલ્ય શાહ

ગુરૂ પાસે રહી જ્ઞાન પ્રાપ્ત કરવું એ પરાપૂર્વથી ભારતની સંસ્કૃતિ રહી છે. મુંબઈ નગરી પર પણ એનો પ્રબળ પ્રભાવ રહ્યો અને વિશાળ જળરાશી સાથે રહીને મુંબઈ નગરીએ પણ દરિયાદિલી શીખી લીધી. દેશ-વિદેશથી આવેલા લોકોને મુંબઈએ એટલી સહજતાથી અપનાવ્યા છે, જેમ કોઇ માં બાળકને ખોળામાં લઇ લેતી હોય. જાત-પાત તથા ઊંચ-નીચના ભેદભાવથી પર, આ ધરતી ઉપર જેણે પણ પગરણ માંડ્યા, ''વસુધૈવ કુટુમ્બકમ્'' ની ભાવનાથી એની દિલવાણીના તાર ઝણઝણવા લાગ્યા.

મુંબઈ એક એવી નગરી છે, જ્યાં માનવતા, માનવીનું રૂપ લઇ શકે છે. સાગરના સાનિધ્યમાં સાગર જેવી ઊંડાઇ મુંબઈને મળી છે, તો ભરતી અને ઓટ પણ એણે જોયા છે.

વર્ષો પહેલાની વાત છે, નાના-નાના ટાપુઓ ઉપર આંગળીના વેઢે ગણી શકાય એટલાં લોકો અહીં રહેતાં હતાં. ટાપુઓએ સાથે મળી વિચાર્યું - જો આપણે આગળ વધવું હોય, કંઇક કરી બતાવવું હોય તો આપણે હળીમળીને આગળ વધવું પડશે. બસ પછી શું ? ટાપુઓ એકમેકમાં ભળી ગયાં અને મુંબઈ નગરીના સુવર્ણ કાળનો સૂરજ ક્ષિતિજ પર દેખાવા લાગ્યો. એકાત્મતાની ભાવનાથી નાના-નાના ટાપુઓ દુનિયામાં આજે પોતાનું આગવું સ્થાન સિદ્ધ કરી દીધું છે.

ધીરે ધીરે મુંબઈ નગરીનો વિકાસ થવા લાગ્યો, કાલે જેણે મુંબઈને જોઇ હતી, એને આજે એમાં કાંઇક નવું જોવા મળે છે. સાગર કિનારે વસેલી મુંબઈ નગરીમાં આસમાન ચૂમતી આજે અસંખ્ય ઇમારતો છે, તો મનભાવન, સુંદર, આકર્ષક બંગલાઓની કમી પણ નથી. સિમેંટથી બનેલી જડ ઇમારતોની સાથે સદૈવ પ્રફુલ્લિત લહેરાતાં ઝાડ-પાનથી તો મુંબઈ નગરીમાં હરિયાળી છે. સુંદર બાગ-બગીચા, નયનરમ્ય સાગરતટ અને ખેલદિલ નગરજનોએ મુંબઈને એક નવું રૂપ- નવો ઓપ આપ્યો છે.

મુંબઈ શહેર કયારેય સૂતું નથી, દિવસ-રાતની ચહલ-પહલથી એટલું સતર્ક છે કે મુંબઈવાસી આરામથી સૂઇ શકે છે.

મુંબઈ નગરીએ દિન-રાતની નિરંતર પ્રગતિ પછી પણ સંયમ જાળવ્યો છે. અહમ્-અહંકારને નિજથી દૂર રાખી, જયારે પણ દેશના કોઇ પણ હિસ્સામાં દુકાળ પડ્યો, અતિવૃષ્ટિ થઇ, તોફાનો આવ્યા કે અન્ય કોઇ આપત્તિ આવી પડી, આ નગરીએ સૌથી પહેલાં પોતાના કદમ-સહયોગ આગળ વધાર્યા અને દુઃખીઓના તારણહાર બનવાની સાથે દુઃખ વહેંચી લેવાનો નોખો માર્ગ પણ બતાવ્યો. સંકટમાં ઘેરાયેલાં માનવોની મદદ કરવા અને દેશસેવા માટે, આ નગરના દરેક નગરજને તન, મન અને ધનથી પોતાનું કર્તવ્ય નિભાવ્યું છે. આ જ પુણ્યાઇ છે, જેણે મુંબઈ નગરીને અનેક સંકટોના કાતીલ નહોરના ઉઝરડાથી બચાવ્યું છે.

મુંબઈ શહેરમાં જ્ઞાનપિપાસુ લોકોની જ્ઞાનપિપાસા છિપાવવા અનેક સંસ્થાઓ છે. વિદ્યાલય-મહાવિદ્યાલય વિદ્યાભ્યાસીઓથી ભર્યા ભર્યા છે. શિક્ષણ તરફ ધ્યાન આપવાની સાથે સાથે ખેલકૂદમાં પણ મુંબઈનું યોગદાન સરાહનીય રહ્યું છે.

મનોરંજન, સાંસ્કૃતિક અને ઇતર પ્રવૃતિઓથી સમસ્ત વિશ્વમાં મુંબઈએ પોતાનું નામ ઉજાગર કર્યું છે. દેશ-વિદેશથી આવેલાં કલાકારોની કદર અને એમનો આદર મુંબઈ નગરી ખરા દિલથી કરે છે. કલાકાર ગાયક હોય કે ચિત્રકાર, કલાનિપુણની કલાની કદર મુંબઈવાસી ઉત્કૃષ્ટતાથી કરે છે, એટલે જ સાંસ્કૃતિક કાર્યક્રમોને અહીં જેટલી દાદ મળે છે એટલી જ વિજ્ઞાનની તરક્કીથી બ્રહ્માંડની સફર કરાવતી વૈજ્ઞાનિક સિદ્ધિને પણ મળે છે.

આવી મોહમયી મુંબઈ નગરીમાં કુબેરે પોતાના ભંડાર ખોલી રાખ્યા છે. ધન પ્રાપ્ત કરનાર ધનવાન અહીં છે તો દાનવીર કર્ણ પણ અહીં દરેક મોડ પર દેખા દે છે. જળથી ભરેલા સરોવરમાં ખીલેલા સરોજની જેમ, આટલા મોટા જન સમુદાય વચ્ચે પણ કેટલાક માનવી એવા છે, જે વાસ્તવમાં ભગવાન છે.

મુંબઈ નગરીમાં માનવી, માનવીને જાણે છે, માનવાતાને જ એ માણે છે. એટલા માટે જ સર્વધર્મના લોક અહીં એકમેકથી એ રીતે હળેમળે છે માનો રામ, રહીમ, ઇશુ, નાનક પોતાના મંદિર, મસ્જીદ, ચર્ચ, ગુરૂદ્વારાથી બહાર નીકળી આપસમાં ગળે મળી રહ્યા હોય.

એક તરફ અગણિત કુટીરવાસીઓએ ધરતી સાથે પોતાનો મેળ જાળવી રાખ્યો છે તો બીજી તરફ વાદળો સાથે વાતો કરતી ઇમારતોમાં રહેનારાઓએ જાણે આસમાન થામી લીધું છે. અન્યથા ધરતી અને આસમાન વચ્ચેનું અંતર આ નગરીમાં ઓછું જોવા મળે છે, જાણે મન-મેળનો ક્ષિતિજ અહીં જ હોય.

ભોતિક સુખ ખાતર મુંબઈમાં જેટલી સુવિધાઓ ઉપલબ્ધ છે એના કરતા પણ વધારે આધ્યાત્મિક ઉન્નતિ પામવા માટે ધર્મસ્થાનોએ ચારો તરફ પોતાના પવિત્ર આશયના આસન પાથરી રાખ્યા છે. માનવીની જરૂરતો તથા અપેક્ષાઓને સંતોષવા અહીં બધું જ સહજ છે. પામવું દરેકના હાથમાં છે.

સૃષ્ટિના ચમનમાં મુંબઈ નામના ગુલાબના છોડ પર કાંટા પણ છે, આ તો ફક્ત ગુલાબની એક પાંખડી.

- સો.વિ. - દિપોત્સવી અંક ૧૯૯૩ ના અંકમાંથી

# શ્રદ્ધાંજલિ

# -: માતૃદેવો ભવ :-



**જન્મ :**
**૧-૮-૧૯૩૧**

**અરિહંતશરણ :**
**૨૯-૬-૨૦૧૧**

## માતુશ્રી મંજુલાબેન નગીનદાસ મહેતા

**થાણા દેવડી (અમર નગર) હાલ : ઘાટકોપર / બોરીવલી**

**પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી,**
**પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, અંજલિ આપતા હૈયું તૂટે છે,**
**શ્રધ્ધાંજલી આપતા શબ્દો ખૂટે છે......**
**પરિવાર આખામાં આપનું જીવન એક સુશ્રાવિકા તરીકે આપની ધાર્મિક દિનચર્યા અને અગણિત તપશ્ચર્યા....**
**જે અમને હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરે છે.**
**ક્યારેક કહેવાયેલા તમારા સત્સંગના ભણકારા સંભળાયા કરે છે**
**અને યાદોમાં તમારા દર્શન થયાં જ કરે છે.**
**પ્રભુ તમારા દિવંગત આત્માને પરમશાંતિ અર્પે એવી પ્રાર્થના......**

**પુત્ર - પુત્રવધૂ** : સ્વ. રમેશચંદ્ર - મધુબેન
**પૌત્ર-પૌત્રવધૂ** : સૌરભ-જીનાલી / અંકિત-કોમલ
**પૌત્રી-જમાઈ** : બિજલ-જીગર
**દીકરી-જમાઈ** : ઉર્મિલાબેન-હસમુખભાઈ
**દોહિત્ર-દોહિત્રવધૂ** : ભાવિન-કેજલ, નિરવ-ચૈતાલી, ધવલ-કીપ્સુ

**પુત્ર- પુત્રવધૂ** : મયુર-કીર્તિબેન
**પૌત્ર-પૌત્રવધૂ** : મહેક-પ્રગતિ / રોનક-અદિતિ
**પ્રપૌત્ર/પ્રપૌત્રી** : રિશાન - મનય, પરી-ધન્વી
**દીકરી-જમાઈ** : તુલાબેન-કમલેશભાઈ
**દોહિત્રી-જમાઈ** : ભૂમિ-નિરવ

**શ્રી જમનાદાસ કાનજીભાઈ સંઘવી (જૂનાગઢ) પરિવાર, સ્નેહીજનો તથા સમસ્ત પરિવાર**

**કીર્તિ ડિયામ** (જ્વેલર્સ)
૭/૮/૯, શંકર નગર, વલ્લભબાગ લેન,તિલક રોડ કોર્નર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૭.
**ફોન : ૦૨૨ ૨૧૦૨ ૭૦૮૩ / ૨૧૦૨ ૫૯૨૪**
**મયુર મહેતા : ૯૮૨૦૦૫૬૨૨૬**

Kayami-June

# કરણી તેવી ભરણી

**સત્ય ઘટના**

**મુગટલાલ ઓ. વોરા**
બાર એચ લૉ, એડવોકેટ

આ જીવન પહેલા કોઇ જીવન હતું કે કેમ અને આ જીવન પછી કોઇ જીવન છે કે કેમ, તે વિષય ઉપર વિદ્વાનોએ ભૂતકાળમાં ઘણી ચર્ચા કરેલ છે. વર્તમાન કાળમાં કરી રહ્યા છે અને ભવિષ્યમાં કર્યે રાખશે તેમ છતાં તે અંગે દરેક વ્યક્તિને સ્વીકાર્ય એવો કોઇ સચોટ નિર્ણય થઇ શક્યો નથી અને કદાચ કયારેય થઇ શકશે કે કેમ તે અભેદ્ય છે અને રહેશે. એ જ રીતે ઇશ્વર છે કે કેમ તે અંગે તેવી જ ચર્ચાઓ થયેલ છે, થતી રહે છે અને થતી રહેશે. પરંતુ આધુનિક વિજ્ઞાન યુગના માનવીએ અનેક બાબતોમાં હરણફાળ ભરી અનેક શોધ કરેલ છે, કરી રહેલ છે અને કરતો રહેશે છતાં ઇશ્વરના અસ્તિત્વ અંગે મતભેદો ચાલ્યા જ આવે છે, ચાલુ છે અને ચાલુ રહેશે તે અંગે કોઇ શંકા નથી.

આવી પરિસ્થિતિ હોવા છતાં ઈશ્વર કે કુદરતનું અસ્તીત્વ છે તેમ માનવું પડે તેવા ઘણાં બનાવો બનેલ છે. બનતા રહે છે અને બનતા રહેશે. આવા બનાવોના કારણે માનવીઓને ઈશ્વરના વ્યક્તિત્વમાં શ્રદ્ધા ઉત્પન્ન થતી રહે છે. ખેર, આ ભાવ પછી અન્ય ભવ છે કે કેમ તે વિવાદમાં ઉતર્યા સિવાય એક વસ્તુ તો ચોક્કસ છે કે અમુક બનાવો એવા બને છે કે ઈશ્વર જેવી વસ્તુ છે અને આપણા સારા નરસા કર્મોના ફળ અહીં સ્વીકારવું પડે છે અને તે કારણે ઈશ્વરનું અસ્તિત્વ છે તેવું નાસ્તિકોએ પણ માનવું પડે છે.

આ અંગેની એક સત્ય ઘટના અત્રે રજુ કરૂં છું. રાજકોટ ડિસ્ટ્રીકટનું એક શહેર છે. રજવાડાઓ નાબુદ થઈ ગયા છતાં રાજા સાહેબ, રાણી સાહેબ, યુવરાજ તેવા ટાઈટલો ચાલુ રહ્યા છે. આવા શહેરના એક યુવરાજ તેમના શહેરમાં અન્ય વ્યવસાયો ઉપરાંત ફીલ્મો પ્રદર્શિત કરવાનો વ્યવસાય કરે છે. આ વ્યવસાય તેઓ તેમના ખાસ સંબંધવાળા કુટુંબના એક નબીરા મારફત ચલાવે છે. આ યુવરાજ માજી ધારાસભ્ય, માજી સંસદ સભ્ય અને માજી પ્રધાન તરીકે પણ રહી ચૂકેલ છે. છેલ્લી સંસદની ચુંટણીમાં તેમનો કોઈ ગજ વાગ્યો નહિં અને ચુંટણીમાં સખ્ત હાર થતાં અત્યારે એક અદના શહેરી અને જુના રાજવી કુટુંબના યુવરાજ તરીકે જીવન વ્યતિત કરે છે, પરંતુ માજી ધારાસભ્ય, માજી સાંસદ તથા માજી પ્રધાન તરીકે રહી ચૂકેલ હોઈ બધે સ્તરે સારી એવી વગ ધરાવે છે અને તે સ્વભાવિક છે. યુવરાજ પોતે સીધા અને સરળ સ્વભાવના છે. સાદાઈની મૂર્તિ છે. ફાટેલા બુશકોટમાં પણ તેઓને જોયા હોય તેવા ઘણાં શખ્શો તે શહેરમાં છે, પરંતુ આ યુવરાજ કાચા કાનના તો ખરા જ.

યુવરાજ સાથે ખૂબ જ ઘરોબો ધરાવતા એક કુટુંબનો નબીરો યુવરાજના સિનેમાનું સંચાલન કરે છે. આ નબીરો યુવરાજનું નામ જયાં ત્યાં વટાવી પોતાનું ધાર્યું કરતો આવેલ છે અને જયાં ધાર્યું ન થાય ત્યાં યુવરાજના કાન ભંભેરી યુવરાજને તેની રાજકીય વગ વાપરી ધાર્યું ન કરી આપનાર શખ્સને શિક્ષા થાય, ત્રાસ થાય અને આર્થિક નુકશાની થાય તેવી પેરવીઓ કરે છે કે જેથી તે શખ્સ નબીરાને નમી પગમાં પડી જાય. આમ આ નબીરો નાના શહેરમાં પોતાની જાતને તાજ વગરના બાદશાહ તરીકે માનતો ફરતો હતો.

વસ્તુ એવી બની કે આ શહેરમાં એક નવું અધતન સિનેમા ગૃહ બંધાયું અને તે સીનેમા ગૃહમાં ફિલ્મો પ્રદર્શિત કરવાનું શરૂ થતાં યુવરાજના જૂના પુરાણા દરબારગઢમાંથી ઊભું કરાયેલ સીનેમા ગૃહમાં એક સમયે પુરબહારમાં ચાલતા સીનેમાના ધંધાને ખૂબ જ અસર થયેલ અને ધંધો પચાસ ટકાથી પણ ઓછો થઇ ગયો. આથી તે નબીરો ઉશ્કેરાયો અને નવા સીનેમા ગૃહના સંચાલકોને રાજકીય વગ વાપરી યેનકેન પ્રકારેણ હેરાનગતિ પહોંચાડવા લાગેલ અને સરકાર શ્રી અને સરકારી અમલદારો ઉપર દબાણ કરી ખોટા કેસો કરાવ્યે રાખ્યા. નવા સીનેમા સંચાલકોએ વળતા કોઇ પગલાં લીધા નહિં અને મુંગેમોઢે આવા પગલાંઓનો બચાવ કરતા રહ્યા, પરંતુ ઇશ્વર કે કુદરત છે અને સારા નરસા કર્મોના ફળ એટલે કે ‘‘અહીંનું અહીંયા જ છે’’ તેમ પ્રસ્થાપિત થાય તેવો અને બૃદ્ધિ કામ ન કરે તેવો એક બનાવ થોડાં સમય પહેલાં બનેલ છે જે ઉપરથી ઇશ્વર કે કુદરતનું અસ્તિત્વ છે તેવા સંકેતો ચોક્કસ રીતે મળી રહે છે તેટલું જ નહીં પરંતુ જેવી કરણી તેવી ભરણીનો તે નબીરો ઇશ્વરે અનુભવ કરાવેલ છે.

થયું એવું કે આ નબીરો પોતાના શહેરની એક શેરીમાં પોતાના માલિકીના મકાનમાં રહેતો હતો. આ મકાનની કિંમત આશરે પાંચેક લાખ જેવી હશે. આ મકાનની બન્ને બાજુ બીજાઓના મકાનો છે. વચ્ચે આ નબીરાનો બંગલો આવેલ છે. થોડા સમય પહેલાં આ બંગલામાં નબીરો અને તેના કુટુંબીઓ રાત્રે સૂતા હતા ત્યાં મધરાતે મોટો અવાજ થયો, જાગીને નબીરો તથા કુટુંબીઓ બંગલાની બહાર દોડી આવ્યા અને જોયું તો બંગલાની છતનો અમુક ભાગ પડી ગયેલો. સદનશીબે નબીરા કે તેના કુટુંબના કોઇ સભ્ય કે સભ્યો ઉપર કાટમાળ પડેલ નહીં, નહિં તો જાનહાનિ કે ગંભીર ઇજા થતે. દિવાલમાં તિરાડો પડેલી માલુમ પડેલ અને મકાનનો પાયો થોડો બેસી ગયેલ જણાયેલ. આ બંગલાના બંન્ને તરફના બાજુના મકાનો જોતાં તેમાં આવી કોઇ અસર જોવા મળેલ નહિં. શેરીના બધા મકાનો સલામત હતા, કોઇ મકાનને કોઇ આંચ આવ્યાનું દેખાયેલ નહિં.

આ નબીરાને ભાડાનું મકાન શોધી તે ભાડાવાળા મકાનમાં રહેવા ચાલ્યા જવાની કુદરતે ફરજ પાડેલ અને માલિકીનું મકાન છોડાવાની ફરજ પડેલ.

નબીરાએ નામાંકિત એન્જીનીયરોને ભેગા કરેલ અને આ રીતે

થવાનું કારણ શોધી કાઢવા તેઓને જણાવેલ. એન્જીનીયરોએ બંગલાનું ઝીણવટભર્યું ઇન્સ્પેકશન કરી કારણ શોધવા પ્રયાસો કરેલ પરંતુ તેઓને નબીરાને સલાહ આપી કે આ બંગલો રીપેર કરી તેમાં રહેવું સલામતિભર્યું નથી જેથી નબીરાએ તે પાંચ લાખનો બંગલો ત્યજી દેવો પડ્યો, જે આજે કોઇ નજીવી કિંમતે વેચાણ રાખવા પણ તૈયાર નથી. આ પાંચ લાખની નુકશાની ઉપરાંત નબીરાને બીજી જમીન લઇ નવું મકાન બાંધવાની ફરજ પડેલ છે જેથી તે મોટા ખર્ચાના ખાડામાં ઊતરી પડેલ છે. આમ આર્થિક મોટી નુકશાની સહન કરવાનું સંકટ નબીરાના માથે આવી પડ્યું એક અદનો આ શેરીમાં જ રહેતો માણસ કે જે આ નબીરાના કર્તુતોથી સારી રીતે માહિતગાર હતો અને જે તે રાત્રે ટોળામાં હાજર હતો. આ બનાવ જોઇને તે ''અહીનું અહીંયા જ છે'' તેમ બોલતો ટોળામાંથી નીકળી નબીરાના બંગલાની બાજુમાં અડોઅડ આવેલ પોતાના ઘરમાં જતો રહેલ.

- સો.વિ. - દિપોત્સવી અંક ૧૯૯૩ ના અંકમાંથી

# સ્ત્રી સ્નેહનું ઝરણું

- સેજલ (મહેતા) શેઠ

સ્ત્રી, સ્નેહ, સરળતા, એ એક જ વસ્તુનાં વિવિધ નામો છે. સ્ત્રી મોટામાં મોટું દુઃખ પણ હોઠો પર સ્મિત સાથે સહી લે છે. ઉપર્યુક્ત વાતો પરંતું આજના કલિયુગમાં એક હકીકત છે. પરંતુ આજનો પુરૂષપ્રધાન સમાજ આ નક્કર હકીકત સ્વીકારવાનું સામર્થ્ય ધરાવતો નથી. સ્ત્રી ગૃહલક્ષ્મી, જીવનસંગિની અને પરિચારિકા આ ત્રણેયનું સ્નેહરૂપી ઝરણું છે. પ્રેમ કેવી રીતે કરવામાં આવે છે તે ફક્ત સ્ત્રીઓ જ જાણે છે. પરંતુ...? પરંતુ આજનો માણસ તો સ્ત્રીને ફક્ત એક ચાવીવાળું રમકડું જ સમજે છે. વાસનાનું એક સાધન જ સમજે છે. સમાજમાં ઘણાં એવા દાખલાઓ જોવાં મળે છે. કે સ્ત્રીની આવી હાલત વિશે દયા આવી જાય.

હું પણ એક સ્ત્રી જ છું ને? સમાજમાં સ્ત્રીની આવી હાલત માટે તે પોતે જ જવાબદાર છે. આજકાલ તો ભણેલી ગણેલી સ્ત્રીઓને પણ પોતાની રીતે વિચાર કરવાનો મોકો જ નથી મળતો. લગ્ન થઇ ગયાં પછી તેનો હક તેના પતિને અથવા સાસુ-સસરાને આધીન હોય છે. લગ્ન પછી સ્ત્રીએ પોતાનાં પતિનું જ સુખ જોવાનું એમ નહિ કે પતિનું જ બધું સંભાળવાનું, પરંતુ સ્ત્રીને પણ લાગણી, અણગમાં, હોય એવું હોઇ શકે ને?

આજની સ્ત્રી ભણેલી ગણેલી હોવાથી તે તેનાં શિક્ષણનો ઉપયોગ કરવા માંગે છે. પરંતુ સમાજ તેને તેમ કરતાં રોકે છે. અને જો સ્ત્રી સમાજની ઉપરવટ જાય તો તેને શંકાની નજરે જોવાય છે, તેની તરફ સત્તર જણાં આંગળી ચીંધે છે આવું બને છે ત્યારે હૃદય વિહ્વળ બની જાય છે અને પોકારી ઉઠે છે કે આવું શા માટે? શા માટે?

સાસુ પણ વહુ તરીકે ન જોતાં દિકરી તરીકે જુએ નણંદ પણ ભાભી તરીકે ન જોતાં એક બહેન કે દીદી તરીકે જુએ તો આ સંસારબાગ મહેંકી ઉઠે.

જયાં સ્ત્રીઓનું સમ્માન થાય છે, ત્યાં દેવો પણ પ્રસન્ન થાય છે. જયારે સ્ત્રીઓનું હૃદય પવિત્રતાનો સાર બની જાય છે. ત્યારે જગતમાં એનાથી વધુ કોમળ કોઇ વસ્તુ હોતી નથી.

પરંતુ આજના જમાનામાં તો સ્ત્રી કાંઇક જવાબ આપવા પણ જાય તો તે સામું બોલે છે કહીને તેને ધુત્કારી નંખાય છે. ગમે તેટલો મોર્ડન જમાનો આવશે ને તો પણ સ્ત્રીની દશા તો પહેલાં હતી તેવીને તેવી જ રહેવાની છે. એક બાજુ સાસુ-પતિ બોલે છે કે ઘરમાં ભણેલી વહુ આવી છે તો ભલે ભણતરનો ઉપયોગ કરે ને સર્વિસ કરે એટલે એનો ટાઇમપાસ પણ થાય અને ઘરમાં બે પૈસા પણ આવે. પરંતુ એમ વિચારવા જતાં સાસુ અને પતિએ પણ થોડોક ભોગ આપવો જરૂરી છે. ખેર! એ તો સૌની ઇચ્છીની વાત છે.

લખવું હોય તો પાનાઓનાં પાના ભરાય, પણ હું ફક્ત એટલું જ કહેવા માંગું છું કે સ્ત્રી બધું જ કરી શકે છે પરંતુ પોતાની ઇચ્છા વિરૂદ્ધ પ્યાર કરી શકતી નથી. સ્ત્રીઓનું સન્માન કરો તે આપણા પાર્થિવ જીવનને સ્વર્ગીય ફૂલોથી સુગંધીત અને સુંદર બનાવે છે.

## જીવન વિશેષ જીવવું છે!

જવાબદારીના પડછાયામાં મિત્રો,
હું વિખરાયેલો એક, કવિ છું,
ભર મધ્યાહને ધખધખતો,
જાણે એક બિંદુ 'રવિ' છું.
'ચંદ્ર' સમી શીતલતા જંખતો,
હું એક સામાન્ય 'માનવી',
ને સહજ ભાવે કરૂ હું
ગમતી વાતો 'અવનવી'
સમર્પિત ભાવે જીવન જીવી,
'પર' કાજે દીપક થવું છે,
બસ સંકલ્પ છે એ જ હવે,
'હિતેશ' જીવન વિશેષ જીવવું છે.

- **હિતેશ સી. મહેતા,** મલાડ

હર ગલી અફવાહ કા બાઝાર હૈ
લોગ હૈ કી બોલતે અખબાર હૈ
બંદ હો જાયેગી રાશન કી દુકાન
આજ કુછ હાથો મેં ફીર તલવાર હૈ
અબ ટ્રકો મેં કૈસે આયેગા અનાજ?
ખેતમેં ગાડે હુએ હથિયાર હૈ
હર શહર મેં એક ગાંધી હૈ નયા
કુર્સિયોં કા જિસકા કારોબાર હૈ
કોઇ પયગમ્બર બને યા ન બને
આદમી બનતા બહુત દુશવાર હૈ

-૦-૦-૦-

તેડું આવશે ઉપરવાળાનું
વેળા જવાની ત્યારે થશે
સગા કુટુંબ ભેગા મળીને
ચમચી ગંગાજળ મુજ મુખે ધરશે
પાંચ પચીશ ભેગા થઇને
ઉતાવળ કાઢવાની કરશે
સ્વાર્થની સગી છે આ દુનિયા
'કેશવ' ઘડીમાં ભૂલી જશે

**- કેશવ બરતીયા**



## વાવડ

પ્રાપ્ત નહિતર શી ભલા સગવડ નથી
માણવાની બસ તને ત્રેવડ નથી.
દર્દ જોઇ કોઇનું તડપે નહીં
દિલ અમારું વજ્ર જેવું જડ નથી.
છે બધું દુન્યામાં 'મન્ઝર' હેમખેમ
માણસાઇના કશા વાવડ નથી.

**- ''મન્ઝર'' કુતિયાન્વી**

## વખાણ

આ યુગમાં તો કોઇ પૂછતું નથી,
ચોમેર થૈ રહ્યા છે ફક્ત પાપના વખાણ
સિદ્ધિ વરે છે કષ્ટ અને યાતના પછી,
ફોગટ કરો છો મંત્ર અને જાપના વખાણ.
ચોડી તમાચો ગાલને મિત્રો કરી રહ્યા,
પોતાના આંગળીઓ તણી છાપના વખાણ.

**- મુનશી ધોરાજવી**

## એવું પણ બને

ઘરની તલાશમાં તમે ભટકો સવાર-સાંજ?
સામે જ હો નિવાસ કદી એવું પણ બને
મહેફિલમાં લોકલાજે હસે છે 'હબીબ' પણ
દિલ એનું હો ઉદાસ, કદી એવું પણ બને.

**- ''હબીબ'' જસદાણી**

## જિન્દગની હદ

દાખલ થયો છું એ રીતે ગમના પ્રદેશમાં,
જાણે બધી વટાવી દીધી છે ખુશીની હદ
એક થાય છે પૂરી તો બીજી થાય છે શરૂ,
એક જ છે અંધકારની ને રોશનીની હદ
એકમાં બધું માંગો, બીજામાં કશું નહિ.
એક હદ દુઆની છે, ને બીજી બંદગીની હદ
'બેફામ' એમાં મોતના રસ્તાની શી જરૂર?
અટકી જશું જયાં આવી જશે જિન્દગીની હદ

**- બરકત વીરાણી 'બેફામ'**

## સમય

કયારેક રણમાં તરસે મરી જાય છે સમય
ફૂલોની ખુશ્બુમાં કદી સંતાય છે સમય
એના નસીબમાં તો વિસામોય પણ નથી
રહે છે સતત સફરમાં ન રોકાય છે સમય
મંઝીલની શોધમાં હજી ભટકી રહ્યો છું હું
મારા પગોમાં જાણે કે અટવાય છે સમય
સંજોગનો શિકાર હું 'મુકબિલ' બની ગયો
મારી દશા નિહાળીને મલકાય છે સમય

**- મુકબિલ કુરેશી**

---

**માણસને ખરેખર જાણવો હોય તો તેને બોલવા દો. એ મોઢું ખોલશે ત્યારે જેવો છે તેવો કળાઇ આવશે.**

દરેક માણસને બોલવાની છુટ છે પણ તેના શબ્દો કે વાતને સ્વીકારવી કે નહીં એ આપણા હાથ ની વાત છે. આપણે આ વાત ને મનમાં લઇને પ્રતિક્રિયા વ્યક્ત કરીએ છીએ એટલે સામા માણસને મોકળું મેદાન મળે છે. પણ તમે જો તેની વાતને મનપર ન લો અને કોઇપણ જાતની પ્રતિક્રિયા વ્યક્ત કર્યા વગર ચૂપ રહો તો તેનું હથિયાર બુઠું બની જશે. સામો માણસ તમને ઉશ્કેરવા માંગે છે આવા સમયે મૌન-ચૂપ રહેવું મોટી તાકાત છે.

# સ્મરણાંજલી



જન્મ :
૧૮-૦૨-૧૯૭૨





અરિહંત શરણ :
૦૪-૦૬-૨૦૨૩

## સ્વ. સોનલ નિલેશ કોરડીયા

મુળવતન : જુનાગઢ - ખારચીયા (વાંકુના)
હાલ : મુંબઈ, બોરીવલી (વેસ્ટ),

ધર્મ કદી ચુક્યા નહીં, વ્યવહાર કદી ભૂલ્યા નહીં, જીંદગી હતી ટુંકી અને માયા મોટી લગાડી ગયા,
કોઈના સુખે સુખી અને કોઈના દુઃખે દુઃખી, સુખને છલકાવ્યુ નહીં, દુઃખને દેખાડયું નહીં,
જીવન તમે એવું જીવ્યા,ભૂલ્યુ ભુલાય નહીં,
અણધાર્યા છોડી ગયા જીવન છતા જીવિત હોવાનો ભાસ છે,
દર્શન નથી તમારા દેહના પણ હ્રદયમાં તમારો વાસ છે,
દ્રષ્ટિ માં હજુએ રમે છે તમારો હસ્તો ચહેરો, જોઈને તસ્વીર તમારી આંસુ ઉભરાય છે,
આપનો મિલનસાર અને પરોપકારી સ્વભાવ, ઉદારતા, કાર્યકુશળતા, કુટુંબ પ્રેમ સદા અમારા હ્રદયમાં રહેશે.
છાના ખૂણે રડી લઈશું જ્યારે આવશે યાદ.
ક્યારેય કલ્પી ન શકાય તેવી તમારી ઓચિંતી વિદાય.

પરમાત્મા આપના પ્રેમાળ આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

**પ્રેમાળ પરિવાર**

**સ્વ.જસુમતીબેન ઝવેરીલાલ વિઠલજી કોરડીયા**

| પતિ : નિલેશ ઝવેરીલાલ કોરડીયા | | પુત્ર : તારણ નિલેશ કોરડીયા |
|---|---|---|
| યોગેશ - મીના | કમલેશ - પૂજા | પ્રીતી - નિતીન |
| અભય | કૃણાલ, કેલી | આશ્વી, કેવિન |

-------: પિયર પરિવાર - લલિતાબેન જેઠાલાલ શાહ પરિવાર (પાટણ) : --------

**Address. : A-1304, Rite Galaxy (Sai Darshan) Sodawala Lane,
Borivali (West), Mumbai-400092
Mob. : 98213 66680**

yojana-05/BW-02/05/June

# પચ્ચક્ખાણની મહત્તા

પ્રશ્નઃ નિયમ કે પચ્ચક્ખાણ લઇને તોડી નાખવાનું એ કરતા ના જ લઇએ તો ?

જઃ વસ્તુ ન હોવા માત્રથી કે વસ્તુ ન ખાવા માત્રથી તેનો ત્યાગ ગણાતો હોત તો જગતનો સૌથી મોટો ત્યાગી ભીખારી ને જ ગણવો પડશે. પરંતુ કોઇ એને ત્યાગી કહેતું નથી.

નિયમ તોડી નાખવો અને નિયમ તુટી જવો એ બન્નેમાં ઘણો ફરક છે. પણ આપણું કેવું છે ખબર છે પાણી પહેલા જ પાળ બાંધી લઇએ છીએ. નિયમ લેતા પહેલાં જ ભાંગી જશે તો એમ વિચારીને મનને છેતરીએ છીએ અને નિયમથી દૂર ભાગીએ છીએ.

સાંજે ચોવિહાર ની તો રોજ ભાવના હોય છે પણ રાતે દવા લેવી પડશે તો ? રાતે ભૂખ લાગશે તો ? ચોવિહાર તો મારાથી થશે જ નહી. પચ્ચક્ખાણ લીધુ અને રાતે તૂટી ગયું તો ? આ તો જયારે જયારે પણ દીમાગમાં આવે ત્યારે સમજી લેવું કે આપણે ખુદ જ આપણા મનને છેતરી રહ્યા છીએ. મન મક્કમ હોય તો કયારેય કોઇ પચ્ચક્ખાણ કે નિયમ તૂટશે એવો વિચાર પણ ન આવે. તપ કરવાની કે અત્યારે આયંબિલની ઓળી કરવાની ખૂબ ઇચ્છા હતી પણ પછી આયંબિલ કરૂ અને માથુ દુખે તો ? પચ્ચક્ખાણ લઉં ને આયંબિલ ના થાય તો ? આ બધા જ મનને છેતરવાના બહાના છે.

હંમેશા નિયમ લેતા પેહલાં નિયમ ભાંગી જશે એવો જ વિચાર કરનાર જો સંસારમાં પણ એ જ રીતનો વિચાર કરે તો એ કંઇ જ ન કરી શકે. સંસારમાં તો વગર વિચાર્યે બધું કર્યે જ જાય છે પણ જયારે ધર્મની બાબતમાં જગ્વા ગલ્લાતલ્લા અને વિચારો.

- ઘર બાંધતી વખતે ધરતીકંપ આવશે તો ? આવો વિચાર કરતો નથી અને મોટા મોટા બંગલા બંધાવે છે.
- નવો ધંધો શરૂ કરતી વખતે નુકશાન જશે તો ? એવા વિચાર કરતા નથી અને કરોડો રૂપિયાનું ત્યાં રોકાણ કરે છે.
- લગ્ન થશે અને વિધવા બનીશ તો ? એવો વિચાર કરતા નથી. અને ધામધુમથી ખર્ચા કરે છે.
- સ્ટીમરમાં બેસીને જતાં સ્ટીમર વચમાં ડૂબી જશે તો ? એવો વિચાર એને આવતો નથી. પણ ફ્યુચરમાં શું થશે એની આપણને આજે ક્યાં કંઇ ખબર છે ? છતાં આપણે ધંધો કરીએ છીએ, લગ્ન કરવા વગેરે કરીએ જ છીએ.
- એવી જ રીતે પ્રતિજ્ઞા કે પચ્ચક્ખાણ કે નિયમ તૂટી જશે તો ? એવી શંકા કર્યા વિના જ નિયમને પાળવાનો પ્રયત્ન કરવો જોઇએ.
- પ્રતિજ્ઞા લઇને અખંડ પાળનાર આત્મા અખંડ સૌભાગ્યવતી જેવો છે.
- પ્રતિજ્ઞા લઇને જેની તૂટી ગઇ છે તે આત્મા વિધવા જેવો છે.
- પણ બિલકુલ પ્રતિજ્ઞા જ ન લેનાર આત્મા વેશ્યા જેવો છે.

માટે પ્રતિજ્ઞા પ્પચ્ચક્ખાણ અવશ્ય કરવું જોઇએ.

સંકલન : કોઇ સિધ્ધાત્માએ આપણને નિગોદમાંથી બહાર કાઢ્યા. આપણે એકેન્દ્રિયમાં આવ્યા, તેમાં આપણે માટી, મીઠું, પથ્થર, સોનું આદિ ૭ લાખ પૃથ્વીકાય મા દુઃખ સહન કર્યું પછી નદીમાં, સમુદ્રમાં, કુવામાં આદિ ૭ લાખ અપકાયની યોનિમાં સતત પીડાઓ ભોગવી. અગ્નિ, ઇલેક્ટ્રિસિટી આદિ ૭ લાખ તે ઉકાયની યોનિમાં પછડાયા. પવન આદિ ૭ લાખ વાયુકાયની યોનિમાં ઝુરાયા.

૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિની (કાકડી, ભીંડા, ફળ) યોનિમાં અકામ નિર્જરા કરી. ૧૪ લાખ સાધારણ વનસ્પતિકાયની યોનિમાં (કાંદા, બટેટા) ઘોર દુઃખ ભોગવ્યું. એમ ધીરે ધીરે તિર્યંચમાં કૂતરા, બીલાડા તરીકે દુઃખ ભોગવતા, થોડું-થોડું પુણ્ય જમા કરીને આજે બહુ મોટા કાળનું બધું જ પુણ્ય ખર્ચી આપણે માનવભવમાં આવ્યા છીએ, હવે શું ?

- નાનકડો ૧૦ વર્ષના બાળકનો આખો પરિવાર એક્સિડન્ટમાં અવસાન પામી ગયો અને તે નાની ઉમરમાં અનાથ થઇ ગયો. હવે આ પરિસ્થિતિમાં સંસારમાં રાગ થાય કે વિરાગ ?
- ૬ મહિનાની છોકરીને તેના માતા-પિતા અનાથાશ્રમમાં મૂકી જાય છે. શું હવે રાગ થશે સંસારમાં ?
- ઘરડા ઘડપણે માતા-પિતાની લાઠી સમાન જુવાન દિકરાને હાર્ટ એટેક આવ્યો અને ચાલી બસ્યો. આવી હાલત આપણી થાય તો વૈરાગ્ય ન થાય ?
- લગ્ન કરી હનીમૂન પર ગયેલા કપલનો એક્સિડન્ટ થતા ભાઈનું મોત થઇ ગયું. હજી લગ્નની મહેંદી હાથથી ઉતરી નથી તે પહેલા પેલી બહેન વિધવા થઇ ગઇ. બોલો હજી કેટલા કારણો જોઇએ વૈરાગ્ય પામવા માટે ?

ભારતના મહાન વિદ્વવાન ચાણક્યએ કહ્યું છે કે આ જીવન ઘણું નાનું છે. આમા દરેક પ્રસંગો આપણી સાથે આ ભવમાં નહીં બને. માટે બીજા સાથે બનતા પ્રસંગોમાંથી હંમેશા બોધપાઠ લઇ પોતાના જીવનને સાર્થક કરવું.

આવતીકાલ પહેલા આવશે કે આવતો ભવ ? આનો વિચાર કરી, મોક્ષ વીતરાગ બન્યા વગર ન જ મળે. એટલે વીતરાગ બનવું આવશ્યક છે. પરંતુ વૈરાગી બન્યા વગર વીતરાગી બનવું પણ અસંભવ છે. એટલે પણ વિરાગ પામવો આવશ્યક છે.

જે હીરાથી લાખો કોડી મેળવી શકાય તે હીરાને વેચી એક કોડી મેળવનારો કેવો કહેવાય ? અક્કલનો બારદાન ને ! મનુષ્યભવ એ હીરા જેવો છે. તેને પામ્યા બાદ આપણે ફોરેન ટ્રિપ, હોટલ, રેસ્ટોરન્ટસ, સિનેમા, ફેશનો, હરવું-ફરવું, વ્યસનો આ કોડી જેવા માટે અણમોલ હીરો વેચી નાખ્યો. આ હવે નહીં સમજાય તો કયારે સમજાશે ?

હવે વિચારો, ધનનું સુખ અજૈનોને પણ છે. સ્ત્રી, ખાવા-પીવાનું સુખ તિર્યંચોને પણ છે. તેઓ પણ સ્ત્રી અને ખાવા-પીવામાં આસક્ત થઇ જાય છે. કૂતરાને હરવું ફરવું બહુ ગમે છે. હાથીને પણ અભિમાન નો પાર નથી, સિંહને પણ સત્તાની ચળ છે. હવે આ બધી જ વસ્તુ આ ભવોમાં સુલભ છે ને ? તો માનવભવ પામી આપણે આ બધી વસ્તુમાં જ લેપાયા તો શું સમજવાનું ? વિચારો...

# શ્રધ્ધાંજલી



**પૂજ્ય પિતાશ્રી મનસુખલાલ મુળજીભાઈ પારેખ**

અરિહંતશરણ : તા. ૧૬-૦૬-૧૯૮૭

પુરુષાર્થ કરીને શૂન્યમાંથી સર્જન કર્યું, કષ્ટ સહન કરીને પરિવાર માટે ફૂલો પાથરી ગયા,

સુખમાં છલકાયાં નહીં, દુ:ખથી ડર્યા નહીં, વ્યવહાર અને ધર્મ કદી ચૂક્યાં નહીં,

રડી પડે છે આંખો અમારી, જોઈને તસ્વીર તમારી...

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ,પરિશ્રમ જેનું કર્તવ્ય હતું.

અંજલિ આપતા હૈયું તૂટે છે. શ્રદ્ધાંજલી આપતા શબ્દો ખૂટે છે.

કલ્પી ન શકાય તેવી અણધારી તમારી વિદાય અમારા સૌનાં કાળજા કંપાવી ગયા,

દિલ હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.

પરમાત્મા દિવ્ય આત્માને આશીર્વાદ આપે, એ જ ભાવનાત્મક શ્રધ્ધાંજલી

| | | |
|---|---|---|
| **પુત્ર-પુત્રવધુ** | : | **દિલીપ - શ્વેતા, રોહિત - લીના** |
| **દિકરી-જમાઈ** | : | **નીલમબેન - અશોકકુમાર ભણશાલી, હર્ષાબેન - સમીરકુમાર ઓધવાણી** |
| **પૌત્ર-પૌત્રવધુ** | : | **સાગર-આયશા(ચંચલ), ઉત્સવ - માહી (માધવી)** |
| **પૌત્રી-જમાઈ** | : | **ખુશ્બુ - કૃણાલ, નિધિ - ગૌરવ** |
| **પ્રપૌત્ર** | : | **શ્રેય** |
| **દોહિત્ર** | : | **હર્ષ, કિંજલ, જીલ** |
| **દોહિત્ર વધુ** | : | **ધ્રુવી** |
| **દોહિત્ર જમાઈ** | : | **કરણકુમાર લેખરાજાની, પારસકુમાર વસા** |
| **દોહિત્ર પુત્રી** | : | **પ્રાંસી, નાયરા** |
| **ભાઈઓ** | : | **સ્વ.શ્રી દલીચંદભાઈ, સ્વ.શ્રી તારાચંદભાઈ, સ્વ.શ્રી રતિલાલભાઈ** |
| **સ્વસુર પક્ષ** | : | **સ્વ.શ્રી તારાચંદભાઈ ત્રિભોવનદાસ દોશી (રાણપુર - ભેસાણ)** |

**લી. : માતુશ્રી ચંદનબેન મનસુખલાલ મુળજીભાઈ પારેખ પરિવાર**

(વડાલ / આકોલા / દિલ્હી)

Kayami-June

# ગુરુનું આપણા જીવનમાં શું મહત્વ / ઉપકાર રહેલો છે

- લેખન : શ્રીમતી પારૂલબેન ભરતકુમાર ગાંધી

**સદ્‌ગુરૂ કી મહિમા અનંત, અનંત કિયા ઉપકાર,**
**લોચન અનંત ઉઘાડિયા, અનંત દિખાવત દ્વાર.**

આ સંસાર સાગરમાંથી આપણને પાર ઉતારનાર, સાચો માર્ગ બતાવનાર ગુરૂભગવંત રહેલા છે. આપણા પર તેમનો અનંત ઉપકાર છે. પથ્થરને પ્રતિમા બનાવનાર શિલ્પી રહેલા છે. કોરા કાગળને લાખેણું ચિત્ર બનાવનાર ચિત્રકાર રહેલા છે, તેવીજ રીતે દુર્જનને સજ્જન બનાવનાર, આત્માને પરમાત્મા બનાવનાર, કથીરને કંચન બનાવનાર વામનને વિરાટ બનાવનાર, પામર ને પવિત્ર બનાવનાર જો કોઇ હોય તો ગુરૂવર રહેલા છે. ગમે તેવો પાપી કે દુરાચારી માણસ હોય પણ તેને જો સદ્‌ગુરૂનું સાનિધ્ય અને સત્સંગ મળી જાય તો તે મહાપુરૂષોની હરોળમાં બિરાજી શકે છે. પરદેશી રાજા, વાલિયો લૂંટારો, રોહિણેય ચોર વગેરેના દ્દષ્ટાંત જોઇએ ત્યારે ખ્યાલ આવે છે કે જીવનમાં ગુરૂ નું મહત્વ કેવું અને કેટલું છે?

મિથ્યાત્ત્વરૂપી અંધકારમાં ભટકતા આપણા આત્માને જ્ઞાનરૂપી આંખ આપી, પ્રકાશ ફેલાવનારા ગુરૂદેવ રહેલા છે. આથી જ **'ગુરૂદેવ'** શબ્દ સાંભળતા કે બોલતા હૈયું આનંદથી ઊભરાય છે, અહોભાવથી મલકાય છે અને આત્મીય આભારથી છલકાય છે. જેના જીવનનો એક જ સિધ્ધાંત હોય ''મા હણો, મા હણો''. અભયદાન જેમના જીવનનું ઘરેણું હોય અને ભગવાનની આજ્ઞા જેમના માટે જીવન હોય તે જ સાચા ગુરૂ. આવા ગુરૂનાં ચરણોમાં સમર્પિત થઇ જાય તેને સંસારરૂપી દાવાનળ બાળી શકતો નથી. દંભી દુનિયાના બેલી, હમદર્દ અને હમસફર બની રહે છે, માટે જ કહ્યું છે કે...

**સંત તો સંસાર કો સુધારને આતે હૈ,**
**ધર્મ કે સ્વરૂપ કો નિખારને આતે હૈ।**
**ગર્તા મેં ગિરતા પાંવ સંભલ જાયે બસ,**
**યે તો ભટકે હુએ કો સંભાલને આતે હૈ ।**

ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, આશ્રય વગરનાને ઓટલો, કપડાં વગરના ને વસ્ત્ર અને માંદાને દવા આપનાર તો ઘણા મળશે પણ જીવનની મલિનતા દૂર કરનાર વ્યસનીઓને સાચી શિખામણ આપનાર, હિંસકોનો હિંસાભાવ ઘટાડનારને મટાડનાર, દુરાચારીને સદાચારી બનાવનાર, અહંકારીને નમ્ર, ભોગીને સંયમી બનાવનાર તથા પોતે કષ્ટ વેઠીને પણ ભક્તને - શિષ્યને સન્માર્ગે ચડાવનાર ગુરૂ સિવાય કોઇ હોઇ જ ન શકે. એ પણ ગૃહસ્થો સાથે નહિવત્ વ્યવહાર રાખીને, તેનાથી નિર્લેપ રહીને ગામેગામ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, તપ, ત્યાગ અને સંયમની આહલેક જગાડનાર ગુરૂ જ રહેલા છે. જીવનમાં રાગ અને રંગથી રોગ અને ભોગથી તારા-મારાથી ઉપર ઉઠવું હોય તો ગુરૂ હોવા અનિવાર્ય છે. ગુરુ એક તત્ત્વ છે, ઊર્જા છે. ગુરુ વગર એક ડગલું પણ આગળ વધવું સંભવ નથી. કદમ આપણા ચાલે, ઊર્જા ગુરૂદેવ આપે, હોઠ આપણા હલે, શબ્દ ગુરૂદેવ આપે. સદ્‌ગુરૂનો ઉપકાર અનંતો છે. ગુરુ વિનાનો વ્યક્તિ પોતાની પાસે બધું હોવા થતાં પોતાને અનાથ અનુભવે છે, એટલે જ કહ્યું છે કે...

કર્તા કરે ન કર સકે, ગુરૂ કરે સબ હોય,
સાત દ્વિપ નવ ખંડ મેં, ગુરૂ સે બડા ન કોઇ.

આવા ગુરૂદેવનું સાનિધ્ય આપણને શું આપે ?

**૧) શાસ્ત્રવિદ્યા :** ગુરૂના સત્સંગથી, સાનિધ્યથી, સમાગમથી શાસ્ત્રનો રહસ્યોનું ઉદ્‌ઘાટન થાય છે. મોક્ષમાર્ગનું માર્ગદર્શન મળે છે, દિશા સૂઝે છે, જ્ઞાન મળે છે.

**૨) યોગવિદ્યા :** ગુરૂદેવની કરૂણા અને કૃપાદ્રષ્ટિથી સાધક યોગમાર્ગ ગતિ કરે છે. ચક્ર ના ચમત્કાર ગુરૂની કૃપાદ્રષ્ટિ વિના કયારેય અનુભવી ન શકાય, આગળ ન વધી શકાય.

**૩) આધ્યાત્મ વિદ્યા :** ગુરૂ પરમાર્થી છે, સાધકને માર્ગ દેખાડે છે. ગુરૂના સાનિધ્યમાં સાધક વિષય-કષાય અને આરંભ-સમારંભના કીચડમાંથી ઉપર ઉઠે છે. કાદવમાં કમળ ખીલે તેમ સંસારમાં, સંસારભાવમાં આસકિત છોડી, અંર્તમુખી બને છે.

**૪) બ્રહ્મવિદ્યા :** ગુરૂકૃપાથી શિષ્યને આત્મસ્વરૂપનો બોધ થાય છે. આત્મા છે, નિત્ય છે, સુખ-દુઃખનો કર્તા અને ભોકતા છે. આ સમજણ આવે છે ત્યાર પછી જ મોક્ષ માર્ગે આગળ વધાય છે.

**૫) પરાવિદ્યા :** ગુરૂ શિષ્યને સંસારની મોહમાયાથી અવગત કરાવી, વાસ્તવિકતા સમજાવી તેનાથી દૂર જવા પ્રેરણા અને પથ આપે છે. પારલૌકિક અનુભૂતિ કરાવે છે.

આટલું બધું આપનાર ગુરૂદેવોનો ઉપકાર અનંતો, કરૂણા અનંતી, સદ્‌ભાવ અજબનો, સહિષ્ણુતા ગજબની અને વાત્સલ્યભાવ તો અદ્‌ભુત. આવા ગુરૂ જ્ઞાનના સૂર્ય પ્રેમના સાગર અને શાંતિના હિમાલય સમાન છે. ગુરૂના કોપમાં પણ કલ્યાણ સમાયેલુ છે. આવા ગુરૂનું સાનિધ્ય એટલે ભક્ત માટે જાણે માની ગોદ. આવા ગુરૂ જેને ન મળે તેનું જીવન નિષ્ફળ જાય છે. બરબાદ થઇ જાય છે.

એક હવાઇજહાજ ઉડ્ડયન માટે તૈયાર હોય પરંતુ પાઇલટ ન આવે તો ઉડ્ડયન શક્ય બની શકે ખરૂં ? આ જ વાત મનુષ્ય જીવનને લાગુ પડે છે. પૂર્વના પુણ્યોદયે જીવને મનુષ્યભવ, આર્યક્ષેત્ર, ઉત્તમકુળ વગેરે બધું મળી ગયું હોય, થોડું ધર્મ ધ્યાન કરતાં હોય, તપ-ત્યાગ, સાધના-આરાધના પણ ગોઠવાયેલા હોય પણ જયાં સુધી ગુરૂદેવનો સત્સંગ થયો નથી. તેમનો ઉપદેશ-જિનવાણી સાંભળ્યા નથી. સમ્યગજ્ઞાન - સમ્યગદર્શન - સમ્યગચારિત્ર પ્રાપ્ત કર્યા નથી ત્યાં સુધી બધું નકામું છે. જયાં સુધી હૃદયરૂપી સિંહાસન પર ગુરૂદેવરૂપી પાઇલોટ બેસે નહીં ત્યાં સુધી મુક્તિમંઝીલે પહોંચાડનાર હવાઇ જહાજ ઉડાન નહિ ભરી શકે. આથી જ ગુરૂદેવનું મહત્ત્વ/ઉપકાર આપણા જીવન પર અનંતો... અનંતો...અનંતો રહેલો છે. અંતમાં એટલું જ કહીશ કે...

યહ તન વિષ કી વેલડી, ગુરૂ અમૃત કી ખાન,
શિશ દિયે જો ગુરૂ મિલે, તો ભી સસ્તા જાન.
ઇતિ સિધ્ધમ્.

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ - બોરીવલી



શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ બોરીવલી નો કાર્યક્રમ તા.૨૯-૪-૨૦૨૪ના રોજ બપોરે ૨ કલાકથી શાંતિનગર હોલ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. જે કાર્યક્રમ ગેમ વીથ કોમેડી શો નો મનોરંજન થી ભરપૂર અને દરેક મેમ્બર બહેનો ભાગ લઇ શકે તેવો હતો. બહેનોને મનોરંજન સાથે સાથે ખરીદી કરવાનો મોકો મળે તે હેતુથી અને જે બહેનો ગૃહઉદ્યોગમાં સંકળાયેલા છે તેઓને પ્રોત્સાહન મળે તે હેતુ થી આ કાર્યક્રમમાં અલગ અલગ સ્ટોલ રાખવામાં આવ્યા હતા.



મનોરંજન કાર્યક્રમની શરૂઆત અલગ અલગ ગેમ રમાડવાથી કરવામાં આવી, જેના એક્સપર્ટ જેવા નવીનભાઈએ દરેક મેમ્બર મળીને રમી શકે અને આનંદ ઉઠાવી શકે તેવી ઘણી ગેમ્સ રમાડી. બધી બહેનો જાણે બાળપણમાં સરી ને બાળક બની ગઇ અને ગેમમાં ઇનામ જીતી લેવાની ઇચ્છાથી પૂરી રીતે ગેમમાં ભાગ લીધો. ગેમ્સની સાથે જ થોડો સમય કોમેડી સાથે હાસ્યનો આનંદ પણ મળે તે



રીતે કાર્યક્રમનું આયોજન થયું હતું વચ્ચે સેક્રેટરી કવિતાબેને મેમ્બર બહેનોને બધા સ્ટોલ વિશે માહિતી આપી ખરીદી કરવા દરેક સ્ટોલનો પરિચય આપ્યો.

ત્યારબાદ આ વર્ષ દરમ્યાન આપણે મંડળના તથા સમાજના જે મહાનુભાવોને ખોયા છે તેમના સદ્‌ગત આત્માને બે મિનિટનું મૌન પાળીને શ્રધ્ધાંજલી આપવામાં આવી.

જેમાં માલાબેન, ચારુબેન તથા લીલાવતીબેનનો સમાવેશ કરાયો, તથા આપણા આઈકાર્ડના મુખ્ય દાતા રહી હમેંશા ફાળો આપનાર શ્રી મયુરભાઈ મહેતા હતા તથા શ્રી કમલભાઈ જેઓ મંડળના કમીટીમાં હતા.

ત્યારબાદ મેમ્બર બહેનોએ સારાનરસા પ્રસંગે મંડળને યાદ રાખીને ભેટ લખાવી. જેની નોંધ લઇ સ્વીકાર કરી નામ જાહેર કરાયા.

મંડળના જે અગિયાર બહેનોએ વરસીતપની ઉગ્ર આરાધના કરી એમના તપની પૂર્ણતાના આરે પહોંચતા અનુમોદના કરવામાં આવી અને એમની લખાવેલી ભેટ મંડળને મળવા બદલ અનુમોદના પૂર્વક સ્વીકારવામાં આવી.

બહેનો કાર્યક્રમના અંતે સ્ટોલની મુલાકાત કરી ખરીદી કરતા જણાયા. જેમાં શરબત, નાસ્તા, અથાણા, કુર્તી અને ડ્રેસ મટેરીયલના સ્ટોલ હોવાથી બહેનોની ભીડ સ્ટોલ પર જોતા આનંદ હતો કે મંડળે કરેલું આયોજન સફળ થયું છે.



સાથે જ જે બહેનોએ ગેમમાં ઇનામ જીત્યા તેમનો મંડળ તરફથી તેમજ વાઘબકરી કંપની તરફથી ઇનામો આપવામાં આવ્યા. ઇનામ કોઇપણ ઉંમરે મળે તો હર્ષની લાગણી જ અનુભવાય એ સત્ય જોઇ શકાતું હતું.



ખરીદી અને ઇનામ વિતરણ પછી બહેનોએ ચોવિહાર ને ન્યાય આપી સાથે રહીને એનો પણ આનંદ લીધો. પુરો પ્રસંગ માણીને જયારે બધા છૂટા પડ્યા ત્યારે આખા દિવસ દરમ્યાન કરેલી મજા સાથે લઇને નીકળ્યા. પ્રમુખ શ્રી તુલાબેન તથા કમીટીની બહેનો એક સંતોષ અનુભવ્યો કે વધુ એક કાર્યક્રમનું આયોજન સફળ થયું.

| **પ્રમુખ** | **ઉપપ્રમુખ** | **સેક્રેટરી** |
|---|---|---|
| તુલાબેન મહેતા | દિપ્તીબેન માજની | ફાલ્ગુનીબેન મહેતા |
| | | કવિતાબેન મહેતા |

# વાંચ્યું... ગમ્યું... છાપ્યું...

**આચાર્ય અજિતશેખરસૂરિ તથા આચાર્ય વિમલબોધિસૂરિ તરફથી ધર્મલાભ...**

પ્રભુ! જૈન ધર્મ જ કહે છે, આંખે વસ્તુને જોવા કિરણો ત્યાં સુધી છોડવા જરૂરી નથી અથવા વસ્તુ એ કે એમાંથી નીકળતા કિરણો આંખને અડવાની જરૂરત નથી. આ વાત સમજાવી શકું.

અમે પૂનામાં હતા. વ્હીલચેરમાં હું બેઠેલો ને મુનિ જિનદ્દષ્ટિશેખર વિ.મ.સા. એ ચલાવી રહ્યા હતા. ત્યારે એક કાર પાછળથી આવી થોડે દૂર પાર્ક થઇ. એમાંથી એક ત્રીસેક વરસનો યુવક ઉતર્યો, દોડતો અમારી પાસે આવ્યો. અમને કહ્યું સામે ચઢાણ છે. એ ચઢાણ ચઢાવવા સુધી મને વ્હીલચેર ચલાવવાનો લાભ આપશો ? મુનિશ્રીએ કહ્યું વ્હીલચેર તો હું ચલાવીશ, તમે ધક્કો આપી શકો છો.

એણે ખુશી ખુશીથી ધક્કો લગાવી મુનિશ્રીના પરિશ્રમને અડધો કરી નાખ્યો. અમે કહ્યું તમારી કાર તો ઘણી પાછળ રહી ગઇ. એણે કહ્યું પછી લઇ લઇશ. અમે પૂછ્યું તમે કશેક જતાં હશો. તમારા કામમાં મોડું થશે!

એણે કહ્યું દુકાને જતો હતો. વાંધો નથી, થોડી મોડી ખૂલશે, અમે પૂછ્યું પણ ઘરાક એને કહ્યું સા'બ! દુકાન ખોલવાથી ઘરાક આવતા નથી ને આપ જ કહો છો, દુકાનમાં થતી પૈસાની કમાણી કંઇ પરલોકમાં સાથે આવતી નથી. ને આમ જોવા જાવ તો હું દુકાનમાં જ છું. પળે પળે હું પુણ્યકમાણી કરી રહ્યો છું ને આપ જ કહો છો, પુણ્ય પરલોકમાં સાથે આવે છે.

અમે પુછ્યું તમને આવે અવસરે ધક્કો લગાવવા સહાયક થવાનું કેવી રીતે સૂઝ્યું, એણે કહ્યું એકવાર હું કારમાં જતો હતો, ત્યારે જોયું એક વૃદ્ધ સાધુ ભગવંત વ્હીલચેરમાં હતા. એ ચલાવનારો ઉપર ચડાવતા હાંફી રહ્યો હતો. મને એની દયા આવી. કાર પાર્ક કરી વ્હીલચેર ચડાવવામાં સહાયક થયો. પેલો ચલાવનારની દુવા મળીને એ સાધુ ભગવંતે દિલથી આશીર્વાદ દીધા. બસ, ત્યારથી માનો કે મને આ રીચે ચઢતી વખતે સહાયક થવાનો ચસ્કો લાગી ગયો છે. ચાતુર્માસમાં બિરાજતા સાધુ તો હવે આ રીતે ચઢાણ હોય તો મને સામેથી યાદ કરે છે. મને ખૂબ ખુશી મળે છે.

અમે છક થઇ ગયા. ભાવિક જીવ વૈયાવચ્ચ માટેના કેવા કેવા રસ્તાઓ શોધી લે છે, પેલાએ તો પોતાની જવાનીની તાકાત સાર્થક કરી દીધી.

---

**- પાના નં-૦૬ પરથી**

**જીવનની બાર ધારાઓ**

કર્યુ છે તે ચિરકાળ બની રહેશે. બાકી ગમે તેટલું જીવીએ તે વર્ષો ગણવાની વાત છે.

એક કથા છે. એક સમ્રાટનું મૃત્યુ નજીક આવ્યું. સો વર્ષનું આયુષ્ય પૂરું થયું. એટલે યમરાજ તેને તેડવા આવ્યા. ત્યારે સમ્રાટે કહ્યું : જીવનમાં હજુ હું કશું ભોગવી શકયો નથી. મારે ઘણા સુખો ભોગવવાના બાકી છે અને ઘણું કરવાનું રહી ગયું છે. હું તમારી સાથે કેવી રીતે આવી શકું? આટલું આયુષ્ય તો બહુ ટૂંકું પડે.

યમરાજાએ કહ્યું: તારું આયુષ્ય પૂરું થઇ ગયું છે એટલે તારે મારી સાથે આવવું પડશે. સિવાય કે તારે બદલે બીજું કોઇ આવવા તૈયાર થાય. મારે કોઇને લઇને તો જવું પડશે. તારે બદલે તારો પુત્ર આવવા તૈયાર થાય તો તેનું આયુષ્ય તને મળી શકે. સમ્રાટને ઘણી રાણીઓ હતી અને ઘણા પુત્રો હતા. કેટલાક પુત્રો તો ૭૦ની ઉંમરે પહોંચી ગયા હતા. સો વર્ષે બાપ મરવા તૈયાર ન થાય તો પુત્રો કેવી રીતે મરવા તૈયાર થાય. પણ સૌથી નાનો પુત્ર પિતા માટે બલિદાન આપવા તૈયાર થયો. યમરાજે તેને સમજાવ્યો કે તું શું કરી રહ્યો છે. તે તો કશું ભોગવ્યું જ નથી. તેણે કહ્યું: સો વર્ષમાં પિતાજી કશું ભોગવી શક્યા નથી તો હું શું ભોગવી શકવાનો છું.

આમ સમ્રાટને તેનુ આયુષ્ય મળી ગયું. જયારે જયારે યમરાજને સમય થતો સમ્રાટ પોતાના કોઇ એક પુત્રની જિંદગી માગી લેતો હતો. હજાર વર્ષ પૂરા થયા, યમરાજ આવીને ઊભા રહ્યા. ત્યારે તેણે પાછી એ જ વાત કરી કે હજુ ઘણું ભોગવવાનુ બાકી છે.

યમરાજે કહ્યું: હવે વધારે સમય નહીં મળે. એક હજાર વર્ષ પછી પણ તને એમ લાગે છે કે હું કશું ભોગવી શકયો નથી. તો તેને ગમે તેટલું આયુષ્ય મળશે તો પણ તને અધુરું લાગશે. તારી ઇચ્છાનો કદી અંત આવવાનો નથી. થોડી જિંદગીમાં પણ માણસ ઘણું જીવી જાય છે. તારી જિવેષણા કદી પૂરી થવાની નથી. હવે તારે મારી સાથે આવ્યા વગર છૂટકો નથી.

જિંદગીમાં આપણને ગમે તેટલું મળે તૃપ્તિ થતી નથી. આપણે હજારો વર્ષ અહીં રહેવાના હોઇએ તે રીતે બધી તૈયારી કરીએ છીએ, પરંતુ લાંબી યાત્રા પર જવાનું છે તેની કશી તૈયારી કરતા નથી. જીવનના અંત સુધી રાગ-દ્વેષ, માન, માયા, લોભ અને અહંકાર કશું છૂટતું નથી.

સંસારના આ બધા સુખો ભ્રામક છે. બધું અનિત્ય છે. કશું લાંબો સમય ટકવાનું નથી. કશું સાથે આવવાનુ નથી. આ વાત જો માણસને સાચા અર્થમાં સમજાય તો અનાસક્તિ ઊભી થાય અને મોક્ષ માર્ગે પ્રયાણનો માર્ગ ખુલી જાય.

**(હવે પછી આશરણ ભાવના) - આવતા અંકે**

# નમો લક્ષ્મી યોજના

**ગુજરાતની જાહેર જનતાને નમ્ર અપીલ**

**ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગની સરાહનીય પહેલ**

તારીખ ૨૭-૫-૨૦૨૪ સોમવારના રોજ ગુજરાત રાજય શિક્ષણ વિભાગ દ્વારા નમો લક્ષ્મી યોજના અંતર્ગત પોર્ટલ લોન્ચ થઇ ગયું છે.

**આ યોજના ના લાભ વિશેઃ** - ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતી રાજયની તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળશે.

- આપની દીકરીને અન્ય કોઇપણ પ્રકારની શિષ્યવૃત્તી મળતી હશે તો પણ આ યોજનાનો લાભ મળશે.

- જૂન ૨૦૨૪ થી જ આ યોજનાનો લાભ મળશે.

- ધોરણ ૯ થી ૧૨ સુધીના ચાર વર્ષ દરમ્યાન ૫૦,૦૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિ દીકરીના માતાના/દીકરીના ખાતામાં જમા થશે.

**યોગ્યતા :** - ધોરણ ૮માં સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ શાળામાં અભ્યાસ કરેલ હોય અથવા નોન ગ્રાન્ટેડ ખાનગી શાળામાં આર.ટી.ઇ અંતર્ગત પ્રવેશ મળેવેલ હોય.

**વાર્ષિક આવક મર્યાદા :** જો ધોરણ ૮માં નોન ગ્રાન્ટેડ/સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલે અભ્યાસ કરેલ હોય તો ૬ લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક મર્યાદા છે.

**આવશ્યક દસ્તાવેજો :** - દીકરીનું લિવિંગ સર્ટિફિકેટ અથવા જન્મનું પ્રમાણપત્ર -દીકરીનું આધાર કાર્ડ - દીકરીની માતાનું આધારકાર્ડ

- માતાનું બેન્ક એકાઉન્ટ પાસબુક ના પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેક

- માતા ન હોય/માતાની વિગત ના હોવાના કિસ્સામાં દીકરીના બેન્ક એકાઉન્ટ પાસબુક ના પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેક - જો દીકરીએ ધોરણ ૮ માં સેલ્ફ ફાઇનાન્સ શાળામાં અભ્યાસ કરેલ હોય તો વાલીની ૬ લાખ સુધીની આવકનો દાખલો (ગુજરાત સરકાર દ્વારા માન્ય નમૂનાનો)

**ખાસ સૂચના :** -જન ધન યોજના અંતર્ગત ખોલાવેલ બેન્ક એકાઉન્ટ પણ માન્ય રહેશે. - ૪૦% હાજરી શાળામાં અનિવાર્ય છે.

**સંપર્ક :** જે રાજયની કોઇપણ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કે સી.બી.એસ.ઈ. બોર્ડની શાળા આ યોજનાનો લાભ આપની દીકરીને આપવામાં ઉદાસીનતા દાખવે તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવો.

**- વિસ્તૃત માહિતી આ વેબસાઈટ : https://bit.ly/Namo-Lakshmi-Yojana-Gujarat-Apply-Online** પર આપેલ છે.

- આ મેસેજને વધુમાં વધુ લોકો સુધી શેર કરશો અને રાજ્યની દીકરીઓને આ યોજનાથી લાભાન્વિત કરશો. અને દરેક સમાજની દીકરીઓને આ યોજનાનો લાભ અપાવવામાં મદદરૂપ થશઓ એવી અપેક્ષા.


॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

ગાય અને ભેંસનું શુદ્ધ ઘી



સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશબુદાર

એક વાર ખાશો તો માંગશો વારંવાર

વિરમગામના પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું
શુદ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે

એક કિલો, પાંચ કિલો અને પંદર કિલોમાં ઉપલબ્ધ




હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ

કૃણાલઃ ૭૨ - ૨૧૦૭ - ૨૧૦૭

# આવું ક્યાં સુધી સાંખી શકાય ?

- આરતી રામાણી 'એન્જલ' - બેંગ્લોર

**શ્વેત, સફેદ, ધોળું, ઉજળું કંઇ પણ બોલીએ, પરંતુ તેનો અર્થ ફક્ત એક જ થાય, બધા રંગોના મોહથી મુક્ત તેમાં પણ આ શ્વેત વસ્ત્રોધારી એટલે દરેક પ્રકારના રંગોની મોહમાયાથી મુક્ત બની ફક્ત મુક્તિના રંગે રંગાઇ જનાર મોક્ષાર્થી જેને નથી કોઇ પ્રત્યે રાગ રહેતો કે નથી તો દ્વેષ, કોઇ પ્રત્યે નથી નફરત રહેતી કે નથી તો પ્રેમ રહે છે તો સર્વ જીવો પ્રત્યે ફક્ત અને ફક્ત કરુણા, પરંતુ આવી કરુણા વરસાવતા, મુક્તિ પંથે ચાલનારા, મોક્ષાર્થી સાથે જ કોઇ કરૂણ વ્યવહાર કરે ત્યારે ?**

સંસાર એટલે તમામ કામ, ક્રોધ, માયા, મોહ, લોભ, લાલચ જેવા દરેક  દરેક કર્મ બંધનોથી ભરપૂર એક એવો સાગર જેમાં મોહવશ જેટલી ઊંડી ડૂબકી મારીએ તેટલાં ઊંડા ડૂબતા જ જઇએ અને એક સમયે તેમાં એવા ઊંડા ડૂબી જઇએ કે પછી તેમાંથી ઉપર આવવાનો કે બહાર નીકળવાનો મારગ શોધવો કપરો થઇ પડે પછી તો એક પછી એક નવાનવા મોહમાં બંધાતા જઇ આપણે સંસાર સાગરમાં તણાતા જઇએ, પરંતુ ઘણી વ્યક્તિઓ એવી પણ હોય છે જેને આ સંસાર સાગરનું જળ શીતળ નહીં અલબત્ત, ઉષ્ણ લાગતું હોય છે ! જાણે કોઇ દાહ એનાં શરીરને, એની આત્માને દઝાડતો ના હોય ! એ એકેય પ્રકારના મોહમાં ફસાવા નથી ઇચ્છતી હોતી કે નથી એ મોહવશ એકે કર્મ બાંધવા ઇચ્છતી હોતી. એ ઇચ્છતી હોય છે તો કેવળ આ સંસાર સાગરમાંથી પાર ઉતરી અને મોક્ષને બેશક, આ મોક્ષનો, મુક્તિનો પથ કદાપિ સહેલો કે સહજ નથી હોતો. પળેપળે થતી પરીક્ષાઓમાંથી એવીરીતે પાર ઉતરવાનું રહે છે જેમ દાવાનળની અગ્નિમાંથી શરીરને દઝાડયા વગર સુરક્ષિત બહાર કાઢવું ! સંસાર આવા મુમુક્ષુની પરીક્ષા પણ કરતું રહે છે તો ઘણીવાર એમણે એવી પણ પરિસ્થિતિનો સામનો કરવો પડતો હોય છે જયારે એમના એ મોક્ષ માર્ગને, વૈરાગ્ય પંથને કોઇ આવી દાગ લગાવી જવાની કોશિશ કરે, પરંતુ ત્યારે પણ એ વૈરાગી, એ મોક્ષાર્થી પોતાની સાથે દુર્વ્યવહાર કરનાર પ્રત્યે પણ ફક્ત કરુણા જ દાખવે છે. આ બાબત શ્રેષ્ઠ રીતે ભગવાન મહાવીર સમજાવી ગયા. ચંડકોશિયા જેવા અતિ ઝેરી સર્પે જયારે ભગવાનને પગના અંગૂઠે દંશ દીધો ત્યારે પણ ભગવાને એ જીવ પ્રત્યે કરૂણા દાખવી અને પગના અંગૂઠામાંથી દૂધની ધારા વહાવી જેને જોઇ ચંડકોશિયો શાંત પડી ગયો અને પરમાત્માના શરણે આવી પોતાના ઉદ્ધારના રસ્તે વળ્યો તો એકવાર સાધનામાં લીન રહેવાથી પોતાના કાનમાં ભરવાડે એના ઢોરનું ધ્યાન રાખવાની કહેલી વાત બાદ ભરવાડનું ગામમાં જવું આ બાબતથી અજાણ ભગવાન મહાવીર સાધનામાં લીન હતા. જયારે ભરવાડ પાછો આવ્યો અને ઢોરને ત્યાં ના જોતા ભગવાનને એ વિશે પૂછયું. પરંતુ સાધનામાં લીન ભગવાન તરફથી કોઇ ઉત્તર ના મળતા ગુસ્સામાં આવી એણે સાધનામાં લીન ભગવાનના કાનમાં ખીલા ઠોકી દીધા છતાં પરમાત્માએ એ ભરવાડ પર અપાર કરૂણા વરસાવી અને પોતાના પૂર્વ કર્મના ફળ પોતે ભોગવી રહ્યા છે તેવું સ્વીકાર્યું. આવી રીતે એક વૈરાગી, એક મોક્ષાર્થી કોઇપણ જીવ હોય એ પછી મનુષ્ય હોય, પશુ હોય, પ્રાણી હોય, પક્ષી હોય કે પછી જીવજંતુ પણ કેમ ના હોય, એ બધાં પ્રત્યે સદા કરૂણા જ દાખવે છે જેથી પોતે દરેક કર્મોથી દૂર રહી શકે અને મોક્ષ પ્રાપ્ત કરી શકે સાથે દરેક જીવને પણ ઉદ્ધારના માર્ગે વાળી શકે. જૈન સાધુ અને સાધ્વીજી ભગવંતો તો ચાલતા, બેસતા પહેલાં પણ પોતાની જગ્યાને ઓઘો ફેરવી સાફ કરે છે જેથી એક નાનું એવું સૂક્ષ્મ જીવ પણ પોતાના કારણે મૃત્યુ ના પામે. જે સાધુ સાધ્વીજી ભગવંતો નાનામાં નાના એવા સૂક્ષ્મ જીવનું પણ આટલું ધ્યાન રાખતા હોય, એમની રક્ષા કરતાં હોય ત્યારે એમની સાથે થઇ રહેલી દુર્ઘટના, દુવ્યવહાર શું યોગ્ય છે ?

જૈન મીડિયા દ્વારા પ્રાપ્ત માહિતીને આધારે હાલ સામે આવેલી એક ઘટનાએ હૃદય કંપાવી દીધું જેણે જૈન સમાજ, જે અહિંસાનો પૂજારી છે તેને પણ આક્રોશ વ્યક્ત કરવા પર મજબૂર કરી દીધો ! આ ઘટના છે ૨૭ મે ૨૦૨૪ ને સોમવાર વહેલી સવારની જૈન સાધુ સાધ્વીજી ભગવંતો (ચોમાસા સિવાય) હમેશાં એક જગ્યાથી બીજી જગ્યા પર વિહાર કરતા રહે છે અને હાલ પડી રહેલા ઉનાળાના ધોમધખતા તાપથી બચવા તેઓ વહેલી સવારે વિહાર કરવા નીકળી પડે છે જેથી સમય રહેતા પોતે વિહાર પૂર્ણ કરી નિશ્ચિત સ્થળે પહોંચી શકે. ૨૭મેનાં પણ વહેલી સવારે પૂજ્ય આચાર્ય શ્રી વિજય નીતિસૂરીજી મહારાજ સાહેબના સમુદાયના સાધ્વીજી શ્રી મંગલવર્ધનાશ્રીજી મહારાજ સાહેબ છ સાધ્વીજી ભગવંતો સાથે ગુજરાતના ભરૂચથી દેરોલ માટે વિહાર કરી રહ્યાં હતા. એમણે જોયું તો વિહાર દરમિયાન એક પુરુષ એમનો પીછો કરી રહ્યો હતો. સાધુ સાધ્વીજી ભગવંતો સાથે વિહાર દરમિયાન થતી દુર્ઘટના અને

દુર્વ્યવહારથી એમની રક્ષા કરવા માટે જૈન સમાજે અમુક વર્ષો પહેલા લીધેલા એક સુંદર નિર્ણયને આધારે દરેક વિહાર વખતે વિહાર ગ્રુપના સભ્યો સાધુ સાધ્વીજી ભગવંતો સાથે વિહાર કરી એમને નિશ્ચિત સ્થળે પહોંચાડી પછી જ ત્યાંથી રવાના થાય છે. જયાંથી ફરી થતાં વિહાર વખતે તે સ્થળના વિહાર સભ્યો સાધુ સાધ્વીજી સાથે જોડાય છે આ રીતે વિહાર ગ્રુપના સભ્યો દરેક વિહાર વખતે

સાધુ સાધ્વીજી ભગવંતો સાથે રહે છે અને એમની રક્ષા કરે છે. આજ રીતે ભરૂચ વિહાર ગ્રુપના સેવકો વિહારમાં સાધ્વીજીઓની સાથે જ હતા. એમણે એ પુરૂષ પર નજર રાખી, પરંતુ થોડે દૂર જતા એ પુરુષ જાણે અદૃશ્ય થઇ ગયો! વિહાર હવે પૂર્ણ થવાના આરે હતો. દેરોલ ગામ પણ ખૂબજ નજીક હતું. સાધ્વીજી ભગવંતોએ ઉપાશ્રયથી જયાં એમનો વિહાર સમાપ્ત થવાનો હતો તે ફક્ત એક કિલોમીટર દૂર હતુ ત્યારે વિહાર સેવકોને પુનઃ ફરવાની આજ્ઞા આપી. સેવકો સાધ્વીજી ભગવંતોના આદેશ પ્રમાણે ત્યાંથી રવાના થયા તો થોડી જ વારમાં એ અદૃશ્ય થયેલો પુરુષ ફરી પાછો આવ્યો અને પાછળથી જોરજોરથી રાડો પાડી સાધ્વીજી ભગવંતોને ડરાવવા લાગ્યો. જયારે અજાણ્યા રસ્તે આપણે એકલાં હોઇએ અને આપણી સાથે આવું થાય ત્યારે આપણે પણ ડરી જઇએ તો સાધ્વીજી ભગવંતો, જે આ બધાથી દૂર રહેતા હોય છે એમનું ડરવું તો સ્વાભાવિક હતું. થોડી જ વારમાં એ પુરુષ સાધ્વીજી ભગવંતોની નજીક આવ્યો! વિચારો,જે સાધ્વીજીઓએ આજીવન બ્રહ્મચર્યનું પાલન કરવાનું એ પણ કોઇ સાધારણ બ્રહ્મચર્ય નહીં, પોતાને જન્મ દેનાર પિતા અને જેની સાથે પોતે મોટા થયા, પોતાની જિંદગીના એ બન્ને મહત્વના પુરુષો સહિત દુનિયાના તમામ પુરુષોને આ જીવન ના સ્પર્શવાના ભાવ સાથે દીક્ષા લીધી હોય એ સાધ્વીજી ભગવંતો, એ વૈરાગી, એ બ્રહ્મચારિણી તરફ કોઇ પુરુષ ખરાબ ભાવના સાથે આગળ વધે ત્યારે એમનાં માટે તો જાણે આભ એમની માથે પડવા જેવું થઇ પડે! સાધ્વીજીઓએ એ પુરુષને પોતાનાથી દૂર જવા કહ્યું, પરંતુ એ ત્યાંથી ખસ્યો નહીં! સાધ્વીજીએ રાડ પાડીને ચેતવણી પણ આપી, પરંતુ જેની બુદ્ધિ ભ્રષ્ટ થઇ ગઇ હોય એ કયાંથી કોઇની વાત માને! એ પુરુષ સાધ્વીજી ભગવંતો સાથે છેડછાડ કરવા લાગ્યો ત્યારે મોટાં સાધ્વીજી ભગવંતે બીજા બધાં સાધ્વીજી ભગવંતોને આગળ વધવા અટકાઇ જવાનું કહ્યું. ત્યાં તો એ પુરુષે મોટાં સાધ્વીજીને ધક્કો મારી નીચે રસ્તા પર પછાડી દીધા! આ આક્રમણ બાદ હજુ એની બુદ્ધિ કઇ હદ સુધી વિકૃત થઇ હશે કે એણે પોતાનો બેલ્ટ કાઢી અને પૂજય સાધ્વીજી ભગવંતને બેલ્ટ વડે મારવાનું શરૂ કર્યું!

ખરેખર કેવો ગણવો આ પુરુષને? નથી તો એ સાધ્વીજીઓના ધર્મનું માન જાળવી શક્યો કે નથી પોતે પોતાના ધર્મનું પણ પાલન કરી શકયો. આપણાં તો શાસ્ત્રોમાં પણ સ્ત્રીઓ પર હાથ ઉઠાવવાની મનાઇ ફરમાવવામાં આવી છે ત્યારે આ પુરુષે ના કેવળ સ્ત્રી પર અલબત્ત, એવી સ્ત્રી પર આક્રમણ કર્યું જે સંસાર છોડી વૈરાગ્યના પંથે ચાલે છે વળી એમનાં વૈરાગ્યને, બ્રહ્મચર્યના ધર્મને પણ આંચ આપી! હજુ આ દુષ્ટ અહીં કયાં અટકવાનો હતો! હજુ આગળ પણ એણે ઘણો અધર્મ આચર્યો.

શાને કોઇ મોક્ષાર્થી સાથે સહેજેય દુર્વ્યવહાર કરવો?
અશોભનીય અને ધર્મ વિરુદ્ધ કોઇ વ્યવહાર કરવો?
હોય છે એ બ્રહ્મચારી, સર્વ જીવો પર કરુણા રાખનાર,
શું અધર્મ નથી બેલ્ટ વડે એમના પર પ્રહાર કરવો?

આ પુરુષનું નામ અલ્તાફ હુસેન હમીદ શેખ છે. આ વિકૃત અલ્તાફે એક સાધ્વીજીને આશરે સાતથી આઠ વાર બેલ્ટ વડે માર્યા તથા બીજા સાધ્વીજી પર પણ બેલ્ટ વડે આક્રમણ કર્યું ઉપરાંત મારતા મારતા ગાળો પણ આપી અને એમ પણ બોલતો રહ્યો કે ''હું સફેદ કપડાવાળાને જોતા જ મારીશ!'' અહીં સફેદ કપડાવાળાનો અર્થ જૈન સાધુ સાધ્વીજીઓ થાય છે. આ ઘટના દરમિયાન ત્યાંથી ત્રણ-ચાર બાઇક સવાર પસાર થયા, પરંતુ એ કોઇએ સાધ્વીજીઓની મદદ ના કરી ત્યારે ઠાકુર જ્ઞાતિના એક માનનીય વ્યક્તિ ભરૂચ શાક લેવા જતા હતા એ ત્યાંથી પસાર થયા. એમણે સાધ્વીજીઓને આ હાલતમાં માર ખાતા જોયા તો એ પોતાની જાતને એમની મદદ કરતા રોકી ના શકયા. એ વ્યક્તિ આ ઘટનામાં વચ્ચે પડયા તો એ વિકૃત અલ્તાફે આ મદદ કરનાર વ્યક્તિને પણ બેલ્ટ વડે માર્યા! એટલામાં ત્યાં લોકો ભેગા થવા લાગ્યા એ જોઇ અલ્તાફ ત્યાંથી નાસી છૂટયો. ઠાકુર લોકોએ ભેગા મળી અલ્તાફની બધે જ શોધખોળ કરી અને અંતે દેરોલ ગામના ચોક પરથી એને ઝડપી લીધો. બધાએ એને માર્યો અને પોલીસના હવાલે પણ કર્યો. ત્યાંના કાર્યકતાઓ એ બધી કાનૂની કાર્યવાહીની જવાબદારી માથે લીધી ઘણી ધારાથી અલ્તાફ વિરુદ્ધ એફ. આઇ.આર. પણ દાખલ કરવામાં આવી. પોલીસે સાધ્વીજી ભગવંતોનું બયાન પણ લીધું. ઠાકુર સમાજની એ વ્યક્તિ તથા બીજા બધા માણસોને કારણે સાધ્વીજી ભગવંતો બચી ગયાં, પરંતુ અલ્તાફ જેવી ઘણી વિકૃત વ્યક્તિ હજુ સમાજમાં ખુલ્લે આમ ફરે છે ત્યારે આવું કયાં સુધી સાંખી શકાય? અલ્તાફને બચાવવા માટે ઘણા તજજ્ઞો કહે છે કે એ પાગલ છે, પરંતુ એણે જે રીતે ષડયંત્ર રચ્યું હતું તે જોતા એ કોઇ પાગલ નહીં અલબત્ત, એક વિકૃત વ્યક્તિત્વ લાગે છે જે પોતોની સૂઝબૂઝ દ્વારા કોઇ સાધ્વીજીઓની રક્ષા માટે પાસે ના હતું ત્યારે બીજીવાર આવી ચડયો. કદી શું પાગલ વ્યક્તિને ખ્યાલ પડે કે પહેરેલ બેલ્ટ કાઢી અને તેના વડે કોઇને માર મરાય વળી પાગલ વ્યક્તિને પેન્ટ શર્ટ પહેરી, તેને સરસ રીતે ઇન કરી, બેલ્ટ પહેરવાની તથા પગમાં પર્ફેકટ સાઇઝ અને એક સરખી જોડીના ચપ્પલ પહેરવાની શું સૂઝ પડે? આ તો બધી મુફલિસ વાતો છે અલ્તાફને બચાવવાની

વળી એ મારતા મારતા બોલતો પણ હતો કે ''હું સફેદ કપડાવાળાને જોતા જ મારીશ!'' તો પછી એને પાગલ કેવી રીતે કહી શકાય? અલ્તાફ ખરેખર, પાગલ નથી એ સાબિત કરતી બે બાબત આપણે સમજીએ.

પ્રથમ વાતઃ અલ્તાફે કરેલું કૃત્ય પાગલ હોવા તરફ ઇશારો નથી કરતું અલબત્ત, એના તેજ દિમાગની પરિભાષા યથાર્થ કરે છે. સૌ પ્રથમ વિહાર સેવકો જયાં સુધી સાથે હતા ત્યાં સુધી સાધ્વીજીઓનો પીછો કરતો રહ્યો, જેવા વિહાર સેવકોએ એના પર દૃષ્ટિ રાખવાની શરૂ કરી એ અચાનક અદૃશ્ય થઇ ગયો વળી જેવા એ સેવકો સાધ્વીજીઓની રજા લઇ જતા રહ્યા અને સાધ્વીજીઓ એકલાં પડયાં એ પાછો આવ્યો, એમને ગાળો આપી, સાધ્વીજીઓ સાથે છેડછાડ કરી, બેલ્ટ વડે એમને માર માર્યો વળી એમની મદદ કરવા આવનાર વ્યક્તિ પર પણ બેલ્ટ વડે પ્રહાર કર્યો અને માણસો ભેગા થતાં તે ફરી પાછો નાસી છૂટયો! આટલો બધો વિચાર કરવો એ કયા પાગલના મગજની તાકાત છે એ કોઇ સમજાવી શકે ખરા!

બીજી વાતઃ અલ્તાફનો કોઇ જ સંબંધ જૈન ધર્મ કે જૈન સાધુ સાધ્વીજી ભગવંતો સાથે નથી સાબિત થતો, કારણ કે અલ્તાફ બીજા ધર્મનો અનુયાયી છે તો આ સાધ્વીજી ભગવંતો પ્રત્યે આટલી ધૃણા એના મનમાં આવી કેવી રીતે? કઇ ત્રાહિત વ્યક્તિએ અલ્તાફના ખભાનો ઉપયોગ કર્યો છે તે તો જાણવું જ રહ્યું, કેમ કે એમણે જે પાપ કર્યું છે એ માફીને લાયક નથી. પૂજ્ય સાધ્વીજી ભગવંતો સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરે છે. તેઓ કોઇ પુરુષ ચાહે પછી એ નવજાત બાળક જ કેમ ન હોય એને આ જીવન સ્પર્શ પણ નથી કરતાં ત્યારે અલ્તાફે એમને સ્પર્શવાનું ઘૃણિત કાર્ય કરી એમનાં ધર્મને ભંગ કરવાની ચેષ્ટા કરી છે બેશક, આમાં સાધ્વીજીઓનો કોઇ દોષ નથી માટે એમનો ધર્મ કદાપિ તૂટયો ના ગણાય વળી જો રસ્તો વેરાન હોત તો સાધ્વીજી ભગવંતોના શીલ પર પણ આંચ આવી શકવાની પૂરી સંભાવના હતી.

આવું આ એક જ કૃત્ય નથી થયું, અવારનવાર થતાં વિહાર દરમિયાન સાધ્વીજી ભગવંતો સાથે છેડછાડ થવાના, સાધુ સાધ્વીજી ભગવંતોનાં અકસ્માત થવાના, એમની સાથે મારપીટ થવાના ઘણા કિસ્સા સામે આવે છે છતાં તેઓ એમના પ્રત્યે કરુણા દાખવે છે અને બધું સહન કરી લે છે, પરંતુ કયાં સુધી? જો આનો કોઇ નિવેડો ના આવ્યો તો રસ્તે રસ્તે એક અલ્તાફ ઊભેલો જોવા મળશે.

જૈન મીડિયાએ વીડિયોમાં દ્વારા આના અમુક ઉપાયો બતાવ્યા છે. જયારે આ રીતે જૈન સાધુ સાધ્વીજી ભગવંતો વિહાર કરે ત્યારે વિહાર સેવકો સતત એમની સાથે રહે એવી એમણે પ્રાર્થના કરી છે અને જો કોઈ પણ સમયે સેવકો ઉપસ્થિત રહી શકે એમ ના હોય તો એ સમયે સાધુ સાધ્વીજીઓએ વિહાર ટાળવો જોઇએ એવી પણ એમણે સાધુ સાધ્વીજીઓને પ્રાર્થના કરી છે ઉપરાંત સાધ્વીજી ભગવંતોનો એકલો વિહાર એ ખરેખર, એમનાં માટે એક સંકટ ઊભો કરી શકે તેમ છે, કેમ કે જંગલમાં અસંખ્ય ભૂખ્યા વરૂઓ ફરે છે અને વરૂ માટે કોણ સાંસારિક અને કોણ વૈરાગી વળી જૈન સાધુ અને સાધ્વીજી તો પાતોની પાસે નથી તો મોબાઇલ રાખતા હોતા કે નથી કોઇ અસ્ત્ર જે પોતાની રક્ષા માટે ઉપયોગમાં લઇ શકે. આ સમયે એ મદદ માટે કોઇને કેવી રીતે બોલાવે? ના તો એ પોલિસને પણ ફોન કરી શકે કે ના કોઇ સભ્યને. આ સમયે એ ભલે અહિંસાના પૂજારી હોય છતાં આત્મ રક્ષા માટે, પોતાનાં બ્રહ્મચર્યના ધર્મની રક્ષા માટે હવે સેલ્ફ ડિફેન્સ શીખવું એમનાં માટે અનિવાર્ય છે. આવી દુર્ઘટનાથી બચવા જૈન મીડિયાએ એવી પણ અપીલ કરી છે કે હવે સાધુ સાધ્વીજી ભગવંતોએ બિજરૂરી વિહાર કરવાનુ ટાળવું જોઇએ. આપણે માનીએ છીએ કે વિહાર સાધુ કે સાધ્વીજીઓ એટલા માટે કરતાં હોય છે કે એક જગ્યા પર રહેવાથી એમને તે જગ્યા સાથે, જોડાયેલા વ્યક્તિઓ સાથે કદાચ લાગણી થઇ જાય અને એ મોહમાં બંધાવા લાગે જે એક વૈરાગી માટે ઉચીત નથી તથા વિહાર કરી તેઓ જગ્યાએ જગ્યાએ ધર્મનો ફેલાવો પણ કરતા રહે છે જેથી અધર્મનો સંસારમાંથી નાશ થાય, પરંતુ જયારે પોતાની જ સાથે અધર્મ થવા લાગે, પોતાનો જ ધર્મ સંકટમાં આવી જાય ત્યારે ધર્મની થોડે અંશે પરિભાષા બદલવી શું હિતાવહ નથી?

સમય આવ્યો છે જૈન સાધ્વીજીએ સેલ્ફ ડિફેન્સ શીખવાનો,
પોતાની જાતે જ પોતાના બ્રહ્મચર્યના ધર્મને બચાવવાનો.
જો સમયસર યોગ્ય નિવેડો લાવી નિર્ણય ના લેવાયો તો,
સમય આવશે રસ્તે રસ્તે એક અલ્તાફને ઊભેલો જોવાનો.

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંક ખાતામાં જમા કરશોજી.**

Name : **Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal.**

Banker : **Bank of India**

Bullion Exchange Branch : **Mumbai**

A/c. No. : **000810100006108**

IFCI Code : **BKID0000008**

80/G : AACTS 1446 GF 20214 dt. 28-05-21

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ નં. ૯૮૩૩૫૦૦૫૦૮ માં વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી.

# શ્રી સૌરાષ્ટ્ર વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ, મધ્ય ભારત ની નવી કાર્યકારીણી નું ચયન




રવિવાર તારીખ ૧૪/૦૪/૨૦૨૪ ના શ્રી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન મિત્ર મંડળ, મધ્ય ભારતની સર્વ સાધારણ સભાનું આયોજન નાગપુર મુકામે રજવાડા પેલેસ માં કરવામાં આવેલ હતી. સભા ની શરૂઆત નવકાર મહામંત્રના સ્મરણથી કરેલ.

સંસ્થા પ્રમુખ શ્રી રાજુભાઈ મહેતા, ઉપપ્રમુખ શ્રી શૈલેષભાઈ દોશી, મુરબ્બી શ્રી અશોકભાઈ ભાયાણી, પુર્વ અધ્યક્ષ શ્રી અશ્વિનભાઈ દોશી, સચિવ શ્રી અભયભાઈ સંઘવી, ખજાનચી શ્રી પરેશભાઈ મહેતા એ મંચની શોભા વધારી હતી. સમસ્ત મધ્ય ભારત ના ગામોગામ થી પધારેલ સભ્યો ની હાજરી માં સભા ની શરૂઆત કરવામાં આવેલ.



સર્વ પ્રથમ કારોબારી વર્ષ ૨૦૨૩-૨૪ નો વાર્ષીક અહેવાલ શ્રી પરેશભાઈ મહેતા એ સભા માં પ્રસ્તુત કર્યો હતો. તેને સર્વ સંમતિ થી મંજુરી આપવામાં આવેલ હતી. તેમજ સંસ્થા ના કાયદા તથા નોંધણી વિષયે ની માહિતી શ્રી પરેશભાઈ મહેતા એ આપેલ.

સભા માં નવી કાર્યકારીણી ની ચુંટણી કરવામાં આવેલ જેમા શ્રી સૌરાષ્ટ્ર વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ મધ્ય ભારતના જ્ઞાતિ પ્રમુખ તરીકે શ્રી ચંદ્રેશભાઈ કાન્તિલાલ માંડવીયા-વર્ધાનું નામ સર્વ સંમતી થી પાસ કરવામાં આવ્યું હતું.

સભા ને અલ્પવિરામ આપી સુંદર એવુ સુરુચિ ભોજન નો સ્વાદ બધા જ્ઞાતિ બંધુઓએ લિધેલ હતો. સુરુચિ ભોજન બાદ ફરિથી સભા ની શરૂઆત કરવામાં આવી હતી. સભા માં પ્રમુખ શ્રી રાજુભાઈ મહેતા એ નવી કાર્યકારિણીને શુભેચ્છા આપેલ તથા તેમનુ માર્ગદર્શન કાર્યકારિણી સભ્યો ને હમેશા આપતા રહેશે એવું આશ્વાસન પણ આપેલ ત્યાર બાદ સભા માં આવેલ જ્ઞાતિ બંધુઓએ પણ નવી કાર્યકારિણી સભ્યો નું સ્વાગત કરેલ.

શ્રી મિનેશભાઈ મહેતા એ આવતા સમય માં જ્ઞાતિ ના યુવક-યુવતીઓનું પરિચય સંમેલન તથા સ્નેહમિલન રાખવા બાબત વિચારણા કરવા પોતાના મનોગત વ્યક્ત કર્યા તથા કાયમી સ્વરૂપે ૧ વ્યક્તિ ઓફિસ બોય તરીકે રાખવા તથા એનો લાગતો ખર્ચ પોતાના તરફથી આપવાના મનોગત પણ વ્યક્ત કરેલ. શૈક્ષણિક તથા તબીબી સહાયતા આપવા માટે સંસ્થા જરૂરીયાતને મદદ રૂપ બને તેવા કાર્યો કરવા, આવા અનેક વિચારો જ્ઞાતિ સભ્યો એ નવી કાર્યકારિણી સમક્ષ રાખેલ.



નવ નિયુક્ત પ્રમુખ શ્રી ચંદ્રેશભાઈ માંડવીયા એ સર્વ જ્ઞાતિ બંધુનો આભાર માન્યો હતો તથા સર્વ પ્રથમ ડિજિટલ વસ્તી પત્રક કરવાનું બિડું પ્રમુખશ્રી એ લેવાનો નિર્ણય કરેલ તથા આવેલ સુઝાવો ઉપર તુરંત અમલ કરવાનું આશ્વાસન પણ આપેલ.

મંચ સંચાલન વર્તમાન સચિવ શ્રી અભયભાઈ સંઘવી એ કરેલ અને આભાર પ્રદર્શન નવનિયુક્ત સચિવ શ્રી ધર્મેન્દ્રભાઈ મહેતા એ વ્યક્ત કરેલ.

શ્રી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન મિત્ર મંડળ - મધ્ય ભારત ની નવી કાર્યકારિણી ની નિયુક્તિ વર્ષ ૨૦૨૪ ના એપ્રિલ માસમાં થઇ. કાર્યકારિણીના નેજા હેઠળ ના વિવિધ કાર્યક્રમોની યાદી નીચે જણાવેલ છે.

લગ્ન લાયક (ઇચ્છુક) પાત્રોની મધ્ય-ભારત પ્લેટફોર્મ ના માધ્યમથી આપેલ.

આ વિષય પર થોડા વિસ્તારથી કહું તો આજના સમય મા લોકો પાસે જ્ઞાન ઘણું છે. પણ ચોક્કસ માહિતી નો અભાવ વર્તાય રહ્યો છે તો એ ખાલી જગ્યાઓ ભરવાનું કાર્ય કરવાની કોશીષ મધ્ય-ભારત ની કમિટી કરી રહી છે.

આપણા દેશમાં શું ચાલી રહેલ છે તેની જાણકારી આપણાં દરેક પાસે છે પણ આપણું ભવિષ્ય આપણા બાળકો એ બોર્ડની પરીક્ષમાં મેળવેલ માર્ક્સ ની જાણકારી સમાજ સુધી પહોંચાડવા આ નવી આવેલ કાર્યકારિણી નિમિત્ત બની. આથી આપણાં બાળકોને પણ પ્રોત્સાહન મળી રહેશે.

શ્રી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન મહિલા મંડળ, મધ્ય-ભારત ની શરૂઆત કરી. આપણાં સમાજ ની બહેનો ના માધ્યમ થી પરીવારોને એક બીજા થી નજીક લાવવાનું ભગીરથ કાર્ય થયું.

તા.૦૬/૦૫/૨૦૨૪ ના દિવસે ડીજીટલ વસતીપત્રક ની લીંકનું નાગપુર મુકામે શ્રી અશોકભાઈ ભાયાણી ની ઓફિસમાં આપણાં સમાજ ના વડીલો અને મિત્રોની હાજરી મા વહેતી મુકવામાં આવી. આ લખાઇ રહ્યું છે ત્યારે મધ્ય-ભારતના ગામેગામ ના કાર્યકરોના સહકાર થી આટલું મોટું અને અતિ ઉપયોગી કાર્ય પૂર્ણતાને આરે છે.

આજ શ્રુંખલામા સમાજના પ્લેટફોર્મ પરથી આપણાં સમાજમાં વિવિધ પ્રકારની ઉપલબ્ધી માટે દર મહિને તે લોકોને બીરદાવવાની શરૂઆત કરવામાં આવી છે.

એસ વી મધ્ય ભારત વતી મધ્ય ભારતના સર્વે સેન્ટરો માટે એજ્યુકેશન તથા હેલ્થ કેયર ને લગતી મદદ આપવામાં સહાય રૂપ થવા માટે દરેક ગામ ના અધ્યક્ષ તથા મધ્ય ભારતના કારોબારી મેમ્બરોએ તેમના ગામના જરૂરતમંદ ની વ્યવસ્થિત તપાસ કરી અને તેમને જરૂરત પૂરતી મદદ કરી શકે આવા કાર્ય ઘણા સેંટરો માં લોકો નિઃસ્વાર્થ ભાવે સેવા આપે છે. હવે મધ્ય ભારત આવા જરૂરતમંદ ને સહાયરૂપ થવા પ્રયત્નશીલ રહેશે.

સમાજ ઉત્કર્ષ ના કાર્યોમા લોકો સ્વઇચ્છાએ જોડાઇ રહ્યા છે જે સરાહનીય છે. વધુ આવતા અંકે મળીશું અને કાર્યો અને વિચારોની આપ-લે કરીશું.

**શ્રી સૌરાષ્ટ્ર વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ, મધ્ય ભારત**

**કાર્યકારીણી કમિટી**

**પ્રમુખ :**

શ્રી ચંન્દ્રેશભાઈ કાંતિલાલ માંડવીયા-વર્ધા - મો. ૯૩૭૨૨૪૦૮૫૯

**ઉપપ્રમુખ :**

શ્રી કીર્તિભાઈ વોરા-નાગપુર - મો. ૯૩૭૦૯૭૧૯૨૨

શ્રી ચેતનભાઈ કોરડીયા-આકોલા - મો. ૯૪૨૧૮૩૧૬૩૦

શ્રી શૈલેષ નરભેરામ દોશી-રાયપુર-મો. ૯૬૬૯૦૬૩૦૦૦

**માનદ મંત્રી**

શ્રી ધમેન્દ્ર હરીલાલ મહેતા-વર્ધા - મો. ૯૮૨૨૫૬૩૧૫૩

**સહ-મંત્રી**

શ્રી ગિરીશ રસિકભાઈ દોશી-વર્ધા - મો.૯૮૨૨૬૦૦૫૫૯

શ્રી રાજેશભાઈ મહેતા-બૈતુલ - મો. ૭૦૦૦૩૬૦૫૩૮

શ્રી જયદીપ શાહ-અમરાવતી - મો. ૮૭૮૮૮૪૬૧૨

શ્રી પ્રિતેશભાઈ દોશી-શેગાંવ - મો. ૯૮૨૨૪૦૮૯૦૬

**ખજાનચી**

શ્રી નયન હરસુખલાલ વોરા-વર્ધા - મો. ૯૪૦૪૫૪૮૭૩૭

**જય જિનેન્દ્ર**

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ – મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪, જૂની હનુમાન ગલી,
પ્રાગજી વૃંદાવન પ્રીમાઈસીસ કો. ઓ. સોસાયટી લી., રૂમ નં. ૪૩, ૩જે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ફોન ૪૯૧૩૪૦૩૦

જુન માસના રાહત દરે અનાજ વિતરણ સહાય
માસિક તિથિ યોજનાના સહાયક દાતા



**સ્વ. મણીભાઈ દુર્લભજી ધોળકિયા**

જુન માસના આર્થિક સહાય
માસિક તિથિ યોજનાના સહાયક દાતા



**શ્રીમતી શારદાબેન મણીભાઈ ધોળકિયા**

**શ્રી મણીભાઈ દુર્લભજી ધોળકિયા પરિવાર તરફથી સ્વ. મણીભાઈની પુણ્ય તિથિ નિમિત્તે તા. ૯ જૂન ૨૦૨૪**

# સોરઠ સમાજનું ગૌરવ: હાર્દિક અભિનંદન

પાટણવાવ નિવાસી, હાલ ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ શ્રી વિકલ્પ પ્રકાશભાઈ જયંતભાઈ વસાના પુત્ર ચિ. યશ વિકલ્પ વસાએ, ICSE બોર્ડમાં, ટેન્થ સ્ટાન્ડર્ડમાં ૯૯.૨% મેળવી તેમના કુટુંબનું તથા શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ નું નામ રોશન કરેલ છે.



ચિ. યશ વિકલ્પ વસાએ, સેન્ટ ગ્રેગોરિયસ હાઈસ્કૂલ ચેમ્બુરથી અભ્યાસ કરી ઇંગલિશ, હિસ્ટરી સિવિક્સ એન્ડ જ્યોગ્રાફી, મેથ્સ, સાયન્સ, કોમ્પ્યુટર એપ્લિકેશન ૫૦૦ માંથી ૪૯૬ માર્ક્સ મેળવેલ છે.

ભણતર ઉપરાંત એક્સ્ટ્રા Curricular activities માં પણ ચિ. યશ, ખૂબ રુચિ ધરાવે છે. રમતગમતમાં ક્રિકેટ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, ફૂટબોલ, ચેસ જેવી તેની પ્રિય રમતો છે, અને રમવાનો પણ ખૂબ શોખ ધરાવે છે. ચિ. યશ, શરૂઆતથી જ સ્કૂલમાં ટોપર રહ્યો છે. આગળ જતા યશ કમ્પ્યુટર સાયન્સ માં પોતાની કેરિયર બનાવવા માંગી રહ્યો છે અને હાલમાં આઇઆઇટી ENTRANCE એક્ઝામ આપવાનું પ્લાનિંગ કરે છે. ચી યશ, રોજ સ્પોર્ટ્સ રમતો. સ્કૂલમાં તથા ક્લાસીસમાં લગભગ રોજનું હોમવર્ક રોજ કરતો અને જો કદાચ કંઈ બાકી રહી જાય તો શનિવાર તથા રવિવારમાં તે ક્લિયર કરી લેતો. એક્ઝામ વખતે પણ આગલા દિવસે રજા આવતી હોય તો સાંજના સ્પોર્ટ્સ એક્ટિવિટી જરૂર કરતો અને તેથી જ તેને એક્ઝામનું બર્ડન લાગ્યું નહીં.

ચિ. યશો મેળવેલ સફળતા માટે શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ- મુંબઈ ખૂબ જ આનંદ અને ગર્વ અનુભવે છે અને તે માટે સમાજના પ્રમુખ શ્રી કિરીટભાઈ પ્રભુદાસ મહેતા તેમજ સમાજના તમામ કારોબારી કમિટીના સભ્યો ચી. યશને હાર્દિક અભિનંદન તેમજ આગળના અભ્યાસ ક્રમ તેમ જ તેની કારકિર્દી માટે હાર્દિક શુભેછા પાઠવે છે.



**ચી. જૈનમ હર્ષિપભાઈ વોરા**
ધોરણ ૧૦ની પરીક્ષામાં ૯૭.૮૦ ટકા માર્કસે ઉર્તીણ થયેલ છે.



**ચી. પ્રીત સચિનભાઈ પારેખ**
એસ.એસ.સી. બોર્ડ પરીક્ષામાં ૯૬.૩૦ ટકા માર્કસે ઉર્તીણ થયેલ છે.



**ચી. તન્વી નવીનભાઈ કોરડીયા**
એસ.એસ.સી. બોર્ડ પરીક્ષામાં ૯૫ ટકા માર્કસે ઉર્તીણ થયેલ છે.



**ચી. દર્શીલ યોગેશભાઈ વોરા**
એસ.એસ.સી. બોર્ડ પરીક્ષામાં ૮૨.૨૦ ટકા માર્કસે ઉર્તીણ થયેલ છે.



**ચી. ઉર્મીશ હરીશભાઈ વોરા**
ધોરણ ૧૨ની પરીક્ષામાં ૯૦.૧૭ ટકા માર્કસે ઉર્તીણ થયેલ છે.



**ચી. સ્વરા રુહીલભાઈ સંઘવી**
ધોરણ ૧૨ની પરીક્ષામાં ૯૫.૧૭ ટકા માર્કસે ઉર્તીણ થયેલ છે.

## નવું સરનામું

**VINOD J. VASA**
Flat No.B-704, Narmada Enclave CHS. Ltd.
Simpoli Corss Road No.1, Near Dwarka Hotel,
Opp. Megha Hall, Borivali (W), Mumbai-400092.

**KIRTI RASIKLAL VASA**
101/ Guru Ashish, 1st Floor, Near Basant Park,
Opp. Police Station, R. C. Marg,
Chembur - 400 071. • Mob.: 98205 66301

# શ્રી સરદારગઢ નિવાસી પારેખ કુટુંબ – મુંબઈ
# ૪૧ મો કુટુંબ મેળો – અહેવાલ




શ્રી સરદારગઢ નિવાસી પારેખ પરિવાર છેલ્લા ૪૦ વર્ષથી કુટુંબ મેળાનું આયોજન કરતું આવ્યું છે. જે પારેખ પરિવારના સભ્યોના સંપ, સ્નેહ અને એકતાની ભાવના હોવાથી જ શક્ય બને છે.

આ વર્ષે ૪૧મો કુટુંબ મેળો હિન્દી વિદ્યા ભવન, મરીન લાઇન્સ, મુંબઈ ખાતે તારીખ ૨૬.૦૫.૨૦૨૪ ને રવિવારના રોજ રાખવામાં આવેલ હતો. આ કુટુંબ મેળાના યજમાન બનવાનો લાભ શ્રીમતી વાસંતીબેન અરવિંદભાઇ ખીમચંદ પારેખ પરિવારે લીધો હતો. આ મેળામાં કુટુંબની બહેનો/દીકરીઓને તથા જમાઇઓને પણ આમંત્રણ આવ્યું હતું.



આ મેળા નો સમય સવારે ૯.૩૦ કલાકનો રાખવામાં આવેલ હતો અને આવતાની સાથે જ ચા/કોફી તથા અલ્પાહારની સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ હતી અને આવનારનું સ્વાગત કરવામાં આવેલ હતું. ત્યારબાદ ૧૧ કલાક સુધી એક બીજાને હળવા-મળવામાં સમય પસાર કર્યો. કુટુંબી જનોની હાજરી થતાજ બરાબર ૧૧.૦૦ કલાકે સમારંભની શરૂઆતમાં શ્રી અજયભાઈએ માઇક સંભાળ્યુ. કુટુંબના ટ્રસ્ટીઓ તથા દાતા પરીવારના શ્રીમતી વાસંતીબેનને સ્ટેજ પર સ્થાન ગ્રહણ કરવા કહ્યું અને શ્રીમતી નીરૂબેન ગીરીશભાઈ પારેખના મુખે શ્રી નવકાર મહામંત્ર તથા મોટી શાંતિનું પઠન કરી આજના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. સૌ પ્રથમ ગત વર્ષ દરમ્યાન સ્વર્ગવાસ થનાર કુટુંબી જનોએ ૨ મીનીટ્સ મૌન પાડી શ્રદ્ધાંજલિ આપી અને ત્યાર બાદ સરદારગઢ ઉપાશ્રય માટે આવેલ ૧૨ દાતાશ્રીના નામની જાહેરાત કરવામાં આવી. પ્રોગ્રામને આગળ વધારતા સૌજન્ય દાતા શ્રી અરવિંદભાઇનું બહુમાન ટ્રસ્ટી શ્રી ગીરીશભાઈ તથા અન્ય ટ્રસ્ટીઓએ કર્યું તથા શ્રીમતી વાસંતીબેનનું બહુમાન સરોજબેન રસિકલાલ સંઘવીએ કર્યું દાતાશ્રી પરિવારના મહેમાનોનો પરિચય શ્રી અમિતભાઈએ કરાવ્યો અને દાતાશ્રી પરિવારના વેવાઇએ શ્રી અરવિંદભાઈ તથા વાસંતીબેનનું બહુમાન ફલાવર બુકે આપી કર્યું.



શ્રીમતી વાસંતીબેને વૃદ્ધોની વ્યથા માટેનું સુંદર કાવ્ય રજુ કર્યું. અત્રે ઉપસ્થિત બાળ કલાકાર હ્રીદંશ વિરલ પારેખ ઉમર વર્ષ ૯, કે જેને ૬૦ કરતા પણ વધારે ટીવી એડમાં તથા ૩ પિકચરમાં અને બે ટુંકી ફિલ્મમાં કામ કરેલ છે. તેને સ્ટેજ પર બોલાવી પરિચિત કર્યો અને શ્રીમતી વાસંતીબેનના હસ્તે તેનું બહુમાન કરવામાં આવ્યું. શ્રી અરવિંદભાઈના પરિવાર તરફથી તેમની દીકરી ભવ્યતિ, પુત્રવધુ મોનીલ તથા પૌત્રી રાસી હસ્તે દરેક ટ્રસ્ટીનું સુંદર મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું. તેમજ શ્રીમતી વનીતાબેન વસંતભાઈ મહેતાનું બહુમાન વાસંતીબેને કર્યું.



આવેલા દાતા પરિવારના મહેમાનોએ તથા કાર્યવાહક ટ્રસ્ટીઓ ગીરીશભાઈ, ચંદ્રકાંતભાઈ, અજયભાઈ, પરેશભાઈ, અશોકભાઈ વિરલભાઈ તેમજ અમિતભાઈ ભાવ્યતીબેન અરવિંદભાઈ, સરોજબેન, રસિકલાલ સંઘવી, ગુણીબેન વિપીનભાઈ શેઠ, અમિત વગેરે એ પ્રાસંગીત પ્રવચન આપી પારેખ કુટુંબને બિરદાવ્યું હતું આવેલા શ્રી જીતુભાઈ મેઘાણીએ શ્રી માંલાબપા વિશે વિગતવાર પરિચાર આપ્યો અને કાવ્યો પણ સંભળાવ્યા.

અંતમાં શ્રી પરેશભાઈએ આભાર વિધિ કરી દરેકનો આભાર માન્યો. અને બાદમાં મનગમતા ભોજનનો સ્વાદ માણી બપોરના ૨ કલાકે ઘર તરફ પ્રયાણ કર્યું.

**શ્રી સરદારગઢ નિવાસી પારેખ ટ્રસ્ટી ગણ**

ધીરેન્દ્ર ન્યાલચંદ પારેખ, પરેશ વનીચંદ પારેખ, ગીરીશ કાંતીલાલ પારેખ, ચંદ્રકાંત ન્યાલચંદ પારેખ, અજય કાંતીલાલ પારેખ, અશોક તારાચંદ પારેખ, વિરલ પ્રવિણચંદ્ર પારેખ

# સંસ્થા સમાચાર

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

**સમાજને ભેટ**

૧૦૦૮/- શ્રી મહેશભાઈ નટવરલાલ ઠક્કર તરફથી અ.સૌ.નયનાબેન મહેશભાઈ નટવરલાલ ઠક્કરના વર્ષીતપ ની તપસ્યા નિમિત્તે

૧૦૦૧/- શ્રી રમેશભાઈ વનમાલીદાસ ભણશાલીના સુપુત્ર કરણના લગ્ન નિમિત્તે

૫૦૦/- શ્રી ધીરજલાલ મણિલાલ મહેતા તરફથી તેમના જન્મ દિવસ નિમિત્તે

૫૦૧/- શ્રી વિનોદભાઈ નાથાલાલ શેઠ (મીરારોડ) તરફથી અ.સૌ. છાયાબેન વિનોદભાઈ શેઠના વર્ષીતપની તપસ્યા નિમિત્તે

૨૫૦/- ગીતાબેન નરેન્દ્રભાઈ દોશી તરફથી શ્રી નરેન્દ્રભાઈ ચંદુલાલ દોશીના આત્મશ્રેયાર્થે

૧૦૦૦/- શ્રી સમીરભાઈ નાગરદાસ ઓધવાણી તરફથી ચી.જીલના લગ્ન પ્રસંગે

૫૦૧/- જુનાગઠ નિવાસી હાલ બોરીવલી શેઠ શ્રી હસમુખભાઈ હિંમતલાલ સંઘવી તરફથી તેના પૌત્રી સ્વરા રુહીલ સંઘવીને ૧૨માં ધોરણ માં ૯૫.૧૭ ટકા નિમિત્તે ભેટ

**મુખપત્રને ભેટ**

૧૦૦૮/- શ્રી મહેશભાઈ નટવરલાલ ઠક્કર તરફથી અ.સૌ.નયનાબેન મહેશભાઈ નટવરલાલ ઠક્કરના વર્ષીતપ ની તપસ્યા નિમિત્તે

૧૦૦૧/- શ્રી રમેશભાઈ વનમાલીદાસ ભણશાલીના સુપુત્ર કરણના લગ્ન નિમિત્તે

૫૦૦/- શ્રી ધીરજલાલ મણિલાલ મહેતા તરફથી તેમના જન્મ દિવસ નિમિત્તે

૫૦૧/- શ્રી વિનોદભાઈ નાથાલાલ શેઠ (મીરારોડ) તરફથી અ.સૌ. છાયાબેન વિનોદભાઈ શેઠના વર્ષીતપની તપસ્યા નિમિત્તે

૨૫૦/- ગીતાબેન નરેન્દ્રભાઈ દોશી તરફથી શ્રી નરેન્દ્રભાઈ ચંદુલાલ દોશીના આત્મશ્રેયાર્થે

૧૦૦૦/- શ્રી સમીરભાઈ નાગરદાસ ઓધવાણી તરફથી ચી.જીલના લગ્ન પ્રસંગે

૫૦૧/- જુનાગઠ નિવાસી હાલ બોરીવલી શેઠ શ્રી હસમુખભાઈ હિંમતલાલ સંઘવી તરફથી તેના પૌત્રી ચી.સ્વરા રુહીલ સંઘવીને ૧૨માં ધોરણ માં ૯૫.૧૭ ટકા નિમિત્તે ભેટ

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ

**અનાજ વિતરણ ખાતે**

૧૦૦૦૦/- શ્રી વૈભવભાઈ વૃજલાલ દોશી તરફથી સ્વર્ગસ્થ વૃજલાલ મુલચંદ દોશીના આત્મશ્રેયાર્થે

# અવસાન નોંધ :

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મરણ**

■ રાણપુર ભેસાણ નિવાસી હાલ બોરીવલી સ્વ.શાંતિલાલ અંદરજી કોરડીયા ના ધર્મપત્ની ગ.સ્વ. ગુણીયાલબેન (ઉ.વ.૮૪) તેઓ હિમ્મતલાલ, હરસુખલાલ, કુસુમબેન ભોગીલાલ શાહ, કાંતાબેન જયંતીલાલ પારેખ (આકોલા) ના નાના ભાઈ ના પત્ની માખીયાળા નિવાસી ત્રિભોવનદાસ પરમાણંદદાસ ધોળકીયાના દિકરી ગુરૂવાર તારીખ.૨૩-૦૫-૨૦૨૪ ના રોજ રાત્રે ૭.૩૦ કલાકે અરિહંતશરણ પામેલ છે.

■ મોટીપાનેલી નિવાસી હાલ નાલાસોપારા પ્રમાદકુમાર કપૂરચંદ ભણસાલી ના ધર્મપત્ની સંગીતાબેન (ઉ.વ.૫૯) જે સંભવ તથા ધાર્મિક ના માતુશ્રી, જ્યોતિ/સુરેશ ના દેરાણી, શીલા/નીતિન ના જેઠાણી, ભૂમિ તથા ગુણીશ ના કાકી, જયશ્રી/દીપકકુમારના ભાભી. પિયર પક્ષે લીલાબેન અરવિંદભાઈ ગાંધી ન દિકરી. તેજસ, નીરવ, રચના, માલા ના બહેન તા.૨૦-૦૫-૩૦૩૪ ના રોજ અરિહંતશરણ પામેલ છે.

■ મોટીપાનેલી નિવાસી હાલ ઉમરગામ રોડ, સ્વ.મોહનલાલ પોપટલાલ મહેતાના સુપુત્ર શ્રી સુરેશભાઈ (ઉ.વ.૬૯) તે શોભના બહેન ના પતિ, તે ચી.મેઘા અમિત અગરવાલ તથા જીના ઋષભ મહેતાના પિતાશ્રી, શ્રી ચંદ્રકાન્ત (બટુકભાઈ), સ્વ.કીર્તિભાઈ, અ.સૌ. હંસાબેન દિનેશકુમાર મહેતા, અ.સૌ.ઇન્દુબેન નલિનકાંત શાહના નાના ભાઈ, દિવ્યેશ ના કાકા તથા રાજના દાદા અરિહંતશરણ પામેલ છે. (ચક્ષુદાન કરેલ છે.)

■ થાણાદેવડી નિવાસી હાલ પૂના, ગં.સ્વ. દિપ્તીબેન કિરણભાઈ શાહ ઉ.વ.૫૮ તા.૧૧-૬-૨૦૨૪ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.કાંતિલાલ હેમચંદ શાહના પુત્રવધુ, તેઓ તેજસ, તપન ના માતુશ્રી અ.સૌ.ભાવિકાના સાસુ, ચિ.પ્રેક્ષાના દાદી, ગં.સ્વ.ભાવનાબેન હસમુખ પારેખ (સરદારગઢ) ના દિકરી, ગં.સ્વ. નિમતાબેન જયેશભાઈ શાહ ના દેરાણી. અ.સૌ.મોનિકા પરેશ મહેતા, અ.સૌ.પૂર્વી અભય ગડકર અને અ.સૌ.પ્રેરણા હિરલ મહેતા ના બેન. **(દેહદાન કરેલ છે)**

■ જામકંડોરણા નિવાસી હાલ કલકત્તા મહેન્દ્ર શાંતિલાલ મહેતાના સુપુત્ર ઋષભ મહેન્દ્ર મહેતા ઉ.વ.૩૩ તા.૪/૦૬/૨૦૨૪ના મંગળવારે કલકત્તા નગરે અરિહંત શરણ પામેલ છે. તે પુષ્પા બેન ના સુપુત્ર, તેજલબેનના ભાઇ તથા વિનયભાઈ, શરદભાઈ, નીતિનભાઈ (ભાયંદર-મુંબઈ) અને ભારતીબેન ચંદુલાલ શેઠ (કલકત્તા) ના ભત્રીજા.

■ વાંકુના ખારચીયા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. સમજુબેન હીરાલાલ મહેતાના સુપુત્ર પિયુષ હીરાલાલ મહેતા (ઉંમર વર્ષ ૭૫) તે મધુબેનના પતિ, કૌશલ-ભાવિની, વિશાલ-શિલ્પા, સપના જતીનકુમાર વઢવાણાના પિતા, સ્વ. પુષ્પભાઈ, અરુણાબેન નિશિત વોરા, સ્વ.અશોક ભાઈ, સોનાબેન પ્રદીપ શાહ, સ્વ. માણેકબેન તથા મનોજના મોટા ભાઈ, સ્વ. કાન્જી જુઠા વોરાના જમાઈ, વેદાંત,જયના દાદા, મિષા, ઝિયાના નાનાં તા. ૧૧/૦૬/૨૦૨૪, વૈશાખ સુદ પાંચમ મંગળવાર ના રોજ અરિહંત શરણ પામેલ છે.

# Niket Bharat Thakkar



## Personal Details

**DOB:** 10/07/1995

**Birth Time:** 11:00 PM

**Birth Place:** Ghatkopar East (Mumbai)

**Height:** 5'8"

**Native Place:** Junagadh

**Religion:** Shree Sorath Vishashrimali Jain (Deravasi)

**Preference:** Jain Diet

**Education:**
- Completed Master's Finance, New York City, USA
- Chartered Accountant
- B.Com - R.A. Podar College

**Occupation:** Senior Manager (Investment Banking-Debt) at BOBCAPS Ltd, BKC - Mumbai

## Family Details

**Grand Father:** Late Shri Chimanlal Otamchand Thakkar

**Father:** Bharat Chimanlal Thakkar

**Occupation:** Tax & Finance Consultant

**Mother:** Jyoti Bharat Thakkar

**Elder Brother:** Chirag Bharat Thakkar

**Occupation:** Engineer, California, USA

**Sister in Law:** Mitali Chirag Thakkar
D/o Nilesh Gosrani
Caste: Hallari Visa Oswal Jain
Native Place: Jamnagr
At Preset Vapi

**Nana:** Late Shri Dhirajlal Kapoorchand Shah
Native Place: Amba
At Present Ghatkopar

## CONTACT

702-B wing,
Shubham Lavista,
Bldg No. 176, Pantnagar,
Ghatkopar (E),
Mumbia-400075

9820147396

caniket.thakkar@gmail.com

PUBLISHED ON 20TH OF EVERY MONTH • RNI - 22805 / 1973 • SORATH VISASHRIMALI (Guj. Monthly)
• POSTING UNDER THE REGISTRATION NO. MCS / 140 / 2024-2026 • POSTED AT MALAD WEST SO (ND)
MUMBAI - 400064. ON the 24TH & 25ST OF EVERY MONTH

# સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટ

## તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય

બ્લોક નં.૭, ૨જે માળે, દેવકરણ મેન્સન, વીઠ્ઠલદાસ રોડ, મુંબઈ – ૪૦૦૦૦૨.
(Registered Under the Bombay Public Trust Act.1950 - E - 008474(Mum))
CSR Reg. No. - CSR 00055317 - PAN No. AAATS2942P - 80G Reg. No. AAATS2942P2021401

# આરોગ્ય આર્થિક સહાય યોજના

- શ્રી સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ મુંબઈની સ્થાપના ૩–૧૦–૧૯૭૦ના રોજ થઈ હતી અને આજે ૩–૧૦–૨૦૨૩ના રોજ ૫૪માં વર્ષમાં પ્રવેશી રહ્યો છે.
- ૫૪માં વર્ષની સ્થાપનાની ઉજવણીના ભાગરૂપે સમાજ તેના સભ્યો માટે આરોગ્ય આર્થિક સહાય યોજના લાવી રહ્યું છે જેની વિગત નીચે મુજબ છે.

**Bank Details : Sorath Visa Shrimali Jain Samaj Trust**
Union Bank of India, Princess Street, Mumbai - 400002. S/B A/c No. 319102010054364 IFSC : UBIN0531910
NO CASH WILL BE ACCEPTED

ઉદ્દેશ : હોસ્પિટલના થતા અધિક ખર્ચમાં રાહત આપવાનો મુખ્ય હેતુ. સ્વપ્નદ્રષ્ટા એવા આપણા સમાજના પ્રમુખશ્રી તથા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ મહેતા તથા કમિટીના સભ્યો અને ટ્રસ્ટીગણ આ યોજનામાં દાતાઓ તથા સભ્યોના અપ્રતિમ સહકારની અપેક્ષા રાખે છે.

પેમેન્ટ ફેસીલીટી :
ખાસનોંધ – પ્લેટિનમ, ડાયમંડ અને ગોલ્ડ દાતાઓ દાનની રકમ બે ભાગમાં આપીને (૮૦જી) નો લાભ લઈ શકશે.

## આ યોજનામાં નીચે મુજબના દાતાઓ રહેશે.

### ૧. પ્લેટિનમ દાતાઓ
(મુખપત્રમાં દર વર્ષે પરિવારનો રંગીન ફોટો ફૂલ પેજ છાપવામાં આવશે)
૨૦૫૦ સુધી ડોનરના નામે સ્કીમનું નામ આપવામાં આવશે.
**૫૪,૦૦,૦૦૦/–**

### ૨. ડાયમંડ દાતાઓ
(મુખપત્રમાં દર વર્ષે બે મોટા રંગીન ફોટા છાપવામાં આવશે)
**૫,૪૦,૦૦૦/–**

### ૩. ગોલ્ડ દાતાઓ
(મુખપત્રમાં દર વર્ષે એક પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો છાપવામાં આવશે)
**૫૪,૦૦૦/–**

### ૪. સિલ્વર દાતાઓ
(મુખપત્રમાં એક વર્ષ એક પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો છાપવામાં આવશે)
**૫,૪૦૦/–**

**વધુ માહિતી માટે સંપર્ક કરી શકો છો:**

**Fund Raising Committee**
(૧) કીરીટભાઈ પી. મહેતા
(૨) ભરતભાઈ એન. મહેતા
(૩) પ્રેમલભાઈ એલ. મહેતા
(૪) પંકજભાઈ કે. વોરા
(૫) આશિષભાઈ વી. મહેતા
(૬) પરીમલભાઈ એમ. ભીમાણી

**Executive Committee**
(૧) કીરીટભાઈ પી. મહેતા
(૨) ધીરેનભાઈ ડી. વસા
(૩) યોગેશભાઈ વી. વોરા
(૪) કીશોરભાઈ એલ. રામાણી
(૫) જયેશભાઈ સી. વસા
(૬) પી.સી.વોરા

Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR